# રાજકોટ મિરર

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 253 Dt. 29-03-2025 Page : 08 Price : Rs 3








Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


# ભૂકંપથી મ્યાનમાર-થાઈલેન્ડ હચમચ્યું

## ૭.૭ ની તીવ્રતાના ભૂકંપમાં ૧૪૪થી વધુ લોકોના ગયા જીવ : ૭૦૦થી વધુ ઘાયલ



નવીદિલ્હી, તા. ૨૮

આજે ભૂકંપના આંચકાથી મ્યાનમાર અને થાઈલેન્ડ સહિત પાંચ દેશો હચમચી ગયા. મ્યાનમારમાં આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૭ માપવામાં આવી હતી. મ્યાનમારમાં ભૂકંપને કારણે ૧૪૪થી વધુ લોકોના મોત થયાના અહેવાલ છે. મ્યાનમારના મંડલેમાં ૨૦ લોકોનાં મોત થયાં, જ્યારે તાઉંગૂમાં ૫ લોકોનાં મોત થયાં. જ્યારે ઘણા લોકો ઘાયલ થયા છે. ભૂકંપ પછીના આંચકાઓને કારણે પણ ગભરાટ ફેલાયો છે. ઘણા વિસ્તારોમાં બચાવ કામગીરી ચાલી રહી છે. તે જ સમયે, થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં ભૂકંપ પછી, નિર્માણાધીન 30 માળની ઈમારત ધરાશાયી થતાં 3 કામદારોના મોત થયા હતા અને ૮૧ લોકો કાટમાળમાં ફસાયા હતા. થાઈલેન્ડના નાયબ વડા પ્રધાન કુમથમ વેચાયચાઈએ માહિતી આપી હતી કે મ્યાનમારમાં ૭.૭ ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપને કારણે આ અકસ્માત થયો હતો. રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને ફસાયેલા લોકોને બહાર કાઢવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ મ્યાનમારમાં હતું, પરંતુ તેની અસર બેંગકોક સહિત ઘણા વિસ્તારોમાં અનુભવાઈ હતી. અધિકારીઓએ આશંકા વ્યક્ત કરી છે કે અકસ્માતમાં મૃતકોની સંખ્યા વધી શકે છે અને બચાવ કામગીરી વધુ તીવ્ર બનાવી દેવામાં આવી છે.

થાઈલેન્ડમાં આવેલા શક્તિશાળી ભૂકંપ બાદ, બેંગકોકમાં ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકો માટે એક ઈમરજન્સી નંબર જારી કર્યો છે. ભારતીય દૂતાવાસે કહ્યું કે અમે થાઈ અધિકારીઓ સાથે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ, અત્યાર સુધી કોઈપણ ભારતીય નાગરિકના જાનહાનિના કોઈ અહેવાલ નથી. બેંગકોકમાં ભારતીય દૂતાવાસ અને ચિયાંગ માઈમાં કોન્સ્યુલેટ જનરલના બધા સભ્યો સુરક્ષિત છે. ભારતીય નાગરિકોને સતર્ક રહેવા અને જરૂર પડ્યે દૂતાવાસનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે શુક્રવારે મ્યાનમારમાં ૭.૭ અને ૬.૪ ની તીવ્રતાના બે ભૂકંપ આવ્યા હતા. બીજી તરફ, થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં પણ જોરદાર ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેના કારણે એક બહુમાળી ઈમારત ધરાશાયી થઈ હતી અને સરકારે કટોકટી જાહેર કરવી પડી હતી. મેટ્રો અને રેલ સેવાઓ બંધ કરવી પડી. મ્યાનમારમાં આવેલા આ પ્રચંડ ભૂકંપના આંચકા મેઘાલય અને ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં પણ અનુભવાયા હતા. આ ઉપરાંત બાંગ્લાદેશ અને ચીનના યુનાન પ્રાંતમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. બેંગકોકમાં આવેલા ભૂકંપને કારણે નિર્માણાધીન 30 માળની ઈમારત ધરાશાયી થઈ ગઈ, જેમાં ત્રણ કામદારોના મોત થયા અને ઘણા લોકો કાટમાળ નીચે ફસાઈ ગયા. રાહત અને બચાવ કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે. થાઈ સરકારે કટોકટીની સ્થિતિ જાહેર કરી છે અને મેટ્રો, રેલ્વે અને હવાઈ સેવાઓ અસ્થાયી રૂપે બંધ કરી દીધી છે. મ્યાનમારના મંડાલયમાં ૯૦ વર્ષ જૂનો ઐતિહાસિક 'અવા બ્રિજ' ઈરાવદી નદીમાં તૂટી પડ્યો. આ ઉપરાંત, એક મસ્જિદનો ભાગ ધરાશાયી થતાં ત્રણ લોકોના મોત થયા હતા. નાયપીડો સહિત ઘણા શહેરોમાં રસ્તાઓ અને ઈમારતોમાં તિરાડો પડી ગઈ હતી. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા ચિત્રોમાં ધરાશાયી થયેલી ઈમારતો, રસ્તા પર વિખરાયેલ કાટમાળ અને લોકો ગભરાયેલા દેખાય છે.

# કાઠમંડુમાં સ્થિતિ વણસી: રાજાશાહી સમર્થકોનો હલ્લાબોલ

## પ્રચંડની રાજાશાહીઓને ચેતવણી, નેપાળી લોકોની ઉદારતાને નબળાઈ ન સમજો



નવીદિલ્હી, તા. ૨૮

શુક્રવારે નેપાળના કાઠમંડુમાં રાજાશાહી સમર્થકોએ એક ઘરને આગ લગાવી દીધી. તેઓએ સુરક્ષા બેરિકેડ્સ તોડવાનો પણ પ્રયાસ કર્યો, જેના પગલે નેપાળ પોલીસે સમર્થકોને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા અને પાણીની તોપનો પણ ઉપયોગ કર્યો. દરમિયાન, સીપીએન-માઓવાદી સેન્ટરના નેતા પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' એ રાજાશાહી શક્તિઓને ચેતવણી આપી. તેમણે કહ્યું કે તેમણે નેપાળી લોકો અને રાજકીય પક્ષોના ઉદાર વલણને નબળાઈ ન માનવી જોઈએ. તેમણે ભૂતપૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહને તેમની ભૂતકાળની ભૂલોનું પુનરાવર્તન ન કરવાની સલાહ પણ આપી. શુક્રવારે ટિંકુને વિસ્તારમાં વિરોધ પ્રદર્શન દરમિયાન પરિસ્થિતિ કાબુ બહાર થઈ ગઈ જ્યારે પ્રદર્શનકારીઓએ એક ઘરને આગ ચાંપી દીધી અને સુરક્ષા બેરિકેડ તોડવાનો પ્રયાસ કર્યો. પ્રદર્શનકારીઓ નેપાળનો રાષ્ટ્રધ્વજ અને પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહના ચિત્રો લઈને આવ્યા હતા. તેમણે ''ભ્રષ્ટ સરકાર મુલતવી રાખો'' અને ''અમને રાજાશાહી પાછી જોઈએ છે'' જેવા નારા લગાવ્યા અને પોલીસ સાથે અથડામણ થઈ, જેમણે પછી ટોળાને કાબૂમાં લેવા માટે હવામાં ગોળીબાર કર્યો. એક પ્રત્યક્ષદર્શીના જણાવ્યા અનુસાર, આ અથડામણમાં એક વ્યક્તિ ઘાયલ થયો છે. કાઠમંડુમાં રાજાશાહી સમર્થકો અને વિરોધીઓ દ્વારા અલગ અલગ દેખાવો થયા. અથડામણ ટાળવા માટે સેંકડો રમખાણ પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. આ સમય દરમિયાન, વિરોધીઓએ પ્રતિબંધિત વિસ્તાર ન્યૂ બાણેશ્વર તરફ આગળ વધવાનો પ્રયાસ કર્યો. જોકે, પોલીસે પ્રતિબંધોનું ઉલ્લંઘન કરવા બદલ ઘણા યુવાનોની અટકાયત કરી હતી. રાજાશાહી તરફી રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટી અને અન્ય લોકો પણ વિરોધ પ્રદર્શનમાં જોડાયા. નેપાળના રાજકીય પક્ષોએ ૨૦૦૮ માં સંસદીય ઘોષણા દ્વારા ૨૪૦ વર્ષ જૂની રાજાશાહીનો અંત લાવ્યો અને હિન્દુ રાજ્યને ધર્મનિરપેક્ષ, સંઘીય, લોકશાહી પ્રજાસત્તાકમાં પરિવર્તિત કર્યું. ત્યારથી રાજાશાહી સમર્થકો રાજાશાહીની પુનઃસ્થાપનાની માંગ કરી રહ્યા છે. ભૂતપૂર્વ રાજા જ્ઞાનેન્દ્રએ લોકશાહી દિવસ (૧૯ ફેબ્રુઆરી) પર એક વીડિયો સંદેશમાં પોતાના સમર્થન માટે અપીલ કરી હતી.









## ડિફેન્સ ક્ષેત્રની સૌથી મોટી ડીલ

# સંરક્ષણ વિભાગ ૧૫૬ મેડ ઈન ઈન્ડિયા પ્રચંડ હેલિકોપ્ટર ખરીદશે

## કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટીની બેઠકમાં નિર્ણય : ૨.૦૯ લાખ કરોડથી વધુના કરાર પર હસ્તાક્ષર

નવીદિલ્હી, તા. ૨૮

ભારતે ૧૫૬ મેડ ઇન ઇન્ડિયા પ્રચંડ હેલિકોપ્ટર ખરીદવાનો નિર્ણય લીધો છે. આ લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (LCH) છે. એક સંરક્ષણ અધિકારીને ટાંકીને એક અહેવાલમાં જણાવાયું છે કે આ કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરાયેલો અત્યાર સુધીનો સૌથી મોટો સંરક્ષણ સોદો છે. આજે યોજાયેલી કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી (CCS) ની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો. સંરક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે, સંરક્ષણ મંત્રાલયે આ નાણાકીય વર્ષમાં ૨.૦૯ લાખ કરોડ રૂપિયાથી વધુના કરારો પર હસ્તાક્ષર કર્યા છે. આ ખરીદીથી સંરક્ષણ ક્ષેત્રમાં ભારતની આત્મનિર્ભરતામાં વધારો થશે જ, પરંતુ શસ્ત્રોના સ્વદેશીકરણને પણ પ્રોત્સાહન મળશે. તમને જણાવી દઈએ કે HAL એ અત્યાર સુધીમાં ૧૫ પ્રચંડ હેલિકોપ્ટર બનાવ્યા છે, જેમાં ભારતીય વાયુસેના માટે દસ અને સેના માટે પાંચ LCH પ્રચંડ હેલિકોપ્ટરનો સમાવેશ થાય છે.

એલસીએચ પ્રચંડ બે લોકો બેસી શકે છે. તે ૫૧.૧૦ ફૂટ લાંબો અને ૧૫.૫ ફૂટ ઊંચો છે. તમામ લશ્કરી સાધનો સાથે તેનું વજન ૫૮૦૦ કિલો છે. તેના પર ૭૦૦ કિલો વજનના શસ્ત્રો સ્થાપિત કરી શકાય છે. મહત્તમ ઝડપ ૨૬૮ કિમી પ્રતિ કલાક છે. પ્રચંડની મારક ક્ષમતા ૫૫૦ કિમી છે. તે સતત ૩ કલાક અને ૧૦ મિનિટ સુધી ઉડી શકે છે. તે ૧૬,૪૦૦ ફૂટની ઊંચાઈએ વજન સાથે પણ ઉડાન ભરી શકે છે. આ ઉપરાંત, પ્રચંડ ૨૦ મીમી તોપથી પણ સજ્જ છે. સંરક્ષણ નિષ્ણાત અને નિવૃત્ત આર્મી ઓફિસર વત્સ રોહિત કહે છે કે LCH પ્રચંડના મુખ્ય હરીફો, યુએસ અપાચે અને અઈ-૧ણ વાઈપર જેવા પરંપરાગત ખેલાડીઓ, નિઃશંકપણે શક્તિશાળી છે, પરંતુ અપાચે (૩૦ મિલિયનથી વધુ) અને AH-1Z વાઈપર (૨૦ મિલિયનથી વધુ) ની ઊંચી કિંમત, તેમજ યુએસ વિદેશ નીતિને કારણે લાદવામાં આવેલા નિકાસ પ્રતિબંધોને કારણે તેમને મેળવવા સરળ નથી. બીજી તરફ, યુરોકોપ્ટર ટાઈગર, જેને અપાચેના હરીફ તરીકે જોવામાં આવે છે, તેની કિંમત ૪૦ મિલિયન ડોલરથી વધુ છે, જેના કારણે દરેક દેશ તેને ખરીદી શકતો નથી. ફ્રાન્સ અને સ્પેન યુરોકોપ્ટર ટાઈગરના અપગ્રેડ પર વિચાર કરી રહ્યા છે.

પોલીસ સતત કડક કાર્યવાહી કરી જેલભેગા કરે છે છતાં હવસખોરો, વિકૃતીયાઓ અટકતા જ નથી

# પંદર વર્ષની બાળાને પાનની દૂકાનમાં ખેંચી ઢગાનો બળાત્કાર

## પિસ્તાલીસ વર્ષના પાનવાળાને પોલીસે પકડી ખોખરો કર્યો: બીજી ઘટનામાં પરિણીતાને ધમકાવી બળજબરી ત્રીજી ઘટનામાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી અપહરણ કરી દેહ પીંખાયો: આરોપીને ઝડપી લેવાયો



રાજકોટ: દૂષ્કર્મ પજવણીની ઘટનાઓ અટકતી જ નથી. રોજબરોજ કોઈને કોઇ ગામ કે શહેરમાં આવી ઘટનાઓ બનતી રહે છે અને પોલીસ એફઆઈઆર દાખલ કરી હવસખોરોને પકડી જેલભેગા કરતી રહે છે. કડક કાર્યવાહી થઇ રહી હોવા છતાં હવસખોરો અટકતાં નથી કે ડરતા નથી. વધુ ત્રણ આવી ઘટના સામે આવી છે. જેમાં પંદર વર્ષની બાળાને પિસ્તાલીવ વર્ષના ઢગાએ હવસખોરીનો શિકાર બનાવી લીધી હતી. આ વિકૃત શખ્સે બાળાને ભરબપોરે ચીજવસ્તુ લેવા પોતાના પાનના ગલ્લે આવેલી બાળાને અંદર ખેંચી લઇ બળાત્કાર ગુજારી લીધો હતો. પોલીસે તેની પકડી લઇ હવસખોરી ઉતારી હતી. બીજી ઘટનામાં એક મહિલાને તેના પતિને મારી નાખવાની ધમકી આપી બળાત્કાર ગુજારાયો હતો. ત્રીજી ઘટનામાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી તેની સાથે બળજબરી આચરી લેવાઇ હતી. વિધર્મી શખ્સને પોલીસે દબોચી જેલભેગો કર્યો હતો.

દૂષ્કર્મની પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવ સુરતના પાલ વિસ્તારમાં બન્યો છે. અહિ એક પિસ્તાલીસ વર્ષીય હવસખોર ઢગાએ પંદર વર્ષની કિશોરી પર બળાત્કાર ગુજાર્યાનો ચકચારભર્યો બનાવ સામે આવ્યો છે. પોલીસ ફરિયાદના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી અને જેલમાં ધકેલી દીધો છે. પાલનપુર પાટિયા નજીક સંત તુકારામ સોસાયટીમાં રહેતો રામકેશ -જાપતિ પાલ સુડા આવાસ પાસે પાનનો ગલ્લો ચલાવે છે. તેની દુકાનમાં પાન-મસાલા ઉપરાંત અન્ય ચીજવસ્તુઓ પણ વેચવામાં આવતી હતી. આશરે પંદર વર્ષીય કિશોરી પાનના ગલ્લા પર ચીજવસ્તુ લેવા ગઈ હતી. ત્યારે બપોરના સમયે આસપાસ કોઈ ન હોવાનો લાભ ઉઠાવી, રામકેશે કિશોરીને પાનના ગલ્લામાં ખેંચી જઈ તેની સાથે અડપલાં કર્યા અને બળાત્કાર ગુજાર્યો હતો. આ ઘટનાથી કિશોરી ભારે ગભરાઈ ગઈ હતી અને ઘરમાં શાંત રહેવા લાગી હતી.

દિકરીનું વર્તન ફરી જતાં અને તેણી ગુમસુમ રહેવા માંડતા માતાએ શંકા જતા તેણે તેણીને ફોસલાવીને પૂછપરછ કરી તો આ આખી હકીકત બહાર આવી હતી. પાલ પોલીસમાં ફરિયાદ નોંધાતા, પોલીસે તરત જ પોસ્કો અને બળાત્કારની કલમ હેઠળ ગુનો નોંધ્યો અને રામકેશ પ્રજાપતિની ધરપકડ કરી જેલમાં મોકલી આપ્યો હતો. આમ વધુ એક બાળા વિકૃત હવસખોરનો શિકાર બની ગઇ હતી.

બીજી ઘટનામાં ભાવનગરના બોટાદ પંથકની મહિલાને તેના પતિને મારી નાખવાની ધમકી આપી મહિલા સાથે અવારનવાર દુષ્કર્મ આચર્યાની ફરિયાદ ઉમરાળા પોલીસ મથકમાં નોંધાઈ છે. બોટાદ પંથકની એક મહિલાને તેના પતિને મારી નાખવાની ધમકી આપી આજથી સાતેક માસ અગાઉ રંઘોળા ચોકડી પાસે આવેલી એક હોટલમાં અવારનવાર ભરત મનજીભાઈ લંગાળીયા નામના શખ્સે અવારનવાર બળજબરીથી શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. જે અંગે મહિલાએ ઉમરાળા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવતાં પોલીસે તપાસ શરૂ કરી હતી.

ત્રીજી ઘટનામાં ભરૂચના જંબુસરમાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી તેની સાથે દુષ્કર્મ આચરી લેવાયુ હતું. આ કિસ્સામાં પોલીસે તત્કાળ કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જંબુસર તાલુકાની એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી ફરહાન નામનો યુવાન ભગાડી ગયો હતો. બનાવની ફરિયાદ જંબુસર પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસ ઈન્સ્પેકટર એ વી પણામિયાએ ગણતરીના સમયમાં આરોપીને ઝડપી પાડી લોકઅપ ભેગો કરી દીધો હતો. આરોપી ફરહાન યુસુફ મલેક સામે સગીરાના અપહરણ અને દુષ્કર્મની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી ફરહાન નામનો યુવાન ભગાડી ગયો હતો.મામલાની ગંભીરતા પારખી પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરી અપહરણકાર ફરહાનની ધરપકડ સાથે ભોગ બનનાર સગીરાને પરત લાવી તબીબી તપાસ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી અને સગીરાને કયાં લઈ ગયો હતો, બંને કયાં રોકાયા હતા ની વિગતો પોલીસ મેળવી રહી છે. આમ વધુ ત્રણ દૂષ્કર્મની ઘટના સામે આવતાં પોલીસે કાર્યવાહી કરી હતી. લેભાગુઓથી ચેતતા રહેવાનો હાલમાં સમય છે.

# સેન્ટ્રલ ઝોનમાં ગેરકાયદે દબાણ ઉપર ફર્યું બુલડોઝર

## ૪૦ લાખથી વધુ કિંમતની સરકારી જગ્યા પરથી દબાણ દૂર: આગામી દિવસોમાં પણ ઝુંબેશ રહેશે યથાવત





રાજકોટ, તા. ૨૮

રાજ્ય સરકારના આદેશથી હાલ સમગ્ર રાજ્યમાં ગેરકાયદે બાંધકામો જે સરકારી જગ્યા પર ખડકી દેવામાં આવ્યા હોય તેના પર બુલડોઝર ફેરવવામાં આવી રહ્યું છે ત્યારે રાજકોટ શહેર અને જિલ્લામાં પણ આ ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે ત્યારે ગઈકાલે રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર બે અને વોર્ડ નંબર ત્રણમાં અનઅધિકૃત બાંધકામ દૂર કરવા માટે ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સેન્ટ્રલ ઝોન માં આવેલ વોર્ડ નંબર ૨ માં ટીપી સ્કીમ નંબર ૯ સિનર્જી હોસ્પિટલ પાસે ટીપી રિઝર્વેશન પ્લોટ માં પાર્કિંગ હેતુ અને સેલ ફોર કોમર્શિયલ હેઠળ જે મંજૂરી મળી હતી તે જગ્યા પર કાચા ઝુંપડા ઊભા કરવામાં આવ્યા હતા અને ૫૦ ચોરસ મીટર જગ્યા દબાણગ્રસ્ત થયેલ હોવાથી તેના પર બુલડોઝર ફેરવી ૪૦ લાખ રૂપિયાની જગ્યા ખુલી કરવામાં આવી. બીજી તરફ વોર્ડ નંબર ત્રણમાં માધાપર ચોકડી પાસે આવેલા ધ સ્પેસ બિલ્ડીંગ પાછળ જે ગેરકાયદે બાંધકામ ઊભું કરવામાં આવ્યું હતું તેને પણ દૂર કરવામાં આવ્યું છે સાથોસાથ કંપાઉન્ડવોલ ઉપર પણ બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. કારણકે ધ સ્પેસ બિલ્ડીંગ પાછળ ૧૮ મીટર નો જે રોડ આવેલો છે તેના પર બે વાણિજ્ય હેતુ અને ઔદ્યોગિક હેતુ માટે ક્યાંક દબાણો ઊભા થયા હોવાનું માલુમ પડતા જ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ કામગીરીમાં ટાઉન પ્લાનીંગ શાખાના સેન્ટ્રલ ઝોનનો તમામ સ્ટાફ તેમજ દબાણહટાવ શાખા, બાંધકામ શાખા સ્ટાફ તથા રોશની શાખા નો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ તથા આ કામગીરી દરમ્યાન સ્થાનિકે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિજિલન્સ શાખાનો સ્ટાફ પણ સ્થળ પર હાજર રહેલ.સ્થાનિક પ્રસાશનને આ અંગે જે સૂચનાઓ મળી છે તે મુજબ નાયબ મ્યુનિસિપલ કમિશનર એચ આર પટેલના આદેશ મુજબ એડિશનલ સીટી એન્જિનિયર અતુલ રાવલના માર્ગદર્શન હેઠળ ટાઉન પ્લાનિંગ શાખા સેન્ટ્રલ ઝોન દ્વારા ગઈકાલે મહાનગરપાલિકાના વોર્ડ નંબર બે તથા ત્રણમાં અન અધિકૃત બાંધકામ દૂર કરવા માટે ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આગામી દિવસોમાં પણ રાજકોટ શહેરના અનેક વોર્ડમાં ગેરકાયદે દબાણો ખડકી દેવામાં આવ્યા હોય તેવું જાણવા મળ્યું છે અને તે મુજબ જ હાલ સમગ્ર કામગીરીને ધ્યાને લઈને એક ચોક્કસ રોડ મેપ તૈયાર કરવામાં આવ્યો છે આ માટે જે તે વખતે તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈ દ્વારા તમામ ત્રણ ઝોનના સીટી એન્જિનિયરોને આ અંગેની વિશેષ ફરજ સોંપી હતી. જે બાદ હાલ ડિમોલિશનની કામગીરી યથાવત રીતે ચાલી રહી છે હવે જોવાનું એ રહ્યું કે આગામી દિવસોમાં કઈ રીતે હવે ડિમોલિશન હાથ ધરવામાં આવે છે કારણ કે ઘણા ખરા વિસ્તારોમાં ૨૬૦ બે ની નોટિસ પણ આપી દેવામાં આવી છે છતાં પણ જે કામગીરી થવી જોઈએ તે થતી નથી હાલ આ અંગે એક નહીં અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે હવે જોવાનું એ રહ્યું કે આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકા કઈ રીતે પગલા લે છે કારણ કે ઘણા ખરા અંશે જે પ્રશ્નો ઊભા થયા છે તેનું નિવારણ લાવવું ખૂબ જરૂરી અને આવશ્યક છે.

# દક્ષિણ કોરિયામાં આયોજિત ક્લાઈમેટ સમિટમાં સહભાગી થશે રાજકોટ મેયર

## આજની સ્ટેન્ડિંગ કમિટીમાં મૂકવામાં આવી દરખાસ્ત જે મંજૂર થયા બાદ રાજ્ય સરકારમાં મંજૂરી અર્થે મોકલાશે : ૧૩ થી ૧૭ એપ્રિલના રોજ યોજાશે આ વિશેષ સમિટ

રાજકોટ, તા. ૨૮

રાજકોટ મહાનગરપાલિકા અને ઇકલી સંયુક્ત રીતે ક્લાઈમેટ ચેન્જ માટે કામ કરી રહ્યું છે ત્યારે ૧૩ થી ૧૭ એપ્રિલના રોજ દક્ષિણ કોરિયા ખાતે વર્લ્ડ લોકલ ગવર્મેન્ટ ક્લાઈમેટ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢળિયા આ ખાસ સમિટમાં ભાગ લેવા દક્ષિણ કોરિયાની મુલાકાતે જશે પરંતુ હાલ જે જાહેરનામું પ્રસિદ્ધ થયું છે તેને ધ્યાને લઈ આ અંગે આજની સ્ટેન્ડિંગ બેઠકમાં વિશેષ દરખાસ્ત કરવામાં આવી છે અને તેને રાજ્ય સરકારમાં મોકલવામાં આવશે ત્યારબાદ જ આ પ્રવાસ માટે પરવાનગી આપવામાં આવશે.

ગુજરાતમાં જુદા જુદા સત્તામંડળો સ્થાનિક સ્વરાજયની સંસ્થાના પદાધિકારીઓ દ્વારા અલગ અલગ વિષયો અને અભ્યાસ માટે દેશ વિદેશમાં પ્રવાસ કરવામાં આવતા હોય છે. પરંતુ આ માટે જે તે બોડી મારફત રાજય સરકારને જાણ કરવા તાર્જેતરમાં સૂચના શહેરી વિકાસ વિભાગ દ્વારા આપવામાં આવી છે. તેના પરથી સેક્રેટરીએ સ્ટે.ચેરમેનને દરખાસ્ત મોકલી છે. હાલ જે વિગતો સામે આવી રહી છે તેમાં સાઉથ એશિયામાં શહેરી વિકાસને પ્રોત્સાહન આપવા માટે વિવિધ એમઓયુ, જાહેર પરિવહન, સફાઈ, એર ક્વોલિટી, વોટર અને ડ્રેનેજ વિષય પર કામ કરવામાં આવી રહ્યું છે ત્યારે ક્લાઈમેટ માટે પણ યોગ્ય એક્શન પ્લાન બનાવવો અનિવાર્ય છે ત્યારે આ એક્ઝિક્યુટિવ કમિટીમાં સભ્ય તરીકે રાજકોટના મેયર પણ ચૂંટાયેલા છે. હવે વર્લ્ડ લોકલ ગવર્નમેન્ટ કલાયમેટ સમીટનું આયોજન તા.૧૩ એપ્રિલથી ૧૭ એપ્રિલ સુધી રીપબ્લીક ઓફ સાઉથ કોરીયાના ગોયાંગ સ્પેશ્યલ સીટી ખાતે કરાયું છે. પૂરા વિશ્વમાંથી તેમાં પ્રતિનિધિઓ પહોંચવાના છે. વિજ્ઞાન આધારીત ઉકેલ, નાગરિકોની ભાગીદારી, આબોહવા અર્થતંત્ર, સર્વસમાવેશકતા, પ્રકૃતિ સાથે સંવાદિતા વિષય પર વિચારો અને ઉકેલોનું આદાન-પ્રદાન કરીને ગ્રીન ટ્રાન્ઝીશન કઇ રીતે હાંસલ કરવું તેની ચર્ચા થશે. પ્રાદેશિક આબોહવા પર ચર્ચા કરાશે. ઇકલીની ૩૦મી વર્ષગાંઠ પર આ આયોજન છે.ગુજરાત સરકારના જીએડી વિભાગ દ્વારા અધિકારીઓ, પદાધિકારીઓના વિદેશ પ્રવાસ અંગેની જાણ કરવા માટે દરખાસ્ત કરવાની રહે છે. જેથી રાજય સરકારની મંજૂરીને આધીન આ દરખાસ્ત મંજૂર કરવા સ્ટે.કમીટીમાં મુકાઇ છે.

એક પણ દિવસ કોરો જવા દેતાં નથી: ઠગભગતોના વધુ ત્રણ કરતૂતો: લાખોનો ચૂનો લગાવ્યો

# કાપડના બે વેપારીને ગઠીયાઓએ છેતરી એકત્રીસ લાખ પડાવી લીધા

## ત્રીજી ઘટનામાં નકલી પોલીસ બની રૂપિયા પડાવનારા બે લેભાગુને અસલી પોલીસે દબોચી લીધા




રાજકોટ: ગઠીયાઓ ગમે તેમ કરીને ગામના ગરીયા ફેરવી પોતાના ગજવા ભારે કરતાં હોય છે. રોજબરોજ કોઈને કોઈ ઠગભગતો કોઈને ને કોઈને છેતરતા રહે છે. આવી ઘટનાઓ પણ રોજીંદી બની રહી છે. એકાદ દિવસ પણ એવો નથી પસાર થતો જ્યારે કોઈ છેતરાયુ ન હોય. કાપડના બે અલગ અલગ વેપારીઓ સાથે લાખોની ઠગાઈના બે બનાવ સામે આવ્યા છે. જેમાં એક વેપારી સાથે ચૌદ લાખ એકાવન હજારની છેતરપીંડી થઇ હતી અને અને બીજા વેપારીને સત્તર લાખનો ચૂનો લગાડી દેવાયો હતો.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો સારોલી સ્થિત કુબેરજી વર્લ્ડ માર્કેટમાં વેપારી પાસેથી ઉધારમાં રૂપિયા ચૌદ લાખ એકાવન હજારની કિંમતનું ડ્રેસ મટીરીયલ ખરીદી ઠગાઇ કરનાર રાજસ્થાનના વેપારી સામે સારોલી પોલીસમાં ફરિયાદ નોંધાય છે. વેસુ રસીકવિલામાં રહેતા સુનીલજી આમપ્રકાશજી મનિહાર સારોલી સ્થિત કુબેરજી વર્લ્ડ માર્કેટમાં કાલી ફેશનના નામે કપડાનો ધંધો કરે છે. તેની પાસે ૨૦૨૨માં રાજસ્થાન જોધપુર ત્રીયપોલીયા બજારમાં આવેલી બી.કે. શોપીંગમાં માંગીલાલ રાજેશકુમારના નામે કાપડનો ધંધો કરતા રાજેશકુમાર આવ્યા હતા. તેણે સમયસર પેમેન્ટ આપી દેવાની ખત્રી આપી હતી. જેથી સુનીલજીએ તેની સાથે ધંધો શરૂ કર્યો હતો. પ્રથમ રાજેશકુમારે ઉધાર માં ડ્રેસ મટીરીયલ ખરીદી તેનું પેમેન્ટ સમયસર કરીને વિશ્વાસ કેળવી લીધો હતો. બાદમાં રાજેશકુમારે રૂપિયા ૧૪,૫૧,૬૮૦ની કિંમતનું ડ્રેસ મટીરીયલ ઉધાર ખરીદી નાણા નહીં આપતા સુનીલજીએ સારોલી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

બીજી ઘટના સાયણ દેલાડની પટેલ ઈન્ડસ્ટીઝમાં જય કુબેર ફર્મના નામે ગ્રે કાપડનું ઉત્પાદન કરતા કારખાનેદાર પાસેથી ઉધારમાં૧૭.૮૬ લાખનું ગ્રે કાપડ લઇ છેતરપિંડી કરનાર સારોલીની રઘુવીર સ્કારલેટમાં આવેલ ક્રિષ્ના ફેબ્રીકસના બે ભાગીદાર અને દલાલ સામે સારોલી પોલીસમાં ફરિયાદ દાખલ થઇ છે. કતારગામ બાપા સીતારામ ચોક રૂક્ષ્મણી સોસાયટીમાં રહેતા જયદીપ ડાયાભાઈ ચાવડા સાયણ દેલાડ ખાતે આવેલા પટેલ ઈન્ડસ્ટીઝમાં જય કુબેર ફર્મના નામે કાપડનું કારખાનું ધરાવે છે. તેમની સારોલીમાં કુબેરજી વીઝન ટેકસટાઈલ માર્કેટમાં હેડ ઓફિસ આવેલી છે. છેલ્લા કેટલાક સમયથી જયદીપ ચાવડા કાપડ દલાલ સુરેશ અગ્રવાલ મારફતે કાપડનો ધંધા કરે છે. જયદીપની ઓફિસ પર દલાલ સુરેશ સારોલી રઘુવીર સ્કારલેટમાં ક્રિષ્ના ફેબ્રીકસના ભાગીદાર રાજેશ વર્મા અને સૈયદને લઈને આવ્યો હતો અને સારી પાર્ટી હોવાનું અને ૪૫ દિવસમાં પેમેન્ટ કરી આપવાની ખાત્રી આપી હતી. વિશ્વાસમાં આવી ગયેલા જયદીપ ચાવડાએ દલાલ અશોક મારફતે તા ૨૦ ડિસેમ્બર ૨૦૨૩ થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન ફેબ્રીકસના ભાગીદારને રૂ.૧૭,૮૬,૫૦૩ની કિંમતનું ગ્રે-કાપડ ઉધારમાં આપ્યું હતું. નક્કી થયા મુજબ ૪૫ દિવસમાં આ કાપડનું પેમેન્ટ નહીં આવતા જયદીપ ચાવડાએ ઉઘરાણી શરૂ કરી હતી. જેથી રાજેશ વર્માએ ૧૬ ચેક આપ્યા હતા. આ ચેક બેંકમાં ભરતા રીટર્ન થયા હતા. દરમિયાનમાં રાજેશ અને સૈયદે દુકાન બંધ કરી ઉઠમણું કર્યું હતું. બનાવ અંગે જયદીપ ચાવડાએ સારોલી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રાજેશ, સૈયદ અને દલાલ અશોક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

જયારે ફ્રોડના ત્રીજા બનાવમાં વડોદરા શહેરમાં મકરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નકલી પોલીસ બની પૈસા પડાવી લેવાયા હતાં. આવા બે લેભાગુ શખસોને પોલીસે ઝડપી પાડ્યા છે. બંને પાસેથી રોકડ કબ્જે કરી છે. શહેરના આજવા રોડ પર આવેલી ઈન્દ્ર-સ્થ સોસાયટીમાં રહેતા મિલિંદ ભુપેન્દ્રભાઈ ગાંગુડે અને તેનો મિત્ર દેવ બાઈક લઈને તરસાલી બ્રિજથી આજવા બ્રિજ તરફ જતા હાઈ-વે પર આવેલા ઝીલીઓન કોમ્પલેક્ષથી થોડા આગળ એક ઝુંપડા પાસે ઉભા રહ્યા હતા. આ દરમિયાન પોલીસ તરીકેની ઓળખાણ આપનાર વિજયસિંહ -વિણસિંહ રાઠોડ (રહે. સિકોતર નગર-૨, જીઆઈડીસી રોડ, મકરપુરા, વડોદરા, મૂળ રહે.ઈશરોડા ગામ તા.જી.લુણાવાડા) અને તેની સાથે મયંકભાઈ વિજયભાઈ માલી (રહે, ઘર નં.૨૧ મકરપુરા, સર્વન્ટ ક્વાટર્સ ૨, મકરપુરા, વડોદરા) ભેગા મળીને વિજય રાઠોડે ફરિયાદીની ફેટ પકડી હતી.બાદમાં કહ્યું હતું કે, અહીં કેમ તમે આવ્યા છો? શું ખોટા ધંધા કરો છો? તેમ કહી ફરિયાદીને ખોટા પોલીસ કેસમાં ફસાવી દઈશ તેમ કહીને બળજબરીપૂર્વક ફરિયાદી પાસેથી રૂપિયા વીસ હજાર રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા અને ફરિયાદીના સાથે રહેલ તેના મિત્ર દેવ પાસેથી રૂપિયા પડાવ્યા હતાં અને વિજય રાઠોડે ફરિયાદીના મિત્ર દેવને બે-ત્રણ લાફા ગાલ પર માર્યા હતાં. મકરપુરા પોલીસે ફરિયાદના આધારે વિજયસિંહ -વિણસિંહ રાઠોડ અને મયંકભાઈ વિજયભાઈ માલીની ધરપકડ કરીને ૨૦,૦૭૦ રૂપિયા અને ગુનામાં વપરાયેલ બાઈક જપ્ત કરી છે. વિજયસિંહ રાઠોડ સામે અગાઉ મહીસાગર જિલ્લાના ખાનપુર, માંજલપુર અને મકરપુરા પોલીસ સ્ટેશનમાં ચાર ગુના નોંધાયેલા છે.

પોલીસે અપીલ કરી છે કે, આથી જાહેર જનતાને જણાવવામા આવે છે કે ભુતકાળમા તમારી સાથે પણ આ શખ્સોએ ખોટી પોલીસની ઓળખ આપી તમારી પાસે પણ પૈસા અથવા કોઇ કિંમતી ચીજવસ્તુ પડાવી લીધેલ હોય તો પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો.

લગ્નવાંચ્છુઓને જાળમાં ફસાવી ચોરી, છેતરપીંડીની ઘટનાઓને અંજામ આપતી વધુ એક ટોળકીનો પર્દાફાશ

# લૂંટેરી દુલ્હને અઠવાડીયામાં બે લગ્ન કરી લાખો ઉસેડ્યા!

## એક યુવાન સાથે લગ્નનું નાટક કરી ચોરી કરી ભાગી ગઇ પછી બીજાને પરણી ઘરમાંથી સવા આઠ લાખ ઉસેડી લીધા: કન્યા સાથે સાગ્રીતોના પણ નામ ખુલ્યા

રાજકોટઃ ચોરી, લૂંટની ઘટનાઓ સતત પોલીસને દોડાવતી રહેતી હોય છે. અમુક કિસ્સાઓમાં ભેદ તુરંત ઉકેલાઇ જતો હોય છે તો અમુક બનાવમાં ગુનેગારો પોલીસને પણ પરસેવો વાળી દેતાં હોય છે. લગ્નના નામે ઠગાઇના કિસ્સા અવાર-નવાર બનતા રહે છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં એક લૂંટેરી દુલ્હને જેની સાથે લગ્ન કર્યા હતાં એ યુવાનના ઘરમાંથી સવા આઠ લાખની મત્તા ઉસેડી લીધી હતી અને છુમંતર થઇ ગઇ હતી. આ લૂંટેરી દુલ્હનને પોલીસે ઝડપી લેતાં અન્ય એક આવી ઘટનાનો ભેદ પણ ખુલ્યો હતો. બે યુવાન સાથે અલગ અલગ સમયે લગ્ન કરી આ પ્રકારની ચોરીઓ તેણે કરી હતી. ચોંકાવનારી વાત એ હતી કે એક જ અઠવાડીયામાં આ લૂંટેરી દૂલ્હને બબ્બે લગ્ન કરી બંને યુવાનોના ઘરમાંથી લાખોની માલમત્તા ઉસેડી લીધી હતી. આ યુવતિ ઝડપાઇ જતાં સમગ્ર ટોળકીનો પર્દાફાશ થયો હતો.

વિગતો પર નજર કરીએ તો ગાંધીનગર નજીક આવેલા છાલા ગામમાં રહેતા યુવાન સાથે લગ્ન કરીને લૂંટેરી દુલ્હન ઘરમાંથી દાગીના અને રોકડ મળી ૮.૨૩ લાખની મત્તા ચોરીને ફરાર થઈ જતાં યુવાને પોલીસને જાણ કરી હતી. લગ્નના નામે ફ્રોડ-ચોરીની ઘટના સામે આવતાં ચિલોડા પોલીસ હરકતમાં આવી હતી અને તપાસ શરૂ કરી હતી. પોલીસને સફળતા મળતાં આ લૂંટેરી દુલ્હનને પગેરૂ દબાવી મુંબઇથી ઝડપી લેતાં આ ગુનાની સાથે સાથે અમદાવાદના આવા બીજા ગુનાનો ભેદ પણ ખુલ્યો હતો.

માહિતી જોઈએ તો છાલા ગામમાં રહેતા હિરેનભાઈ નવીનચંદ્ર પંડયાને તેમની પત્નિ સાથે છુટાછેડા થઈ જતા ચાર મહિના અગાઉ ફરી વખત લગ્ન કરવા માટે ગુજરાતી બેચલર ડોટ કોમ નામની વેબસાઈટ ઉપર રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને જ્યાં તેમનો સંપર્ક અનન્યા નામની યુવતી સાથે થયો હતો. બાદમાં અનન્યા મુંબઈથી ટ્રેનમાં બેસીને અમદાવાદ આવી હતી.

ત્યારબાદ હિરેનભાઈ તેને ઘરે લઈ આવ્યા હતા અને તેનો ભાઈ રાજુ તેમજ




તેની ભાભી શીતલબેન પણ ઘરે આવ્યા હતા અને ફુલહારથી લગ્ન કરી લીધા હતા. દરમિયાન તાજેતરમાં સવારના સમયે અનન્યાએ મેડિકલ સામાન લેવા જવા માટે ત્રણસો રૂપિયા માંગ્યા હતા. ત્યારબાદ તે સામાન લેવા ગઈ હતી અને પરત ફરી ન હતી અને તેનો ફોન પણ ઉપાડતી નથી. જેથી હિરેનભાઈને શંકા ગઈ હતી. જોકે ઘરમાં તપાસ કરતા સોનાના દાગીના અને રોકડ રકમ મળી ૮.૨૩ લાખની મત્તા ચોરાઈ હોવાનું જણાયું હતું. જેથી આ સંદર્ભે અવંતિકા ઉર્ફે અનન્યા, રાજુભાઈ અને શીતલબેન સામે ગુનો દાખલ કરાવતા પોલીસે તેમની શોધખોળ શરૂ કરી હતી.

આ દરમિયાન ચિલોડા પોલીસ મથકના ઈન્સ્પેક્ટર આર.આર પરમાર અને તેમની ટીમ દ્વારા છાલા બ્રિજ પાસેથી અવંતિકા ઉર્ફે અનન્યા ગિરીશકુમાર નેમાલાવાલા રહે પ્રહલાદ એપાર્ટમેન્ટ થાણે, મહારાષ્ટ્ર, મૂળ ગોલાવાડ ઇન્દ્રપુરા સુરતને ઝડપી લેવામાં આવી હતી.

જેની પૂછપરછમાં તે અને તેના ફોઈના દીકરા રાજુ માળી તથા શીતલ માળી સાથે મળીને આ પ્રકારે યુવાનોને છેતરતા હોવાની કબુલાત કરી હતી. ચાર દિવસ અગાઉ જ અમદાવાદ ખાતે રહેતા એક યુવાન સાથે જોડી ડોટ કોમ મારફતે સંપર્કમાં આવીને તેના ઘરમાંથી ચોરી કરી હોવાની પણ કબુલાત કરી હતી. આ કબુલાતથી પોલીસ પણ ચોંકી ગઇ હતી. અમદાવાદ પોલીસને પણ આ મામલે જાણ કરાઈ હતી.

અનેક એવા યુવાનો હોય છે જેના સગપણ પોતાના સમાજ જ્ઞાતિમાં કોઈપણ કારણોસર થતાં હોતા નથી. તેઓ એજન્ટ મારફત કે પછી વેબસાઇટ મારફત આવી લેભાગુ ગેંગની જાળમાં ફસાઇ જાય છે અને લગ્નના નામે છેતરાઇ જાય છે.

આવી અનેક ટોળકીઓ સક્રિય છે જે માત્ર અને માત્ર લગ્નના નામે ફ્રોડ આચરે છે. જો કે બીજી તરફ પરપ્રાંતની એવી પણ અનેક દિકરીઓ છે જે સાચ્ચા અર્થમાં જેની સાથે લગ્ન કરે તે યુવાન અને તેના પરિવાર સાથે વફાદારી દાખવે છે. લેભાગુ એજન્ટો, કહેવાતી દૂલ્હનોથી ચેતતા રહેવામાં જ સલામતી છે.

# બાળકો પર વિડીયો ગેમ્સની માનસિક અસરમાં વધારો : સર્વે

### વધતી ફરિયાદોને ધ્યાને લઈ રાજકોટ મનોવિજ્ઞાન ભવન દ્વારા હાથ ધરાયો વિશેષ સર્વે : નોન સુસાઈડલ સેલ્ફ એંજરી જેમાં વ્યક્તિ આત્મહત્યા નથી કરતા પરંતુ જાતને પહોંચાડે છે નુકસાન



રાજકોટ, તા. ૨૮

ગઞક્ષ જીશભશમફહ Self Injury (NSSI) એટલે ઇરાદાપૂર્વક શરીરને નુકસાન પહોંચાડવું અથવા ઈજા પહોંચાડવી, પરંતુ આ ક્રિયાનો હેતુ આત્મહત્યા નથી હોતો. આ સ્વ-નુકસાન સામાન્ય રીતે માનસિક અથવા ભાવનાત્મક સમસ્યાઓ કે તણાવ સામનો કરવા માટે કરવામાં આવે છે. આ અંગે મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ ડો. યોગેશ જોગસણ અને અધ્યાપક ડો. ધારા આર. દોશી દ્વારા નોન સ્યુસાઈડલ સેલ્ફ ઈન્જરી એટલે કે જેમાં વ્યક્તિ આત્મહત્યા નથી કરતી પણ જાતને નુકશાન પહોચાડે છે .

બીજી તરફ બાળકો પર હાનિકારક વિડીયો ગેમ્સની માનસિક અસર ધીમે ધીમે વધી શકે છે, જે તેમની માનસિક, શારીરિક અને સામાજિક સ્થિતિ પર ઊંડી અસર કરે છે. તેથી, બાળકોને સંતુલિત રીતે વિડીયો ગેમ્સ રમવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે તે ઓ અભ્યાસ, રમતગમત અને સામાજિક ક્રિયાપ્રતિક્રિયા જેવી અન્ય સ્વસ્થ પ્રવૃત્તિઓમાં પણ જોડાય. બાળકોને રમતગમતના સારા અને ખરાબ પ્રભાવો વિશે જાગૃત કરવા પણ મહત્વપૂર્ણ છે, જેથી તેઓ માનસિક રીતે સ્વસ્થ અને સુખી જીવન જીવી શકે.

બાળકો પર મોબાઇલ ગેમ્સની અસરો મિશ્ર હોઈ શકે છે, પરંતુ જ્યારે તેનો વધુ પડતો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે તે શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ પર નકારાત્મક અસર કરી શકે છે. તેથી, બાળકોને મોબાઇલ ગેમ્સનો મર્યાદિત અને નિયંત્રિત ઉપયોગ કરાવવો જોઈએ, અને તેમને રમતગમત, અભ્યાસ અને સામાજિક પ્રવૃત્તિઓ વચ્ચે સંતુલન જાળવવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. આ સાથે, બાળકોને સ્વસ્થ જીવનશૈલી અને સારી ટેવો અપનાવવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.બાળકોમાં આક્રમકતાને પ્રોત્સાહન આપતી મોબાઇલ ગેમ્સ એવી છે જે હિંસા, ક્રૂરતા અને યુદ્ધના તત્વોથી ભરેલી હોય છે. આ રમતોમાં, બાળકોને બીજાઓને મારવા, તેમને નુકસાન પહોંચાડવા અથવા હિંસક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે, જે તેમની માનસિકતા અને વર્તન પર નકારાત્મક અસર કરી શકે છે. જોકે આ રમતોની અસર બધા બાળકો પર અલગ અલગ હોઈ શકે છે, સામાન્ય રીતે હિંસક રમતો બાળકોમાં આક્રમકતા અને હિંસાને પ્રોત્સાહન આપી શકે છે. કેટલીક ટોચની મોબાઇલ ગેમ્સ નીચે મુજબ છે જેમાં ક્યાંક ને ક્યાંક યુદ્ધ, આક્રમકતા, મારઝૂડ જોવા મળે છે. જેની દરેક વ્યક્તિ પર અલગ અલગ અસરો થઈ શકે જેમકે પબજી, મિનીકાફ્ટ, રોબ્લોક્સ, આસફાલ્ટ ૮ઃ એરબોર્ન, કેન્ડીક્રશ સાગા, ફ્રી ફ્રી ફાયર, કોલ ઓફ ડ્યુટી, બેટલ ગ્રાઉન્ડ મોબાઈલ,સ્કવેડ વગેરે ગેમ્સ જેની વિવિધ અસરો પડી શકે.આ રમતો બાળકોને આક્રમકતા, હિંસા અને સંઘર્ષ તરફ દોરી શકે છે. જોકે, આ રમતોની અસરો બાળકો પર તેમના માનસિક વિકાસ, તેમના કૌટુંબિક વાતાવરણ અને અન્ય વ્યક્તિગત પરિબળોના આધારે બદલાઈ શકે છે. તેથી, બાળકોએ રમતો કાળજીપૂર્વક પસંદ કરવી જોઈએ અને હિંસા સંબંધિત રમતો મર્યાદિત કરવી જોઈએ, જેથી તેમના માનસિક અને સામાજિક વિકાસ પર નકારાત્મક અસર ન પડે. ગજ્જાઈ ના સામાજિક અને વ્યક્તિગત કારણોમાં પણ ઘણા મહત્વપૂર્ણ પાસાઓ છે, જે વ્યક્તિના વર્તન અને માનસિક સ્થિતિને પ્રભાવિત કરી શકે છે. જે વ્યક્તિઓ સ્વ-ઈજા કરે છે તેઓ ઘણીવાર સામાજિક અથવા કૌટુંબિક દબાણ, સંબંધો અને સામાજિક ઓળખને કારણે આ સ્થિતિમાં આવી શકે છે.

### મોબાઈલ ગેમ્સની વિવિધ અસરો

મોબાઈલ ગેમ્સ બાળકો પર ઘણી રીતે નકારાત્મક અસર કરી શકે છે, ખાસ કરીને જ્યારે તેનો વધુ પડતો ઉપયોગ કરવામાં આવે છે. આ બાળકોના માનસિક, શારીરિક અને સામાજિક વિકાસને અસર કરી શકે છે. અહીં કેટલીક મુખ્ય નકારાત્મક અસરો છેઃ

૧. શારીરિક સ્વાસ્થ્ય પર અસરઃ આંખો પર તાણ, ઊંઘની સમસ્યાઓ, શારીરિક પ્રવૃત્તિનો અભાવ,મેદસ્વીતા, હાથ પગમાં અકળામણ

૨. માનસિક અને ભાવનાત્મક અસરઃ ડિપ્રેશન અને ચિંતા. વ્યસન, આક્રમકતા, અનિવાર્ય ક્રિયા અને વિચાર દબાણ, વ્યક્તિત્વ વિકૃતિ, ઉતર આઘાત તણાવ વિકૃતિ

૩. શૈક્ષણિક પ્રદર્શન પર અસરઃ ધ્યાનનો અભાવ, સમયનો ખોટો ઉપયોગ, ભણવામાં અરુચિ

૪. સામાજિક અસરઃમિત્રોથી દૂર રહેવું, આંતરિક વાતચીતમાં ઘટાડો,એકલાપણું, અન્યને નુકસાન કરવું

૫. મૂલ્યો અને નૈતિકતા પર અસરઃ ભ્રષ્ટ વૃત્તિઓ, ચોરી, ગુનાખોરી

૬. કુદરત અને આઉટડોર પ્રવૃત્તિઓથી અંતર

૭. શારીરિક અને માનસિક વિકાસમાં અવરોધો

૮. આક્રમકતા અને હિંસક વૃત્તિઓ

૯. વાસ્તવિકતાને કાલ્પનિકતાથી અલગ પાડવામાં મુશ્કેલી

૧૦. માનસિક અવલંબન

૧૧ સામાજિક વર્તણૂકમાં ફેરફાર

૧૨. વિકૃત દ્રષ્ટિકોણ

### મુખ્ય સામાજિક કારણો

૧. કૌટુંબિક અસ્થિરતા
૨. પીઅર પ્રેશર એટલેકે સમ ઉંમરના વ્યક્તિઓનું દબાણ
૩. માનસિક અથવા શારીરિક પજવણી (ગુંડાગીરી)
૪. સામાજિક અસ્વીકાર અને એકલતા
૫. સાંસ્કૃતિક અને સામાજિક ધોરણો
૬. સંબંધોમાં તણાવ ( સ્ટ્રેસ )
૭. ટીવી અને સોશિયલ મીડિયાનો પ્રભાવ
૮. સમાજમાં માનસિક સ્વાસ્થ્ય વિશે ગેરમાન્યતાઓ
૯. સમર્થનનો ( સહકાર ) અભાવ
૧૦. સામાજિક અલગાવ
૧૧. ભાવનાત્મક અવ્યવસ્થા
૧૨. ભાવનાત્મક પીડામાંથી રાહત
૧૩. આત્મ-નિયંત્રણનો અભાવ (આવેગ)
૧૪. ભૂતકાળનો આઘાત
૧૫. માનસિક સ્વાસ્થ્ય વિકૃતિઓ
૧૬. સ્વસ્થ સામનો કરવાની વ્યૂહરચનાઓનો અભાવ
૧૭. સ્વ-દ્વેષ અને સ્વ-શિક્ષા
૧૮. સામાજિક નિષ્ફળતા અથવા અસ્વીકાર

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ટીપર વાનનો ''વાન'' સુધારો!

## વાનની ભંગાર જેવી દશા : સફાઈ વાહન ખુદ ગંદકી ફેલાવે છે...



મવડી અંબિકા ટાઉનશીપ પાસે ટીપરવાન પાર્કિંગનો વિવાદ મીડિયામાં ગાજ્યો છે. ટીપરવાન પાર્કિંગનો લોકો વિરોધ શા માટે કરે છે, તે અંગે ક્યારેય વિચાર કર્યો છે? રાજકોટના ટીપરવાન પાર્કિંગની દશા જુઓ એટલે વિરોધના કારણો મળી જશે. મોટાભાગના પાર્કિંગ મહા કચરાપેટી જેવા બની ગયા છે. દોઢસો ફૂટ રીંગ રોડ પર સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે આવેલા ટીપરવાન પાર્કિંગની દશા જુઓ.

પાર્કિંગમાં અને પાર્કિંગ બહાર અતિ ગંદકી ખદબદે છે. ૨૪ કલાક ગંદા પાણી ભરેલા રહે છે. ઉપરાંત ટીપરવાનનું આવાગમન આડેધડ ડ્રાઈવિંગથી થાય છે. ઘણી વખત તો રોંગ સાઈડમાં પણ ટીપરવાનો દોડતી રહે છે. લોકો ત્રાહિમામ થઈ જાય તેવી દશા ટીપરવાન પાર્કિંગની હોય છે.

તાજેતરમાં રાજકોટની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજકોટમાં સફાઈ કાર્ય અંગે તંત્રને ટોણો માર્યો હતો. સફાઈ પ્રાથમિક બાબત છે, મુખ્યમંત્રી તેની ગંભીરતા સમજે છે. મહાકાય સફાઈ તંત્ર હોવા છતાં તંત્ર ખુદ ગંદી માનસિકતામાં ખદબદતું હોય તેમ લાગે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ સફાઈને પ્રાધાન્ય આપીને દેશભરમાં અભિયાન ચલાવે છે. રાજકોટમાં જ સફાઈના ઠેકાણા નથી.

ટીપરવાન ગંદકી લઈ જતું વાહન છે. આ વ્યવસ્થા માટે કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે. રાજકોટમાં મોટાભાગના ટીપર વાહનોની દશા જ કચરાપેટી જેવી છે. કચરો લઈ જવાને બદલે વાનમાં ભરેલો કચરો માર્ગો પર છલકાતો જાય છે.

મોટા ભાડાની ટીપરવાનોમાં ગંદકીથી ખદબદતા મહાકાય કોથળા લટકતા જોવા મળે છે. જવાબદારીના ભાન વગરના ટીપરવાન મેનેજમેન્ટના કારણે વાનની દશા અતિ કંગાળ બની ગઈ છે. આડેધડ ડ્રાઈવિંગ સ્પીડ બ્રેકરો પર ઉડતી જતી ટીપરવાનો ભંગાર જેવી બની ગઈ છે.

આવી ટીપરવાનો ઘરે ઘરેથી કચરો એકઠો કરવા આવે છે કે, ઘેર ઘેર ગંદકી અને રોગચાળા ફેલાવવા આવે છે, તે સમજાતું નથી. ઘણા સ્થાને તો તેવા દ્રશ્યો પણ જોવા મળે છે કે, ટીપરવાનોમાં લટકાવેલા કોથળામાં એકઠો કરાયેલો વિશિષ્ટ પ્રકારનો કચરો અવાવરૂ જેવા સ્થાન પર ઠાલવીને કચરાનું સેટિંગ થાય છે આવા દ્રશ્યો ખતરનાક ના ગણાય ?

આવી તમામ બાબતોથી જવાબદાર અધિકારીઓ અજાણ હોય તેમ માની ન શકાય. ખુલ્લેઆમ આ બધું ચાલે છે. તંત્રની મીલી ભગત વગર ટીપરવાન અને તેના પાર્કિંગની ગંદકી સર્જાય તે શક્ય છે. વ્યક્તિગત ક્ષુલક સ્વાર્થના કારણે રાજકોટ ગંદુ અને બીમાર બની રહ્યું છે.

વાન શબ્દનો અર્થ થાય શરીરનો બાંધો, વર્ણ-રંગ, દેખાવ. રાજકોટમાં ટીપરવાનનો 'વાન' સુધારવો જરૂરી છે. તંત્રને ઉપરથી નીચે સુધી જવાબદાર બનાવવું પડશે. આવું નહીં થાય તો જ્યાં ટીપવાનના પાર્કિંગ છે ત્યાં પણ લોકોનો વિરોધ શરૂ થઈ જશે. મહાકાલિકાની આબરૂ કચરો થાય તે પહેલા....

!! લાખ રૂપિયાની વાત !!

!! આજના સમયની કડવી વાસ્તવિકતા !!
નાનપણમાં ભાઈ બહેન
દિવસમાં પાંચ વખત
એક બીજાથી રીસાય જતાં
અને રાજી પણ તરત
થઈ જતાં અને હવે
મોટા થઈને
રીસાયા બાદ છેલ્લે
સ્મશાન યાત્રામાં જ
ભેગા થાય છે.!!



પૂ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા

પુ ભક્તિ સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# સૌગાત એ મોદી : મુસ્લિમો ભાજપ તરફ ઢળી રહ્યા છે?

## લોકસભાની ગઈ ચૂંટણીમાં ભાજપને મુસ્લિમ બહુમત ધરાવતી બેઠકોમાં વિજય મળ્યો અને તાજેતરમાં ગુજરાતમાં નગરપાલિકાઓની ચૂંટણીઓમાં ભાજપના ૮૨ મુસ્લિમ ઉમેદવારો જીત્યા એ શું બતાવે છે? શું મુસ્લિમો ભાજપ તરફ આવી રહ્યા છે? અને રમઝાનમાં એમને વધુ નજીક લાવવા માટે સૌગાત એ મોદીની લહાણી થઇ રહી છે? ભાજપની આ 'ચાલ' સમજવા જેવી છે

ભાજપ અને મુસ્લિમો વચ્ચે વર્ષોથી ૩૬નો આંકડો ચાલે છે. ભાજપ એમ સ્પષ્ટ માનતો આવ્યો છે કે, એમને મુસ્લિમ મતની જરૂર નથી. બહુમત હિન્દુઓના મત પુરતા છે. અને મોટાભાગના ભાજપના નેતાઓનું વલણ એવું જ જોવા મળ્યું છે. અને હમણા મહારાષ્ટ્રની ચૂંટણી થઇ ત્યારે બટેગે તો કટેંગેનું સૂત્ર પણ ભાજપે વહેતું કર્યું હતુ. એટલે ભાજપનો આ સ્થાયી ભાવ રહ્યો છે. અલબત ભાજપ અને એના નેતાઓ દાવો કરતા રહ્યા છે કે, સબ કા સાથ, સબ કા વિકાસ એ સરકારનું સૂત્ર છે. અને સરકારી યોજનાનો લાભ મુસ્લિમોને પણ મળે છે. આ વાત ખોટી નથી જ. પણ તો પછી રમઝાનમાં ૩૨ લાખ મુસ્લિમોને સૌગાત એ મોદી નામે કીટ આપવાનું કેમ નક્કી થયું? શું આ ભાજપની કોઈ 'રાજકીય ચાલ'નો ભાગ છે ?

એક વાત પાક્કી છે કે, મુસ્લિમોનું કોંગ્રેસે જે રીતે તુષ્ટિકરણ કર્યું અને મુસ્લિમો વરસો સુધી કોંગ્રેસ સાથે રહ્યા પણ છેલ્લા થોડા વર્ષોથી કોંગ્રેસની મુસ્લિમ વોટ બેંક તૂટી છે. અને એ અન્ય પ્રાદેશિક પક્ષો તરફ જઈ રહી છે. ભાજપે આ વાતની ગંભીર નોંધ લીધી છે અને એ મુસ્લિમો ભાજપ તરફ આવે એ માટે પ્રયત્નો શરૂ કર્યા છે. જે ભાજપના મૂળ સ્વભાવની વિરુદ્ધ જાય છે.

કદાચ આવું એટલે બની રહ્યું છે કે, યુપી અને બિહારમાં મુસ્લિમોની સંખ્યા વધુ છે એમ જ દક્ષિણનાં રાજ્યોમાં મુસ્લિમોની વોટ બેંક મજબૂત છે. અને ભાજપ દક્ષિણ રાજ્યોમાં સફળ થયો નથી. કર્ણાટકને બાદ કરતા ભાજપ ક્યાંય સત્તા મેળવી શક્યો નથી. પશ્ચિમ બંગાળમાં બધા કાવાદાવા કરી લીધા બાદ પણ ભાજપ મમતા બેનર્જીને હરાવી શક્યો નથી. અને કદાચ એટલે મુસ્લિમોને પોતાના તરફ ખેંચવાનો પ્રયત્ન શરૂ થયો છે.

ગુજરાતની તાજેતરની પાલિકાઓની ચૂંટણીમાં ભાજપે ૧૦૦ જેટલા મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી હતી અને એમાં ૨૦ જેટલા સભ્યો તો બિનહરીફ ચૂંટાયા હતા. કૂલ ૮૦ સભ્યો ચૂંટાયા. આ નાની વાત નથી. અને કેટલાક મુસ્લિમોને તાલુકા જીલ્લા લેવલે પક્ષમાં સંગઠનમાં પણ હોદા અપાયા છે. અને ગુજરાત ધારાસભાની ચૂંટણીમાં ભાજપને મુસ્લિમ બહુમત હોય એવી બેઠકોમાં



પણ વિજય મળ્યો છે એ દર્શાવે છે કે, મુસ્લિમોનાં મત ભાજપને મળતા થયા છે.

અને આવું જ લોકસભાની ગઈ ચૂંટણીમાં થયું હતું. કેટલાક મુસ્લિમ મતદારો ભાજપને સમર્થન આપે છે, ખાસ કરીને જ્યાં સ્થાનિક નેતાઓ અથવા ઉમેદવારો સાથે વ્યક્તિગત સંબંધો હોય, અથવા જ્યાં વિકાસ, આર્થિક મુદ્દાઓ કે સરકારી યોજનાઓના લાભો મુખ્ય પરિબળ બને છે. ઉદાહરણ તરીકે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં, કેટલાક અહેવાલો અને સર્વે (જેમ કે ઈજીઉજ-ક્ક્ષસક્ષશશિં) દર્શાવે છે કે ભાજપને લગભગ ૮-૧૦% મુસ્લિમ મતો મળ્યા હતા, જે એક નાનો પરંતુ નોંધપાત્ર હિસ્સો છે. ૨૦૨૪માં એ હિસ્સામાં વધારો થયો છે.

ખબર ની KHABAR



કૌશિક મહેતા

ભાજપ અને નેતાઓએ સમયાંતરે મુસ્લિમ સમુદાય સાથે સંવાદ અને સમાવેશની નીતિ અપનાવવાના પ્રયાસો કર્યા છે, જેનું ઉદાહરણ મુસ્લિમ રાષ્ટ્રીય મંચ જેવી સંસ્થાઓ દ્વારા જોઈ શકાય છે. એમ.આર.એમ.એ આર.એસ.એસ દ્વારા પ્રેરિત એક સંગઠન છે, જેનો ઉદ્દેશ મુસ્લિમોને ''રાષ્ટ્રીય મુખ્યધારા'' સાથે જોડવાનો છે.સંઘના મુખ્ય સરસંઘચાલક મોહન ભાગવતે ૨૦૧૮માં જણાવ્યું હતું કે ''હિન્દુ રાષ્ટ્ર'' મુસ્લિમો વિના શક્ય નથી અને હિન્દુત્વનો અર્થ મુસ્લિમોને બાકાત રાખવાનો નથી. તેમણે એમ પણ કહ્યું કે જો મુસ્લિમોને બહાર કાઢવાની વાત થશે તો તે હિન્દુત્વ નહીં રહે. આ નિવેદન એક સમાવેશી અભિગમ દર્શાવે છે, પરંતુ વ્યવહારમાં આર. એસ.એસ.ની યોજના મુસ્લિમોને ''ભારતીયકરણ'' કરવા પર કેન્દ્રિત છે.

૨૦૨૩માં, આરએસએસએ મુસ્લિમો માટે ખાસ શાખાઓ શરૂ કરવાની યોજના જાહેર કરી, જે મુસ્લિમો દ્વારા સંચાલિત હશે. આ શાખાઓમાં ભગવા ધ્વજને બદલે રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કરવાનો નિર્ણય લેવાયો છે, જે એક પ્રતીકાત્મક સમાધાન સૂચવે છે. આ પહેલનો હેતુ મુસ્લિમોને આરએસએસની કામગીરીથી પરિચિત કરવાનો અને તેમની વચ્ચે હિન્દુત્વના વિચારોનો પ્રચાર કરવાનો છે, જેમાં એક રાષ્ટ્ર, એક ધ્વજ અને એક સંસ્કૃતિનો સંદેશ સામેલ છે.

ભાજપ અને આરએસએસ મુસ્લિમોમાં જે ગરીબ તબક્કો છે એને પોતાની તરફ ખેંચવા માગે છે. મુસ્લિમોમાં મુખ્યત્વે ત્રણ વર્ગ છે. અશરફ એટલે કે ઉચ્ચ વર્ગ , અજલઅજલાફ એટલે માધ્યમ વર્ગ અને અરજાલ એટલે ગરીબ મુસ્લિમ. અને ભાજપે આ ગરીબ વર્ગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ ગરીબ તબક્કો એવો છે કે, જે સફાઈ , કસાઈગીરી, ધોબી કે એવા શારીરિક શ્રમ સાથે જોડાયેલા કામ કરે છે.

સચર કમિટીનાં રીપોર્ટ મુજબ હિંદુ દલિતો અને આદિવાસીઓમાં જે ગરીબીનું પ્રમાણ છે એ જ અરજાલમાં છે. આ રીપોર્ટ કહે છે કે, મુસ્લિમોમાં ગરીબીનું પ્રમાણ ૩૧ ટકા છે. આ જુનો અહેવાલ છે હવે એમાં સુધારો થયો હોય શકે. પણ અરજાલ સમૂહની વાત કરીએ તો એમાં ગરીબી વધુ છે અને સાક્ષરતા માત્ર ૫૦ ટકા જેટલી છે.

પ્રાદેશિક રીતે જોઈએ તો યુપી, બિહાર, બંગાળ અને આસામ જેવા રાજ્યોમાં મુસ્લિમો વધુ ગરીબ છે. બિહારમાં આ વર્ષના અંતે ચૂંટણી થવાની છે ત્યાં મુસ્લિમોમાં ગરીબીનું પ્રમાણ ૩૪ ટકા જેટલું ઊંચું છે. અને એમાં ય અરજાલ મુસ્લિમોની હાલત વધુ ખરાબ છે.

ભાજપના ટાર્ગેટમાં આ મુસ્લિમો છે. અને કદાચ એમને સૌગાત એ મોદી આપવાની યોજના બની છે. ૩૨ લાખ મુસ્લિમોમાં આ અરજાલ મુસ્લિમો હોય એવી શક્યતા વધુ છે. સવાલ એ છે કે, હમણાં કર્ણાટકમાં કોંગ્રેસ સરકારે સરકારી કામકાજોમાં મુસ્લિમોને ૪ ટકા અનામત આપી એનો વિરોધ ભાજપે કર્યો છે. બીજી બાજુ, ચન્દ્રાબાબુ નાયડુએ આંધ્રમાં સરકારી નોકરીમાં ૪ ટકા અનામતનો નિર્ણય કર્યો એનો કદી ભાજપે વિરોધ કર્યો નથી. એમાં રાજકીય મજબૂરી છે. પણ સવાલ તો એ છે જ કે, સૌગાત એ મોદી શું મુસ્લિમોનું તૃષ્ટિકરણ નથી? કોઈ હિંદુ તહેવારમાં ભાજપ આવું કરતો નથી? મુસ્લિમો પર પ્રેમ કેમ ઉભરાઈ ગયો? આવા સવાલોમાં જવાબ એવો અપાય છે કે, ગરીબ મુસ્લિમો રમઝાનની, ઇદની ઉજવણી કરી શકે એ હેતુ છે. પણ આ જવાબ ગળે ઉતરે એવો સબળ નથી. ભાજપ શું આ દિશામાં હજુ ય આગળ વધવા માગે છે? શું ભાજપ એનો સ્વભાવ બદલવા માગે છે?શું આનાથી ભાજપ ખરેખર મુસ્લિમ વોટ બેંક બની રહી છે? આનો જવાબ એટલો સરળ નથી. મોટાભાગના મુસ્લિમ મતદારો હજુ પણ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી કે અન્ય પ્રાદેશિક પક્ષોને પસંદ કરે છે, કારણ કે ભાજપની હિન્દુત્વની નીતિઓ અને આરએસએસ સાથેના સંબંધોને કારણે તેમનામાં અવિશ્વાસ રહે છે.કેટલાક રાજ્યોમાં, જેમ કે ઉત્તર પ્રદેશ અને ગુજરાત, ભાજપે મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપીને અને સરકારી યોજનાઓ (જેમ કે ઉજ્જવલા યોજના, ઙખ આવાસ યોજના) દ્વારા મુસ્લિમોને લાભ આપીને તેમનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો છે. જોકે, આ પ્રયાસો હજુ સુધી મુસ્લિમ મતદારોના મોટા હિસ્સાને ભાજપ તરફ ખેંચી શક્યા નથી, અને ઘણા મુસ્લિમો માટે ભાજપની છબિ હજુ પણ ''મુસ્લિમ-વિરોધી'' જ રહે છે. એટલે કે ભાજપે આ દિશામાં હજુ ઘણું કરવું બાકી રહે છે, સૌગાત એ મોદીથી કામ બનવાનું નથી.

# બાંગ્લાદેશમાં ૨૦૨૪ માં ધાર્મિક લઘુમતીઓ પર અત્યાચારના ૨૪૦૦ જેટલા બનાવો

## આ વર્ષે અત્યાર સુધીમાં આ સંખ્યા ૭૨ : ફેબ્રુઆરીમાં પાકિસ્તાનમાં હિન્દુઓ વિરુદ્ધ અત્યાચારના ૧૦ કેસ નોંધાયા

નવીદિલ્હી, તા. ૨૮

વિદેશ મંત્રી એસ જયશંકરે શુક્રવારે લોકસભામાં જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં ૨૦૨૪ માં ધાર્મિક લઘુમતીઓ પર અત્યાચારના ૨,૪૦૦ જેટલા બનાવો નોંધાયા હતા અને આ વર્ષે અત્યાર સુધીમાં આ સંખ્યા ૭૨ થઈ ગઈ છે. જયશંકરે ગૃહને એ પણ માહિતી આપી હતી કે ફેબ્રુઆરીમાં પાકિસ્તાનમાં હિન્દુઓ વિરુદ્ધ અત્યાચારના ૧૦ કેસ નોંધાયા છે, આ ઉપરાંત પડોશી દેશમાં શીખો વિરુદ્ધ અત્યાચારના ત્રણ, અહમદીઓ વિરુદ્ધ બે અને ખ્રિસ્તીઓ વિરુદ્ધ એક કેસ નોંધાયા છે. બાંગ્લાદેશમાં ગયા વર્ષે શેખ હસીનાને સત્તા પરથી દૂર કરવામાં આવ્યા હતા, ત્યારબાદ મુહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકાર બની હતી.

અચાનક થયેલા પરિવર્તન - જેના પછી હસીના ભારત ભાગી ગઈ - એ પડોશી દેશમાં ઈસ્લામવાદને વેગ આપ્યો હોવાનું માનવામાં આવે છે, જેના કારણે લઘુમતીઓ પર હુમલા થયા અને ભારત પ્રત્યે નકારાત્મક ભાવના પેદા થઈ. ૧૯૭૧ના મુક્તિ યુદ્ધ પછી બાંગ્લાદેશનો જન્મ થયો, જ્યારે ભારતે પાકિસ્તાનને હરાવ્યું અને મુક્તિ બહિનીને ટેકો આપ્યો. પાકિસ્તાનને કટ્ટરપંથી માનસિકતા ધરાવતો દેશ ગણાવતા જયશંકરે કહ્યું કે ૨૦૧૪ થી, કેન્દ્ર સરકારે ત્યાંથી આવતા દલિત લઘુમતીઓ પ્રત્યે સહાનુભૂતિપૂર્ણ વલણ અપનાવ્યું છે અને તેમને લાંબા ગાળાના વિઝા આપ્યા છે.

મંત્રીએ જણાવ્યું હતું કે ૨૦૧૪ થી આવા ૫૦,૦૧૯ વિઝા જારી કરવામાં આવ્યા છે. જયશંકરે પ્રશ્નકાળ દરમિયાન આ માહિતી આપી હતી, જ્યારે વિવિધ રાજકીય પક્ષોના સભ્યોએ પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં લઘુમતીઓ સાથેના વર્તન પર ચિંતા વ્યક્ત કરી હતી.

શાહજહાંપુરના ભાજપના સાંસદ અરુણ કુમાર સાગર દ્વારા પૂછવામાં આવ્યું કે શું કેન્દ્ર પાકિસ્તાનમાં થતા અત્યાચારોના કેસોને ટ્રેક કરી રહ્યું છે, ત્યારે જયશંકરે હામાં જવાબ આપતા કહ્યું, ''હું વ્યક્ત કરેલી લાગણીઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવું છું... હા, અમે તેમને ટ્રેક કરીએ છીએ.'' આ પછી જયશંકરે વિગતવાર માહિતી આપી. ફેબ્રુઆરીમાં હિન્દુઓ વિરુદ્ધ અત્યાચારના ૧૦ કેસ નોંધાયા હતા - સાત અપહરણ અને બળજબરીથી ધર્માંતરણ સંબંધિત, બે અપહરણ સંબંધિત અને એક હોળી ઉજવતા વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહી સંબંધિત. મંત્રીએ જણાવ્યું હતું કે ફેબ્રુઆરીમાં શીખો સામે અત્યાચારના ત્રણ કેસ નોંધાયા હતા, જેમાં એક પરિવાર પર હુમલો, જૂના ગુરુદ્વારા ફરીથી ખોલવા બદલ શીખ પરિવાર સામે ધાકધમકીનો કેસ અને એક શીખ છોકરીનું અપહરણ અને બળજબરીથી ધર્માંતરણનો કેસનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે બે કેસ અહમદીઓ સાથે સંબંધિત હતા - એક કેસમાં, એક મસ્જિદને સીલ કરવામાં આવી હતી અને બીજા કેસમાં, ૪૦ કબરોને અપવિત્ર કરવામાં આવી હતી. ''ખ્રિસ્તી સમુદાય સાથે સંકળાયેલો એક કેસ હતો, જ્યાં એક વ્યક્તિ જે માનસિક રીતે અસ્થિર હતો તેના પર નિંદાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ભાજપ નેતા રવિશંકર પ્રસાદે પાકિસ્તાનના તે વિસ્તારને જાણવા માંગ્યું જ્યાં આ અત્યાચારો થઈ રહ્યા હતા અને પૂછ્યું કે શું બાંગ્લાદેશે ગુનેગારોની ધરપકડ કરી છે.

આ અંગે જયશંકરે કહ્યું, ''આ ઘટનાઓ વ્યાપક છે. કમનસીબે, આ જાહેર હોવા છતાં, પાકિસ્તાન સરકાર તેના લઘુમતીઓના રક્ષણ માટે કોઈ પગલાં લેતી નથી..

શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# માનસ ગોદાવરી (ભાગ ૫)

## ગોદાવરી નદીના તટ પર વિનોદ અને પ્રમોદ છે, અને ગોદાવરી ખુદ મોદ ની ખાણ છે!



પાંચમા દિવસની માનસ ગોદાવરીની કથામાં

ગોદાવરીનો વિશિષ્ઠ અર્થ કરતાં કહ્યું કે ગોદાવરીનાં તટ પર વિનોદ છે, પ્રમોદ છે અને મોદ પણ છે. કારણકે પ્રભુ શ્રીરામે અહીં વસવાટ કર્યો, અને પ્રભુએ પણ પંચવટીમાં વિનોદ, પ્રમોદ, અને મોદનો અનુભવ કર્યાની કથા છે. વિનોદ ક્યારેક તમોગુણી પણ હોય શકે છે, તો પ્રમોદમા રજોગુણની પ્રધાનતા જોવા મળે છે,પણ મોદ બિલકુલ સાત્વિક અને શુદ્ધ આનંદ સ્વરૂપ એટલે પ્રસન્નતાનો ભાવ ધરાવે છે. તુલસીદાસજી તો લખે છે કે ગોદાવરી તો મોદની ખાણ છે. પણ નદીને ખાણ કહેવું એ જરા સાહિત્ય સાથે સુસંગત નથી,ખાણ તો પર્વતમાં હોય! નદીના પટમાં તો નાના મોટા ખાડા પડ્યા હોય,પણ ખાણ કંઈ રીતે હોય શકે! પણ રામ ચરિત માનસ પ્રમાણ આપે છે.

મોદાકર ગોદાવરી બીપીન સુખદ સબ કાલ,
નિર્ભય મુની જપ તપ કરહી પાલક રામ કૃપાલ.
ગીધરાજ સે ભેટ ભઈ બહુબિધિ પ્રીતિ બઢાઈ,
ગોદાવરી નિકટ પ્રભુ રહે પરન ગૃહ છાઈ.

ગોદાવરીના તટ પર ભગવાન પર્ણકુટી બનાવીને રહ્યાં ત્યારથી અહીંનો માહોલ બદલાઈ ગયો અને ઋષિમુનિઓ નિર્ભય થઈ ગયા. તુલસીદાસજી લખે છે કે વન ગિરિ નદી તળાવ, બધું રોજ સુશોભિત થયું હોય એવું દિસે છે.

જબ તે રામ કિન્હ તહં બાસા,
સુખી ભયે મુની બીતી ત્રાસા,
ગીરિ બન નદી તાલ છબી છાયે,
દિન દિન પ્રતિ અતિ હોહિં સુહાયે.

ટૂંકમાં ગોદાવરી એ એક એવો પ્રવાહ છે જેમાંથી પર્વતની માફક મણી નીકળે છે, અને આ વાત ગોસ્વામીજી ઉત્તરકાંડના રૂપકમાં કહે છે.

પાવન પર્વત બેદ પુરાના,
રામકથા રૂચીરાકર નાના.

ભક્તિમણિ ત્યાંથી પ્રગટ થાય છે, પર્વતની ખાણમાંથી મણિ કોલસાને હીરા નીકળે છે, પરંતુ આ તો પ્રવાહ છે, અહીં મણિ નહીં પણ મોદ નીકળે છે. અહીં તો મોદ, વિનોદ અને પ્રમોદ, એટલે કે વિશ્રામની અનુભૂતિ થાય છે. તુલસીદાસજી આ ચાર પંક્તિ ટાંકીને કહે છે કે મહાત્માઓ નિર્ભય થઈ ગયાં, અને પક્ષી મૃગ સર્વજીવ આનંદિત થઈને રહે છે.

ચિત્રકૂટ રઘુનંદનું છાયે,
સમાચાર સુની સુની મુનિ આયે.

સીતાને સમાહિત જ કરવા હોય તો ગોદાવરી જેવી શીતલ ગોદમાં સમાહિત કરો, જડ નહીં પરંતુ જીવંત પ્રવાહમાં સમાહિત કરો, દેશની સીતા બળે નહીં, એ આવશ્યક છે એટલા માટે માનસની સીતાને સમજવી બહુ જરૂરી છે.

સીતાજીના બે સ્વરૂપ રામચરિત માનસમાંથી પ્રાપ્ત થાય છે એક તો તુલસીદાસજી એ જેનું વર્ણન કર્યું છે એ લીલા વાળી સીતા અને બીજી જે રામના મુખેથી જેનો પરિચય પ્રાપ્ત થાય છે તે આદ્યશક્તિ પરાઅંબા મા ભગવતી જાનકી. તુલસીદાસજી લખે છે,

જનક સુતા જગ જનની જાનકી,
અતિશય પ્રિય કરુણા નિધાન કી.

પરંતુ જે રામને અત્યંત પ્રિય છે એવી સીતાનો પ્રભુ રામ કઈ રીતે પરિચય આપે છે તે જોઈએ.

આદિ શક્તિ જેહી જગ ઉપજાયા,
સો અવતરી મોરી યહ માયા.

નૈમિશારણ્યમાં ગોમતીના તટ પર મનુ અને શતરુપા એ વર્ષો સુધી તપ કર્યું અને ભગવાન એમની સમક્ષ થયા, એમની સાથે મા સીતા પણ હતા. એમનો પરિચય આપતા તેમણે કહ્યું કે આ પરાઅંબા છે, આદિ શક્તિ છે, સર્જક પરાઅંબા છે.

કવિ કાગબાપુની રચના સોનલ મા આભ કપાળી ભજા તન ભેડિયા વાળી''નું સ્મરણ કરે છે.

જાનકી તો આદિ શક્તિ છે અને અદભુત શક્તિ ધરાવે છે જ, પરંતુ રામ કહે છે કે હું કંઈ જ કરતો નથી, આ બધું જ સીતા કરે છે. રામ જે કહેવા માંગે છે, તે એ જ સીતાની વાત છે, જે કરે છે બધું જ છતાં અહંકાર કરતી નથી. એટલે કે આપણે તો જરાક અમથું કામ કરીએ અને લોકો આપણી પીઠ થાબડી કે પ્રશંસા કરે એવું ઈચ્છતા હોઈએ છીએ. જાનકી એ મા આદ્યશક્તિના સ્વરૂપમાં સમગ્ર સૃષ્ટિની રચના કરી, પણ ક્યારેય એ વાતનો અહમ કર્યો નથી! પણ એનો મહિમા ઠાકુર જાણે જ છે.

વિભવ ભેદ કછું કોઉ ન જાના,
સકલ જનક કર કરહી બખાના.

જ્યારે બીજો વનવાસનો પ્રસંગ આવે છે જ્યારે પ્રભુ શ્રીરામ માતા સીતાને સમજાવે છે કે તેનું કર્તવ્ય અહીં રહી, સાસુની સેવા કરવાનું છે, વનમાં આવવા માટેનું નહીં! પરંતુ આપણે સૌ જાણીએ છીએ, તેમ સીતાજી ભગવાન રામ સાથે વનમાં જાય છે, પણ પાછળથી તેને ખૂબ જ પસ્તાવો થાય છે કે, મારા ભગવાને કહ્યું અને મેં તેની આજ્ઞા માની નહીં! આથી તે દરેક સાસુમા માટે એક જાનકીનું નિર્માણ કરી એની સેવામાં ગોઠવી દે છે, અયોધ્યા કાંડમા રાજા દશરથની ૭૦૦ રાણીઓનો ઉલ્લેખ જોવા મળે છે, અને એ રીતે જાનકી દરેકની સેવામાં ઉપલબ્ધ થાય છે! અને આ છે મા આદિ શક્તિ જાનકીની પરમશક્તિનું ઉદાહરણ. પરંતુ પોતે સમર્થ હોવા છતાં એના સામર્થ્યના એને ક્યાંય વખાણ કર્યા નથી, એ જ તેની ખાસિયત છે. પ્રભુ કહે ત્યારે અગ્નિમાં સમાઈ જાય છે, હનુમાનજીના હૃદયમાં સમાઈ જાય છે, ક્યારેક પર્વતમાં છુપાઈ જાય છે, અરે છોડો રાવણ જેવા દુશ્મનના હૃદયમાં પણ સ્થાન મેળવી લે છે, અને છતાં આદ્યશક્તિ દાસી બનીને રામના ચરણોમાં રહે છે.

તો ગોદાવરી એવી ગોદ છે જે સૌને પોતાનામાં આવરી અને વિનોદ પ્રમોદ અને મોદ કરાવે છે. મારી રીતે પણ ગાદી કરતા ગોદનું મહત્વ વધારે છે. ગોદમાં શીતળતાનો અનુભવ થાય છે, જ્યારે ગાદી એક સળગતો અંગાર હોય છે. વ્યાસપીઠ માટે સૌથી સારી ગોદ એટલે સદગુરુની ગોદ છે. સત્સંગ એ સંતોની ગોદ છે, તો શાસ્ત્ર એ ઋષિમુનિઓની ગોદ છે.

કથાના ક્રમમાં આગળ વધતાં એમણે કહ્યું કે આપણે નામ મહિમાનો સંક્ષિપ્તમાં ગાન કર્યું હતું, અને અને ત્યારબાદ માનસના ચાર ઘાટ પર કથા ચાલી રહી છે એનો ઉલ્લેખ કર્યો. પાર્વતી જિજ્ઞાસા વ્યક્ત કરે, એ રીતે રામ કથાનો પ્રારંભ બતાવ્યો છે. ભગવાન શંકર પાર્વતીજીને રામ જન્મના પાંચ કારણો બતાવે છે, અને એ પાંચેય કારણથી આપણે પરિચિત છીએ. રાવણ કુંભકર્ણ અને વિભિષણ એ ખૂબ તપ કર્યું, અને વરદાન પ્રાપ્ત કર્યા. રાવણે વરદાનનાં બળે સમગ્ર સૃષ્ટિ પર ખૂબ જ અત્યાચાર કર્યો, અને પૃથ્વી વ્યાકુળ થઈ ગઈ. તે કામધેનુ રૂપ ધારણ કરી દેવતાઓ પાસે ગઈ, અને પોતાના દુઃખનું કારણ બતાવ્યું. દેવતાઓ પૃથ્વીને લઈને બ્રહ્માજી પાસે જાય છે, અને બધાં ત્યાંથી જ પ્રભુને પોકાર કરે છે, ત્યારે આકાશવાણી થઈ અને તેમણે પોતાના અવતાર રૂપેનાં જન્મની વાત કરી.

રાજા દશરથ અત્યંત બુદ્ધિશાળી અને શક્તિશાળી હતાં, તેમને ત્રણ ત્રણ રાણી હતી છતાં તેમને સંતાન સુખ હતું નહીં, આથી તે પોતાની દ્વિધા લઈને ગુરુદેવ પાસે જાય છે, અને શું પોતાના ભાગ્યમાં પુત્ર સુખ નથી? એવી જિજ્ઞાસા વ્યક્ત કરે છે. કુલગુરુ વશિષ્ઠ તેમને પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવે છે. યજ્ઞના અંતે યજ્ઞ દેવતા પ્રસાદનો ચરુ લઈને પ્રગટ થાય છે. રાજા પોતાની ત્રણેય રાણીઓને આ પ્રસાદ આપે છે, અને એના કારણે કાલ અવધિ સમાપ્ત થતા રઘુકુલમની રામ કૌશલ્યાના અંકમાંથી પ્રગટ થાય છે.

ભય પ્રગટ કૃપાલા દિન દયાળા કૌશલ્યા હિતકારી,
હર્ષિત મહતારી મુનિ મન હારી અદભુત રૂપ બિચારી.

પરમાત્માના દિવ્ય વિગ્રહના મા કૌશલ્યએ દર્શન કર્યા અને માતા ઈશવરને બાળક બનતા શીખવાડીને પછી રડવાનું કહે છે. ભક્તિનું આ સામર્થ્ય છે કે તે વિરાટને વામન બનાવી શકે છે.ભગવાન બાળક બની જાય છે, અને બાળકની જેમ રડવા લાગે છે, તેના રડવાનો અવાજ સાંભળીને અન્ય રાણીઓ તેમજ દાસીઓ દોડી આવે છે, અને ભગવાનના જન્મની વધાઈ આપે છે. આમ દશરથ નંદન રામના જન્મની કથા કરી પૂજ્ય બાપુ પણ માનસ ગોદાવરીનાં પાંચમા દિવસની કથાને વિરામ આપે છે.

સંકલન- ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### ઈન્ટરનેટના યુગમાં આંગળીના ટેરવે ઉપલબ્ધ સુવિધાનો સારો ઉપયોગ થાય તો સારૂ અન્યથા આવે માઠુ પરિણામ

# ટેણીયાએ ઈન્સ્ટાગ્રામમાં રીલ જોઇ ઘરમાં ઘુસી લાખોની ચોરી કરી

## પોલીસે ભેદ ઉકેલી દાગીના-રોકડ કબ્જે કર્યાઃ પુછતાછમાં કહ્યું-એક રીલમાં સીડી મુકી ચોરી કરવામાં આવતી હોય તેવો વિડીયો હતો, એ જોઇ મેં પણ આવું કર્યુ!

રાજકોટઃ સોશિયલ મિડીયાનો સારો સાચ્ચો ઉપયોગ થાય તો સારી વાત છે. પરંતુ ઘણીવાર આમાંથી તરૂણો, સગીરાઓ ખોટુ ગ્રહણ કરી ગુનાખોરીના રસ્તે ચડી જાય છે. આવી જ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં સોશિયલ મિડીયામાં રીલ્સ જોવાની ટેવ ધરાવતાં એક તરૂણે તેમાંથી પ્રેરણા લઇને એક ઘરની બાલ્કનીમાંથી ઘરમાં ઘુસી સોનાનું મંગલસુત્ર અને રોકડ ચોરી લીધી હતી. જોકે પોલીસે ભેદ ઉકેલીને આ સગીરને પકડી લીધો હતો. બીજી તરફ કંઇ નહિ તો લૂંટારૂ એવા બે શખ્સ પશુપાલકને માર મારી તેના ઘેંટાની લૂંટ કરી ભાગી ગયા હતાં. પોલીસે ભેદ ઉકેલી આરોપીઓને પકડી ઘેંટાને છોડાવ્યા હતાં.

વિગતો જોઈએ તો આ લાલબત્તી સમાન કિસ્સો સાણંદમાં બન્યો છે. અહિ એક કિશોરે ઈન્સ્ટાગ્રામ રીલ્સથી પ્રેરાઈને ઘરફોડ ચોરી કરી હતી. પોલીસે આ કેસમાં ચાર લાખ ઉપરાંતનો મુદ્દામાલ રિકવર કર્યો છે. સાણંદના પ્રેરણાતીર્થ જૈન મંદિરની બાજુમાં આવેલા નિર્મિત ફલોરામાં બની હતી. કિશોરે સીડી વાટે બાલ્કનીમાંથી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ ફરિયાદીના રૂમના કબાટમાંથી સાત તોલાનું મંગળસૂત્ર જેની કિંમત ૨.૪૫ લાખ રૂપિયા, બે જોડી સોનાની બુટ્ટી કિંમત ૧૨ હજાર રૂપિયા અને રોકડ રકમ ૧.૭૧ લાખ રૂપિયા મળી કુલ ૪ લાખ ઉપરાંતની ચોરી કરી હતી.

ચોરીની આ ઘટના અંગે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે બાતમીદારોને સક્રિય કર્યા હતા. પોલીસે માહિતીના આધારે કિશોરને તેના વાલી સાથે પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યો હતો.પૂછપરછમાં કિશોરે કબૂલાત કરી હતી કે તેણે ઈન્સ્ટાગ્રામ રીલ્સ જોઈને આ ચોરી કરી હતી. ઘરમાં કોઈ ન હોવાનું જોઈને તેણે સીડી મૂકીને ગેલેરીમાંથી રૂમમાં પ્રવેશ કર્યો હતો. પોલીસે કિશોર પાસેથી સંપૂર્ણ મુદ્દામાલ રિકવર કર્યો છે અને તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી.

બીજી તરફ લૂંટની એક ઘટના અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં બની છે. અહિ મિલકત સંબંધી



બીજી ઘટનામાં કારમાં આવેલા બે લૂંટારૂ પશુપાલકને ફટકારી ઘેંટા લૂંટી ગયા પોલીસે ભેદ ઉકેલી લૂંટારાઓને પકડી લીધા

ગુનાઓને અટકાવવા પોલીસે વિશેષ ઝુંબેશ હાથ ધરી છે. આ અંતર્ગત બગોદરા પોલીસે ઘેટાંની લૂંટના ગુનામાં ત્વરિત કાર્યવાહી કરી બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. રાત્રે પોણા એકાદ વાગ્યે ગુંદાનાપરા ગામના પાટિયા સામે ખેતરમાં એક માલધારી ઘેટાં ચરાવી રહ્યા હતા. તે સમયે સિલ્વર કલરની ફોરવ્હીલ ગાડીમાં આવેલા આરોપીઓએ માલધારી સાથે ઝપાઝપી કરી હતી. આરોપીઓએ માલધારીને લાકડી વડે માર મારી ઈજા પહોંચાડી અને ચાર ઘેટાં ગાડીમાં ભરી ફરાર થઈ ગયા હતા. ધોળકા સર્કલ પીઆઇ એચ.એન. બારીઆના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ જી.કે. ચાવડાએ તપાસ હાથ ધરી હતી. તપાસમાં૪૩૪૧ નંબરની બ્રેઝા કાર મટોડા ખાતેથી મળી આવી હતી. પોલીસે મુખ્ય આરોપી મહેશભાઈ રમણભાઈ ચુનારા (રહે. વાલીયાપુરા, મટોડા)ની ધરપકડ કરી હતી.

આ શખ્સની પૂછપરછમાં જાણવા મળ્યું કે આ ગુનામાં કુલ છ આરોપીઓ સંડોવાયેલા છે. ચોરાયેલા ઘેટાં મનિષ ભરતભાઈ ચુનારા (રહે. ચાંગોદર)ને રૂ.૧૭,૦૦૦માં વેચવામાં આવ્યા હતા. પોલીસે ચારેય ઘેટાં જીવિત હાલતમાં રિકવર કર્યા છે. બ્રેઝા ગાડી સહિત કુલ રૂ.૫.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પોલીસે ગણતરીના કલાકોમાં જ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. હાલ બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય આરોપીઓની શોધખોળ ચાલુ છે. જેના નામ ખુલ્યા છે તેમાં નટુભાઈ સુરેશભાઈ દેવીપુજક રહે.શિયાળ તા.બાવળા જી.અમદાવાદ, પ્રકાશભાઈ રતીલાલ ચુનારા રહે. ઓગણીયાવાસ, મટોડા તા.સાણંદ જિ.અમદાવાદ, રામુભાઈ શાંતીભાઈ ચુનારા રહે. જુડા તા.સાણંદ જી.અમદાવાદ, ઉલ્લાસ ચુનારા રહે. ટેકરાવાળો વાસ, ચાંગોદર તા.સાણંદ જિ. અમદાવાદ અને ભરત માધાભાઈ ચુનારા રહે. ચામુંડા માતાજીના મંદીરની બાજુમાં, ચાંગોદર તા.સાણંદ જિ.અમદાવાદના નામ ખુલતાં આ તમામની શોધખોળ થઇ રહી છે. આમ કંઇ નહિ તો ઘેંટાની લૂંટ થઇ જતાં પોલીસ પણ ચકરાવે ચડી હતી. જો કે ભેદ ઉકેલી નાંખ્યો હતો.

# ખેતરોનો સર્વે કરી ગાંજાનું વાવેતર શોધી કાઢવા ખેતીવાડી વિભાગને આદેશ

## રાજકોટ જિલ્લામાં ડ્રગના દૂષણ સામે જાગૃતિ લાવવા સરકારી કાર્યક્રમોમાં લેવડાવવામાં આવશે શપથ : જિલ્લા કલેકટરે આપી સૂચના

રાજકોટ તા. ૨૮

શહેર અને જિલ્લામાં હાલ ડ્રગ્સ નું દુષણ જે ગતિએ વધી રહ્યું છે તેના પર રોપ મુકવા માટે હાલ દરેક સંભવત પ્રયત્નો કરવામાં આવે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ વિભાગોને સૂચિત કરવામાં આવ્યા છે ત્યારે ગઈકાલે યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં રાજકોટ જિલ્લામાં વિવિધ ખેતરોનો સર્વે કરવા અને ગાંજાનું વાવેતર શોધી કાઢવા માટે ખેતીવાડી વિભાગને જિલ્લા કલેકટર દ્વારા સૂચના પણ આપવામાં આવેલી છે. રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને ગઈકાલે રાજકોટ જિલ્લા કક્ષાની નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી, જેમાં ડ્રગ્સના દૂષણને નાથવા યુવાનોમાં જાગૃતિ કેળવવા પર ખાસ ભાર મુકાયો હતો. આ સાથે જાગૃતિ ઝુંબેશ વધારવા તથા સરકારી કાર્યક્રમોમાં ઉપસ્થિત નાગરિકો, યુવાનોને 'સે નો ટુ ડ્રગ્સ'ના શપથ લેવડાવવા નિર્દેશ આપવામાં આવ્યા હતા.



જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ આ બેઠકમાં જણાવ્યું હતું કે, શાળા-કોલેજ નજીક તમાકુ, સિગારેટ કે ડ્રગ્સનું વેચાણ ન જ થવું જોઈએ. તેમણે આવા વિતરકો પર દરોડા વધારવા સૂચના આપી હતી. ડ્રગ્સના દૂષણને સમાજમાંથી નાબૂદ કરવા સરકારશ્રી પણ ખાસ ભાર મુકી રહી છે, ત્યારે લોકોમાં તેમજ યુવાનોમાં વધુ જાગૃતિ લાવવા માટે નશાબંધી ખાતાને જનજાગૃતિ ઝુંબેશનું પ્રમાણ વધારવા તેમણે જણાવ્યું હતું. એટલું જ નહીં, સરકારી કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં તમામ સમાજના લોકો જોડાતા હોય છે, ત્યારે આવા કાર્યક્રમોમાં પણ નશો-ડ્રગ્સથી દૂર રહેવાના શપથ લેવડાવવા પણ પ્રાંત અધિકારીઓને નિર્દેશ અપાયા હતા. રાજકોટ જિલ્લામાં છુપાઈને થતું ગાંજાનું વાવેતર શોધી કાઢવા માટે કલેક્ટરે પાકના સર્વે વખતે સઘન અવલોકન કરવા તેમજ ડેમો આસપાસની ખાલી જગ્યામાં પણ સર્વે કરવા ખેતીવાડી ખાતાને સૂચના આપી હતી. કલેકટરે મેડિકલ સ્ટોરમાં પ્રિસ્ક્રિપ્શન વિના વેચાતા નશીલા સીરપના વેચાણ પર સઘન નિરીક્ષણ રાખી પરિણામલક્ષી કામગીરી કરવા સૂચના આપી હતી.

પોલીસ અધિક્ષક હિમકર સિંહે જણાવ્યું હતું કે, ડેમો આસપાસ પાણી ઉતરે, પછી ખાલી જગ્યામાં અમુક તત્ત્વો છુપાઈને ગાંજાનું વાવેતર કરી લેતા હોય છે. આથી તેમણે આવી જગ્યાઓ પર સર્વે જરૂરી ગણાવ્યો હતો. આ સાથે ગાંજાનું વાવેતર શોધી કાઢવા ડ્રોનના ઉપયોગનો અનુરોધ પણ તેમણે કર્યો હતો. રાજ્ય સરકાર ડ્રગ્સના દુષણને ડામી દેવા સતત પ્રયત્નશીલ છે, ત્યારે રાજકોટ શહેર તેમજ જિલ્લામાં ડ્રગ્સ વિરોધી પ્રવૃત્તિ કરતા લોકો વિરુદ્ધ કડકાઈથી કામગીરી કરવા, પોલીસ તેમજ એસ.ઓ.જી.વિભાગ કટિબદ્ધ છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, રાજકોટ ઝોન-૨ ડી.સી.પી. જગદીશ બંગરવા, નિવાસી અધિક કલેક્ટર એ.કે. ગૌતમ, આસિસ્ટન્ટ કલેકટર મહેક જૈન, પ્રાંત અધિકારી ચાંદની પરમાર, વિમલ ચક્રવર્તી, આર.આર. ખાંભરા, રાહુલ ગમારા, નાગાજણ તરખલા, પ્રિયંક ગલચર, એસ.ઓ.જી.ના અધિકારી, ફૂડ એન્ડ ડ્રગ વિભાગ, ફોરેન્સિક વિભાગ વગેરે વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# NSIC દ્વારા ત્રિદિવસીય આંત્રપ્રીન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ શરૂ

## ૧૫૧ વિદ્યાર્થીઓ માટે તાલીમ વર્ગનું કરાયું આયોજન



રાજકોટ, તા. ૨૮

રાજકોટની સરકારી પોલીટેકનીક અને નેશનલ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન (NSIC) રાજકોટના સંયુક્ત ઉપક્રમે તથા જે.કે. મશીન ટુલ્સ તથા સોહમ ઈમ્પેક્ષના પ્રકાશભાઈ પટેલ અને નિકુંજભાઈ પટેલના આર્થિક સહયોગથી સરકારી પોલીટેકનીક ખાતે વિદ્યાર્થીઓ માટે ત્રિદિવસીય આંત્રપ્રીન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામની શરૂઆત આચાર્ય ડો. એ. એસ. પંડ્યા દ્વારા શાબ્દિક સ્વાગતથી કરવામાં આવી હતી. અને સંસ્થાના વુમન ડેવલપમેન્ટ સેલના કન્વીનર તથા ઈવેન્ટના કોઓર્ડીનેટર કુ. વી. એમ. પટેલ દ્વારા આભારવિધિ સાથે વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા, વિવિધ અનુભવો તથા સલાહસૂત્રો સમજાવ્યા હતા. ત્યાર બાદ, NSIC રાજકોટના ભરતભાઈ ચૌહાણ દ્વારા ૧૫૧ વિદ્યાર્થીઓ માટે તાલીમસત્રની શરૂઆત કરવામાં આવેલ હતી.આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન એ.સી.પી. બી.પી. જાદવ, રાજકોટના NSIC જનરલ મેનેજર ઉપેન્દ્ર કોહલી, NSICના ચીફ મેનેજર શુભાશિષ દાસ, માર્ગ અને મકાન વિભાગના ડેપ્યુટી એન્જિનિયર વાણીયા, કેમિકલ વિભાગના વડા એ. ડી. સ્વામિનારાયણ અને વિવિધ વિભાગના વડાઓ, વ્યાખ્યાતાઓ તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વધુ છ લોકોની જિંદગી ઓચીંતી ખતમ થઇ જતાં પરિવારજનો, સ્નહીજનો શોકમાં ડુબી ગયા

# બિમારી સામે થાકેલા વૃધ્ધા ઝેરી પાવડર પી જતાં જિંદગી ખતમ

## એક વૃધ્ધને પત્નિના અવસાન બાદ બીજા લગ્ન કરવા હતાં, પરિવારે ના પાડતાં રિસાઇને ઘર છોડ્યા પછી લાશ મળીઃ મહિલાનું ખાનગી હોસ્પિટલમાં મૃત્યુ થતાં પરિવારે કર્યો ડોક્ટરની બેદરકારીનો આક્ષેપ

રાજકોટઃ અપમૃત્યુની ઘટનાઓના સિલસિલા વચ્ચે વધુ છ લોકોની જિંદગીની સફરનો અંત આવી ગયો હતો. એક વૃધ્ધા બિમારી સામે હારી જતાં થાકી જતાં ઝેરી પાવડર પી મોતને વ્હાલુ કરી લીધુ હતું. બીજા બનાવમાં એક વૃધ્ધના પત્નિનું કોરોનાથી મૃત્યુ થયા બાદ બીજા લગ્ન કરવા હોઇ પરિવારજનોએ ના પાડતાં રિસાઇ જઇ ઘરેથી નીકળી ગયા બાદ તેમની લાશ મળી હતી. કદાચ તેમણે આપઘાત કર્યાની શક્યતાએ પોલીસે તપાસ યથાવત રાખી હતી. ત્રીજા બનાવમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન એક મહિલાનું મોત થતાં પરિવારે ડોક્ટરની બેદરકારીનો આરોપ મુકતાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ થયું હતું. અન્ય ત્રણ બનાવોમાં બેભાન હાલતમાં ત્રણ લોકોના મૃત્યુ થતાં હતાં. આ છએય મૃતકોના સ્વનજો, સ્નહીજનોમાં શોકની કાલીમા વ્યાપી ગઇ હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો શહેરના દોઢસો ફુટ રીંગ રોડ પર રાધે હોટેલ પાછળ વૃજલીલા એપાર્ટમેન્ટ-૩૦૨ કિશન પાર્કમાં રહેતાં વિજ્યાબેન બાબુભાઇ કોરીયા નામના પાંસઠ વર્ષના વૃધ્ધાએ ઘરે ઘઉંમાં રાખવાનો ઝેરી પાવડર પી લેતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તપાસમાં ખુલ્યા મુજબ વિજ્યાબેને ગઇકાલે બપોરે આ પગલુ ભરી લેતાં ગિરીરાજ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. જો કે રાતે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

આ ઘટનાની ખાનગી હોસ્પિટલ મારફત જાણ થતાં તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઇ એલ. બી. ડીંડોર, હેડકોન્સ. કિરીટભાઇ રામાવતે જરૂરી કાર્યવાહી કરી હતી.



ત્રણ ઘટનામાં બેભાન હાલતમાં ત્રણ લોકોએ અંતિમ શ્વાસ લીધા

તપાસમાં ખુલ્યા મુજબ વિજ્યાબેન અને તેમનો પરિવાર મુળ માંગરોળનો વતની છે. થોડા સમય પહેલા જ તેઓ રાજકોટ રહેવા આવ્યા હતાં. વિજ્યાબેનને માનસિક બિમારી હોઇ તેની દવા જુનાગઢના ડોક્ટર પાસે ચાલુ હતી. જેનાથી સારુ થઇ ગયું હતું. પણ હાલમાં દવા મુકી દેતાં ફરી તબિયત બગડતાં તેમણે કંટાળીને ઝેરી પાવડર પી લીધો હતો. વિજ્યાબેનના પતિને શાપર વેરાવળમાં પ્લાયવૂડનું કારખાનુ છે. સંતાનમાં બે પુત્ર અને ચાર પુત્રી છે.

બીજા બનાવ પર નજર કરીએ તો સુરેન્દ્રનગરના મુળીમાં રહેતાં ગિરધરભાઇ મનજીભાઇ સોલંકી નામના પાંસઠ વર્ષના વૃધ્ધ પચ્ચીસમીએ ઘરેથી નીકળી ગયા બાદ ગઇકાલે તેની લાશ વગડીયા-ખાખરા વચ્ચેથી મળી આવતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મોતનું કારણ જાણવા પોલીસે મૃતદેહનું રાજકોટમાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. ગિરધરભાઇ બુધવારે ઘરેથી નીકળી જતાં પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. પણ પત્તો ન મળતાં પોલીસને જાણ કરી હતી. દરમિયાન ગઇકાલે તેમની લાશ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. ગીરધરભાઇ બફના કારખાનામાં કામ કરતાં હતાં અને ચાર બહેન તથા પાંચ ભાઇમાં નાના હતાં. મૃત્યુ પામનાર ગિરધરભાઇને સંતાનમાં બે પુત્રી અને ત્રણ પુત્ર છે. પોલીસના જણાવ્યા મુજબ ગિરધરભાઇના પત્નિનું કોરોનામાં અવસાન થયું હતું. આ પછી તેમને બીજા લગ્ન કરવા હોઇ પરિવારજનો ના પાડતાં હતાં. આ કારણે રિસાઇને તેઓ ઘરેથી નીકળી ગયા હતાં. તેમણે આપઘાત કર્યો કે હાર્ટએટેકથી મોત થયું? તેની તપાસ પોલીસે યથાવત રાખી હતી. ત્રીજા બનાવમાં ચોટીલાના પીપરાળી ગામે રહેતાં રાધીબેન અરજણભાઇ ખટાણા નામના પાંત્રીસ વર્ષના મહિલાને બિમારીની સારવાર માટે કુવાડવાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હોઇ અહિ ગત સાંજે તેમનું મૃત્યુ થતાં પરિવારજનોએ તબિબી બેદરકારીનો આક્ષેપ કર્યો હતો. મૃત્યુ પામનાર રાધીબેનને સંતાનમાં બે પુત્ર છે. તેમના પતિ ખેતી કરી ગુજરાન ચલાવે છે. સગાએ જણાવ્યું હતું કે રાધીબેનને શ્વાસ લેવામાં તકલીફ થતાં અને છાતીમાં કફ ભરાઇ જતાં બારેક દિવસ પહેલા કુવાડવાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતાં. જ્યાં સાત દિવસની સારવાર બાદ રજા અપાઇ હતી. પરંતુ ગત ત્રેવીસમીએ ફરી ઓક્સિજન લેવલ ઘટી જતાં અમે તેને ફરી અહિ દાખલ કર્યા હતાં. ડોક્ટરે રાધીબેનને કોઇ તકલીફ નથી, સારુ થઇ જ જશે તેવી ખાત્રી અમને આપી હતી. પરિવારજનોએ કહ્યું હતું કે અમે એવી પણ વાત કરી હતી કે જો અમદાવાદ કે રાજકોટ લઇ જવા પડે તેમ હોય તો અમને જણાવો. પરંતુ અમને સતત એવુ કહેવાયું હતું કે રાધીબેનને એકદમ સારુ છે, કોઇ તકલીફ નથી. ૨૩મીએ અમે ફરીથી તેમને દાખલ કર્યા ત્યારે તેઓ ચાલીને જ અંદર ગયા હતાં. દરમિયાન ગુરૂવારે બપોર બાદ પણ અમે વાત કરતાં રાધીબેનની તબિયત એકદમ સારી છે તેવુ કહેવાયા બાદ સાંજે આઇસીયુમાં તેમનું મૃત્યુ થયાનું અને મગજમાં સ્ટ્રોક આવી ગયાનું કે હાર્ટએટેક આવી ગયાનું કહેવાયું હતું. સારવારમાં બેદરકારીથી અમારા સ્વજનનું મૃત્યુ થયાનું અમને લાગતાં પોલીસને જાણ કરી હતી. તેમ સગાએ વધુમાં કહ્યું હતું. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ પોલીસ આગળ કાર્યવાહી કરશે. અન્ય બનાવોમાં બેભાન હાલતમાં ત્રણ લોકોના મૃત્યુ થયા હતાં. રૈયા રોડ વૈશાલીનગર-૬માં રહેતાં જસીબેન બોબીભાઇ પરમાર નામના પિસ્તાલીસ વર્ષના બિમારીથી બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનું મોત થયું હતું. હોસ્પિટલ ચોકીના સી. જી. ઝાલાએ જાણ કરતાં ગાંધીગ્રામના પીએસઆઇ ટી. ડી. જાડેજાએ કાર્યવાહી કરી હતી. મૃતકના કોઇ વાલીવારસ ન હોઇ તેઓ એકલા રહેતાં હતાં. જ્યારે કોઠારીયા રોડ પર અંકુર સોસાયટી રોડ વૃંદાવન સોસાયટી-૫માં રહેતાં અરવિંદભાઇ નરસીભાઇ વાઢેર નામના છપ્પન વર્ષના પ્રૌઢ બિમારીને લીધે બેભાન થઇ જતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃતયુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. માલવીયાનગરના હેડકોન્સ. પી. એચ. ચુડાસમાએ કાર્યવાહી કરી હતી.

જ્યારે ત્રીજા બનાવમાં જુનાગઢની મધુરમ્ સોસાયટીમાં રહેતાં મનસુખભાઇ અળશીભાઇ રાઠોડ નામના એકતાલીસ વર્ષના યુવાનને પેટમાં દુઃખાવો થતો હોઇ સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. ગાંધીગ્રામ પોલીસે પ્રાથમિક કાગળો કરી જુનાગઢ પોલીસને જાણ કરી હતી. આમ છ ઘટનાઓમાં અલગ અલગ પરિવારજનોએ પોતાના સ્વજનોને ગુમાવી દીધા હતાં.

ગઠીયાઓ કેવા કેવા ગાળીયા પરોવતા હોય છે તેની પ્રતીતિ કરવાતો બનાવઃ ગુરૂદ્વારામાં કેમેરા નથી તેની રેકી કર્યા બાદ કાવત્રાને અંજામ આપ્યાની શકયતા

# સાડા છ લાખનું 'તેલ-ઘી પી જનારા' ઠગને શોધવા પોલીસ ઉંધે માથે

## રેસકોર્ષ રીંગ રોડના ગુરૂદ્વારા માટે જોઇએ છે તેમ કહી સિમરસીંગ નામના શખ્સે શાપર-રાજકોટના વેપારીઓ પાસેથી માલ મંગાવ્યો અને ગાયબ થઇ ગયો

રાજકોટઃ ગઠીયાઓ લોકોને છેતરવા માટે કેવા કેવા કરતુતો આચરતા હોય છે તેની પ્રતીતિ કરાવતી ઘટના સામે આવતાં પોલીસ આ ગઠીયાનો શોધવા ઉંધામાથે થઇ છે. રાજકોટના રેસકોર્ષ રીંગ રોડ પર આવેલા ગુરૂદ્વારા માટે તેલ અને ઘીની જરૂર છે તેવા અલગ અલગ વેપારીઓને ફોન કરી સમરસિંગ નામના ગઠીયાએ શાપર ફેકટરીમાંથી તેલના ડબ્બા અને રાજકોટના વેપારીઓ પાસેથી ઘીનો જથ્થો મંગાવ્યો હતો. સામે તેણે પેમેન્ટ પેટે ચેક આપ્યા હતાં. પરંતુ આ બધાના ચેક રિટર્ન થતાં છેતરાયાની જાણ થઇ હતી. વેપારીઓ ગુરૂદ્વારા ખાતે પહોંચ્યા ત્યારે ખબર પડી હતી કે ત્યાં સીસીટીવી કેમેરા પણ નથી. કાવત્રાને અંજામ આપવા ઠગે અહિ પહેલા રેકી કરી બાદમાં પ્લાન પાર પાડ્યો હોવાનું જણાઇ આવ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો છેતરપીંડીની એક ઘટનામાં એક ગઠીયાએ સિમરસિંગ નામ ધારણ કરી શાપરની તેલની ફેકટરીમાં ફોન કરી ત્યાંથી તેલના ડબ્બા અને રાજકોટના અલગ અલગ વેપારીઓને ફોન કરી ત્યાંથી ઘીનો જથ્થો રેસકોર્ષ રીંગ રોડ પરના ગુરૂદ્વારા ખાતે જોઇએ છે તેમ કહી કુલ રૂપિયા ૬,૪૧,૩૩૫નું તેલ–ઘી મંગાવી તેની સામે ખોટા ચેક આપી ઠગાઇ કરતાં પોલીસે તપાસ શરૂ કરી છે. છેતરાયેલા વેપારીઓએ ગુરૂદ્વારા ખાતે જઇ તપાસ કરતાં ત્યાંથી આવો કોઇ માલ મંગાવાયો નહિ હોવાનું અને સિમરસિંગ નામનો કોઇ સેવક કે ટ્રસ્ટી અહિ નહિ હોવાનું કહેતાં ઠગાઇ થયાની ખબર પડી હતી. ફુટેજને આધારે આ ગઠીયાને શોધી કાઢવા તપાસ શરૂ થઇ છે. આ બનાવમાં પ્ર.નગર પોલીસે કોઠારીયા રોડ નિલકંઠ સિનેમા સામે આનંદનગર કોલોની–૬પમાં રહેતાં અને શાપર વેરાવળ ખાતે ગુલાબ ઓઇ એન્ડ ફુડ્સ પ્રા.લી. નામની કંપનીમાં મેનેજર તરીકે કામ કરતાં અલ્પેશભાઇ જીતેન્દ્રભાઇ કોટેચાની ફરિયાદ પરથી સીમરસીંગના નામે ફોન કરનારા સામે એફઆઇઆર દાખલ કરી છે. ફેકટરીના મેનેજર અલ્પેશભાઇ કોટેચાએ જણાવ્યું હતું કે હું ગુલાબ ઓઇલમાં નોકરી કરુ છું અને મારે જે તે પાર્ટીના ઓર્ડર મુજબ લેતીદેતીનું કામ સંભાળવાનું હોય છે. ગત ૧૫મી માર્ચના રોજ હું કંપની ખાતે હતો ત્યારે સીમરસિંગ નામના વ્યક્તિએ મને ફોન કરી કહેલુ કે રેસકોર્ષ રીંગ રોડ પર ગુરૂદ્વારા છે ત્યાં તેલના ૧૪૭ ડબ્બા જોઇએ છે તો ક્યારે મળી જાય? જેથી મેં તેમને કહેલું કે ઓર્ડર આપો પછી બે દિવસમાં જ મળી જાય. આ પછી ૧૭મીએ સિમરસીંગે મને ઓર્ડર લખાવ્યો હતો. એક ડબ્બાના ૨૨૦૫ રૂપિયા લેખે ૧૪૭ ડબ્બાના રૂા. ૩,૨૪,૧૩૫ થાય તેમ મેં કહેતાં તેણે ઓર્ડર મળ્યા બાદ ચેકથી પેમેન્ટ કરશે તેમ કહ્યું હતું. આ પછી મેં ૧૮મીએ કંપની ખાતેથી છોટાહાથી વાહન નં. જીજે૦૩બીઝેડ–૫૭૫૧માં તેલના ૧૪૭ ડબ્બા ભરી ભીલ સાથે રાજકોટ ગુરૂદ્વારા પહોંચાડવા ગાડી રવાના કરાવી હતી. સાંજે પાંચેક વાગ્યે ડ્રાઇવરે ઓર્ડર મુજબ તેલના ડબ્બા ગુરૂદ્વારાના ગેઇટ પાસે ઉતાર્યા હતાં.

જે તે વખતે સિમરસિંગ નામનો શખ્સ ત્યાં ઉભો હોઇ તેણે રૂા. ૩,૨૪,૧૩૫નો ચેક આપ્યો હતો. તેમાં તા. ૧૯–૩–૨૫ લખેલી હતી અને અમને ૨૦/૩ના રોજ ચેક બેંકમાં નાખશો એટલે પેમેન્ટ મળી જશે તેમ કહ્યું હતું. એ પછી મેં ૨૦મીએ ચેક બેંકમાં નાંખતા તે રીટર્ન થયો હતો. જેથી સિમરસિંગના મોબાઇલ નંબર પર ફોન કરતાં તે બંધ આવતો હોઇ મેં કંપનીના માલિક વિદીતભાઇ નથવાણી અને કર્મચારી યોગેશભાઇને વાત કરતાં અમે બધા ગુરૂદ્વારા ખાતે પહોંચ્યા હતાં. ત્યાં ટ્રસ્ટી કબીરસિંગ હોઇ તેમને અમે તેલના ડબ્બા બાબતે પુછતાં તેમણે આ ગુરૂદ્વારાએ કોઇ તેલ મંગાવ્યું નથી તેમ કહ્યું હતું. આથી અમારી સાથે છેતરપીંડી થઇ હોવાની ખબર પડી હતી. વધુ તપાસ કરતાં અમને જાણ થઇ હતી કે આ રીતે સિમરસિંગ નામના શખ્સે ઘીના વેપારી અનીકેતભાઇ સુરેશભાઇ વસદાણી સાથે પણ છેતરપીંડી થઇ છે. તેમની કંપનીના સેલ્સ ઓફિસરને પણ ફોન કરી ૫૨૦ લિટર ઘી સિમરસિંગ નામના શખ્સે ૧૮/૩ના રોજ રાજકોટ રેસકોર્ષ રીંગ રોડના ગુરૂદ્વારા ખાતે મંગાવ્યું હતું. જેના રૂા. ૧,૫૨,૫૦૦ થતાં હતાં. તેમની દુકાન જંકશન પ્લોટ–૫માં આવેલી છે. ત્યાંથી તેમણે આ ઘી મોકલ્યું હતું. આ રીતે ત્રીજા ડીલર પરાગભાઇ જયંતિભાઇ સુચક કે જે વૈશાલીનગર–૨માં રહે છે તેમણે પણ રૂા. ૧,૬૪,૭૦૦નું ૨૭૦ લિટર ઘી ગુરૂદ્વારા ખાતે મોકલ્યું હતું. તેમણે આ ઘી ગુરૂદ્વારાની અંદર ઉતાર્યુ હતું. આ ઘીના ચુકવણા પેટે ચેક અપાયો હતો. જો કે આ બધા ચેક રિટર્ન થયા હતાં. અમે બધાએ ગુરૂદ્વારા ખાતે જઇને તપાસ કરતાં ખબર પડી હતી કે તેલ–ઘી મંગાવનારો સિમરસિંગ નામનો કોઇ વ્યક્તિ આ ગુરૂદ્વારામાં સેવક કે ટ્રસ્ટી નથી. તેનું સાચુ નામ સિમરસિંગ છે કે કેમ? તેની પણ ખબર નથી. આ રીતે સિમંરસિંગ નામના શખ્સે ગુરૂદ્વારાના નામે કુલ રૂા. ૬,૪૧,૩૩૫ના તેલ–ઘી મંગાવી બારોબાર લઇ જઇ ઠગાઇ કરી હોવાનું ખુલતાં પ્ર.નગર પોલીસ ઇન્સપેકટર વી. આર. વસાવા, પી.આર. ડોબરીયાની રાહબરીમાં પીએસઆઇ જે. એમ. જાડેજાએ ગુનો દાખલ કરી વિશેષ તપાસ શરૂ કરી હતી. પરંતુ ગુરૂદ્વારામાં કેમેરા જ ન હોઇ હવે પોલીસ બીજા કેમેરા પર ધ્યાન કેન્દ્રીત કરી ગઠીયા સુધી પહોંચવા ઉંધેમાથે થઇ છે.




# હજયાત્રાના નામે વધુ એક ફ્રોડ ભોમેશ્વરના મહિલા લાખોમાં છેતરાયા

## ભત્રીજા મારફત વડોદરાના ટુર્સ ટ્રાવેલ્સ સંચાલક સોયેબ રાણાનો સંપર્ક કરી છ લાખથી વધુ રકમ આપી દીધીઃ પણ ન તો વિઝા મળ્યા ન તો પેકેજ મળ્યુંઃ ગાંધીગ્રામ પોલીસે તપાસ શરૂ કરી

રાજકોટઃ શહેરમાં તેમજ રાજ્યભરમાં અવાર–નવાર લેભાગુ એજન્ટો હજાયાત્રામાં જવા ઇચ્છુકોને છેતરી લેતાં હોય છે. હજ–ઉમરાહના વીઝા પેકેજ કરી આપવાના બહાને ઠગાઇ કરનારા રાજકોટ ભગવતીપરાના ટ્રાવેલ્સ સંચાલકોનો હજુ કોઇ પત્તો નથી ત્યાં વધુ એક બનાવમાં રાજકોટના ભોમેશ્વર પ્લોટમાં રહેતાં મહિલા સાથે હજયાત્રા–ઉમરાહના પેકેજના નામે લાખોની ઠગાઇ થઇ છે.

વિગતો પર નજર કરીએ તો શહેરના ભોમેશ્વર પ્લોટમાં રહેતાં મહિલાએ બે વર્ષ પહેલા વડોદરાના ભંડારી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક સોયેબનો ફોનથી સંપર્ક કરી પેકેજની વાત કરતાં તેણે પહેલા વિઝા સહિતના પેકેજના નામે ૩ લાખ અને બાદમાં બીજા મળી કુલ ૬,૩૫,૦૦૦ મેળવી લઇ હજાયાત્રામાં ન મોકલતાં મહિલાએ રૂપિયા પાછા માંગતા માત્ર ૨૫ હજાર પાછા આપી બાકીના ૬,૧૦,૦૦૦ પાછા ન આપતાં આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે ભોમેશ્વર પ્લોટ–૬/૧૨ના ખુણે ભોમેશ્વર ફાટક પાસે રહેતાં મહિલાની ફરિયાદ પરથી વડોદરાના સોયેબ ઇકબાલભાઇ રાણા વિરૂધ્ધ હજાયાત્રાના નામે છેતરપીંડી કર્યાની ફરિયાદ દાખલ કરાવી હતી. ભોગ બનેલા મહિલાએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહું છું.

અમારે વર્ષ ૨૦૨૩ હજયાત્રા એ જવું હોઇ જેથી મારા સગાવ્હાલાને વાત કરી હતી. ત્યારે મારા ભત્રીજાએ વાત કરી હતી કે મારા મામા તેના પરિવાર સાથે ઉમરાહ કરવા ગયા હતાં.

તેને વડોદરાના ગોરવામાં બિસ્મીલ્લાહ પાર્ક હુસેની પાર્કમાં આવેલા ભંડારી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સવાળાએ પેકેજ આપ્યું હતું. તેણે વ્યવસ્થા પણ સારી ગોઠવી દીધી હતી. આમ કહેતાં મેં ભત્રીજા પાસેથી ફોન નંબર લઇ આ ટુર ટ્રાવેલ્સવાળાને ફોન કરતાં તેણે પોતાનું ના સોયેબ ઇકબાલ રાણા જણાવ્યું હતું. મેં તેને હજયાત્રાની વાત કરતાં તેણે કહેલુ કે તમને આ વર્ષે ૨૦૨૩માં જ હજામાં મોકલી આપીશ. એ પછી તેણે એડવાન્સ પેટે ૩ લાખ રૂપિયા માંગ્યા હતાં. આ રકમ મેં આરટીજીએસથી ત્રણ કટકે તેને મોકલી હતી.

આ પછી તેણે કહેલુ કે તમારા વિઝા નથી હજુ તમારે રૂપિયા આપવા પડશે તેમ કહેતાં મેં ભાણીના ખાતામાંથી ૧ લાખ, પડોશીના ખાતામાંથી ૩૫ હજાર, મારા ખાતામાંથી ૧ લાખ મળી કુલ ૬,૩૫,૦૦૦ સોયેબ રાણાને આપી દીધા હતાં.

ત્યારબાદ પણ તેણે હજનું પેકેજ મને આપ્યું જ નહોતું. વારંવાર ફોન કરવા છતાં તે ગોળ ગોળ જવાબ આપતો હતો.

એ પછી મેં જો પેકેજ ન થાય તો મારા રૂપિયા પાછા આપી દેવાનું કહેતાં તેણે ૨૨/૬/૨૪ના રોજ મને માત્ર ૨૫ હજાર પાછા દીધા હતાં. બાકીના ૬,૧૦,૦૦૦ આપ્યા નહોતાં. હજુ સુધી આ રકમ આપી ન હોઇ છેતરપીંડી થયાનું જણાતાં પોલીસને જાણ કરી હતી.

તેમ વધુમાં મહિલાએ કહેતાં ગાંધીગ્રામ પોલીસ ઇન્સ્પેક્ટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં પીએસઆઇ એ. એસ. મકરાણીએ ગુનો નોંધી આરોપીને શોધવા માટે તજવીજ શરૂ કરી હતી. આ ઘટના પરથી હજયાત્રામાં જવા ઇચ્છુકોએ ચેતવા જેવું છે.




# DCB-PCBના દારૂ-જૂગારના દરોડાઃ કારમાં બોટલો સાથે એક, ક્રિકેટ સટ્ટો રમતાં બે પકડાયા

## ગોંડલ રોડ રસુલપરા, ડો. દસ્તુર માર્ગ અને કાંતા સ્ત્રી વિકાસ ગૃહ પાસે દરોડા

રાજકોટઃ દારૂ જૂગારના દરોડામાં ડીસીબીએ દારૂની બોટલો સાથેની કાર પકડી લીધી હતી. તો પીસીબીએ જૂગાર રમતાં બે શખ્સને પકડી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો રસુલપરા મેઇન રોડ સેવન સ્ટાર ચિકન સામેની શેરીમાં પાર્ક કરવામાં આવેલી સ્વીફટ કારમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરવામાં આવી રહી હોવાની બાતમીના આધારે ડીસીબીની ટીમે સ્થળ પર પહોંચી કારની તલાસી લેતા કારમાંથી જુદી જુદી બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની બોટલ નંગ ૭૮ મળી આવતા પોલીસ દારૂનો જથ્થો અને સ્વિફટ કાર મળી કુલ રૂ.૨,૫૧,૭૮૮નો મુદામાલ કબ્જે કરી અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી હતી. ડીસીબી પોલીસ મથકના પીઆઈ એ.એસ.ગરચરની સૂચનાથી એએસઆઇ અનિલભાઈ સોનારા, પો.કોન્સ. હરપાલસિંહ જાડેજા, જીલુભાઈ ગરચર, ધર્મેન્દ્રસિંહ રાણા સહિતના પેટ્રોલીંગમાં હતા ત્યારે સંયુક્ત બાતમી મળી હતી કે રસુલપરા મેઈન રોડ સેવન સ્ટાર ચિકન સામેની શેરીમાં પાર્ક કરવામાં આવેલી જીજે–૧૩–એઆર–૨૬૨૬ નંબરની સ્વિફટ કારમાં દારૂની હેરફેર કરવામાં આવી રહી છે.

આ બાતમીના આધારે ડીસીબીની ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરતા કારમાંથી ઈંગ્લીશ દારૂની જુદી જુદી બ્રાન્ડની ૭૮ નંગ બોટલ કી.રૂ.૫૧૭૮૮ની મળી આવતા કાર સહીતનો મુદામાલ કબ્જે કરી અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બીજી તરફ શહેર પીસીબીની ટીમે લક્ષ્મીવાડીમાં મોબાઈલ આઈડી ઉપર ક્રિકેટનો સટ્ટો રમતા અને ડો. દસ્તુર માર્ગ પર સરદારનગરમાં મોબાઈલમાં લાઈવ કેસીનોમાં તીનપતીનો જુગાર રમતા બે શખસોને ઝડપી લઇ બંનેના મોબાઈલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી. પોલીસ સૂત્રોમાં નોંધાયેલી વિગત મુજબ પીસીબીનો સ્ટાફ પેટ્રોલીગમાં હતો ત્યારે કાંતા સ્ત્રી વિકાસ ગૃહ પાસે લક્ષ્મીવાડી શેરી નં–૧૬ પર શખ્સ મોબાઈલમાં શંકાસ્પદ પ્રવૃત્તિ કરતો હોવાનું જોવા મળતા શખસ પાસે પહોંચી નામ પૂછતાં પોતાનું નામ સલીમ હાજીભાઇ કુરેશી (રહે- કીર્તિધામ સોસાયટી, કોઠારીયા મેઈન રોડનો હોવાનું જણાવ્યું હતું.

પોલીસે તેની પાસે રહેલો મોબાઈલ ચેક કરતા ક્રિકેટ આઈડીમાં સનરાઈઝ હૈદરાબાદ અને લખનૌ સુપર જાયન્ટ વચ્ચેની ચાલતી મેચ ઉપર હારજીતના રનનો જુગાર રમતો હોવાનું જોવા મળતા પોલીસે મોબાઈલ કબ્જે કરી શખસની અટકાયત કરી ભક્તિનગર પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.

જયારે બીજા દરોડામાં ડો.દસ્તુરમાર્ગ પર સરદારનગરમાંથી અંકિત રાજેશભાઈ સેદાણી (રહે- ગોકુલ ટેર્નામેન્ટ, ૧૫૦ ફૂટ રોડ) નામનો શખસ મોબાઈલ ફોનમાં લાઈવ કસીનોમાં તીનપતીનો જુગાર રમતા પકડી પાડી મોબાઈલ કબ્જે કરી કાર્યવાહી કરી એ ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરાવી વિશેષ તપાસ યથાવત રાખી હતી.



# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા સભાસદ ભેટ વિતરણ

## ટેકનોલોજીના ઉપયોગથી ખૂબ જ ટૂંકાગાળામાં ઝડપથી વિતરણ થઇ રહ્યું છે : દિનેશભાઇ પાઠક

### ઓનલાઇન ભેટ બુક કરવાની છેલ્લી તા. ૩૦ એપ્રિલ હોવાનું સભાસદોએ ધ્યાને લેવા અનુરોધ

રાજકોટ મિરર, તા.૨૮

એશિયાભરમાં સૌથી વધુ સભાસદો ધરાવતી સહકારી બેંક, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા સભાસદ ભેટ વિતરણ કાર્ય સફળતાપૂર્વક ચાલી રહ્યું છે. સભાસદ ભેટને ઓનલાઇન રજીસ્ટર કરવાની

છેલી તા. ૩૦-૪-૨૦૨૫ છે. બેંકના ચેરમેન દિનેશભાઇ પાઠક અને વાઇસ ચેરમેન જીવણભાઇ પટેલની સંયુક્ત યાદી જણાવે છે કે, બેંક દ્વારા તા. ૬ ડિસેમ્બર ૨૦૨૪ના સભાસદ ભેટ વિતરણનો શુભારભ થયો. સભાસદ ભેટ વિતરણ કાર્ય માટે બેંકે જીઆઇએફટી ૨૦૨૪ એપ્લીકેશન લોન્ચ કરી છે. આ એપમાં ભેટ રજીસ્ટર કરાવનારને ઘેર બેઠાં જ ભેટ વિતરણ થઇ જાય છે.આ વખતના સભાસદ ભેટ વિતરણમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થયો અને તેને કારણે ફક્ત ચાર મહીનાના ખૂબ જ ટૂંકાગાળામાં અંદાજે ૧,૫૮,૦૦૦થી પણ વધુ સભાસદોએ પોતાને અનુકુળ સમયે અને સ્થળેથી ભેટ ઓનલાઇન બુક કરી અને તે પેકી ૧,૩૩,૦૦૦થી પણ વધુ સભાસદોને તે ભેટ ઘેર બેઠાં વિતરણ પણ થઇ. આ સમગ્ર કાર્ય માટે ટેકનોલોજી અને ટીમનો સુભગ સમન્વય થયો છે અને તેથી જ સરળતાથી કાર્ય થઇ રહ્યું છે.

હજુ જે કોઇ સભાસદને ઓનલાઇન ભેટ રજીસ્ટર કરવાની બાકી રહી ગઇ હોય તો ભેટ માટેની એપ્લીકેશન ગૂગલ પ્લે સ્ટોર ઉપરથી ડાઉનલોડ કરી ઓનલાઇન રજીસ્ટર કરવા અનુરોધ કરાયો છે. સભાસદ ભેટની વધુ વિગત જોઇએ તો, તા. ૩૦-૯-૨૦૨૪ સુધીમાં રજિસ્ટર્ડ થયેલા સભાસદ ભેટ મેળવવાને પાત્ર છે. સભાસદ ભેટ મેળવવા માટે બેકનું સ્માર્ટકાર્ડ હોવું જરૂરી છે. મોબાઇલ એપમાં તેનો ફોટો અપલોડ કરવાનો હોય છે. આ વખતે ભેટમાં નામાંકિત કંપની વેલસ્પનના ટુવાલ સેટ છે. જેમાં ૨ ટુવાલ અને ૨ નેપકીનનો સમાવેશ થાય છે. ૨૪*૭ કલાક કાર્યરત સભાસદ ભેટ એપ સહુને અનુકુળ રહે છે. સભાસદોની સુવિધા અર્થે ભેટ રજિસ્ટ્રેશન સબંધી સમજુતી માટે મો. ૮૫૧૧૭ ૮૫૦૮૫ ઉપર કામકાજના દિવસો દરમિયાન સવારે ૧૧ થી ૨, અને ૨.૪૫થી સાંજે ૬ સુધીમાં સંપર્ક કરવા તાકીદ કરાઈ છે.





# અસામાજિક ગુંડા તત્વો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરતી પ્ર.નગર પોલીસ

## ૧૦ જેટલા ગુંડા તત્વોના ગેરકાયદે વીજ કનેક્શન બટકાવી નાખ્યા

રાજકોટ મિરર તા.૨૮

શહેરના પ્રધ્યુમનનગર પોલીસ મથક વિસ્તારમા વહીવટી તંત્ર દ્વારા ૧૦ અસમાજીક ગુંડા તત્વો વિરૂધ્ધ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરી હતી. ડી.જી. ગુજરાતમા કાયદો અને વ્યવસ્થાની પરીસ્થીતી જળવાય, લોકોમા સુરક્ષા અને સલામતી અનુભવાય અને સ્થાનીક પોલીસ, વહીવટી તંત્રના માધ્યમથી અસમાજીક ગુંડા તત્વો વિરૂધ્ધ કડક શિક્ષાત્મક કાર્યવાહી થાય તે હેતુથી કાર્યવાહી કરવામાં આવી હતી. રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ જગદીશ બાંગરવા, મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચિમ વિભાગ રાધીકા ભારાઈ નાઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમા કાયદો અને વ્યવસ્થાની પરીસ્થીતી જળવાય, લોકોમા સુરક્ષા અને સલામતી અનુભવાય તથા સ્થાનીક પોલીસ અને વહીવટી તંત્રના માધ્યમથી અસમાજીક ગુંડા તત્વો વિરૂધ્ધ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવા આદેશો આપ્યા હતા. તે અન્વયે પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.આર.વસાવાના માર્ગદર્શન મુજબ પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેતા અસામાજીક તત્વો અકબર ઉર્ફે હકુભા અબ્દુલ ખીયાણી, એઝાઝ ઉર્ફે ટકો અકબર ઉર્ફે હકુભા ખીયાણી, ઈશુભા રીઝવાન દલ, મુસ્તાક અયુબ માલાણી, મંજુબેન ઉમેશ ભોણીયા, અર્જુન ઉમેશ ભોણીયા, સલીમ કાસમ માણેક, યાસીન ઉર્ફે ભુરો ઓસમાણ કઈડા, મીરજાદ હકુભા ખીચાણી, મુસ્તાક હકુભા ખીયાણી, ઈસ્માઈલ આમદ શેખ આમ ૧૦ અસામાજિક તત્વો ગેરકાયદે વીજ કનેક્શન ધરાવતા હતા. આ બાબતે નાયબ ઈજનરે વીજતંત્રની કચેરીને રીપોર્ટ કરી તેઓની ટીમને સાથે રાખી ગેરકાયદે વીજ કનેક્શન કાપી નાખ્યા હતા. આ કામગીરીમાં પી.આઈ. વી.આર.વસાવા, પી.એસ.આઈ. આઈ.એ.બેલીમ, પ્ર.નગર પોલીસ સ્ટેશન ટીમ દ્વારા કરવામાં આવી હતી.

કોઠારીયાના કશ્યપે એવુ કાવત્રુ ઘડ્યું કે ગુંદાવાડીના વેપારી વિશ્વાસ કરી બેઠા અને છેતરાઇ ગયા

# હમણા આવું કહીને સોનાના ચેઇન લઇ જનારો હવે ગોત્યો જડતો નથી

## અમે તો તમારા જુના ગ્રાહક, એટલો તો વિશ્વાસ રાખો તેવી વાતો કરી પોણા ચાર લાખના બે ચેઇન લઇને ગ્યો તે ગ્યોઃ હવે ભક્તિનગર પોલીસ કરી રહી છે શોધખોળ



રાજકોટઃ શહેરમાં ગઠીયાગીરીની ઘટનાઓ રોજીંદી થઇ ગઇ છે. સોની વેપારીઓને મોટે ભાગે બહારના પ્રાંતના અમુક લેભાગુ કારીગરો છેતરી જતાં હોવાના કિસ્સા પણ અનેક વખત બની ચુક્યા છે. પણ આ વખતે એક સોની વેપારીને લોકલ અને જુનો ગ્રાહક એવો શખ્સ છેતરીને પોણા ચાર લાખના સોનાના બે ચેઇન હમણા અડધી કલાકમાં મારા મમ્મીને ચેઇન બતાવીને પાછો આવું તેમ કહીને લઇ ગયા બાદ પાછો જ ન આવતાં પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે. આ ગઠીયાને શોધવા પોલીસ કામે લાગી છે.

વિગતો પર નજર કરીએ તો ગુંદાવાડીમાં રહેતાં અને ત્યાં જ જ્વેલર્સની દુકાન ચલાવતાં વેપારી પાસેથી કોઠારીયામાં રહેતો શખ્સ રૂા. ૩,૭૦,૦૦૦ની કિંમતના બે સોનાના ચેઇન ઘરે મમ્મીને બતાવવા છે તેમ કહીને લઇ ગયા બાદ પાછો ન આવતાં અને ફોન પણ બ્લેક લિસ્ટમાં મુકી દેતાં શોધખોળ બાદ પોલીસને જાણ કરવામાં આવી હતી. આ શખ્સે અમે તો તમારા જુના ગ્રાહક છીએ, અવાર-નવાર દાગીના લઇ જઇએ છીએ, ખાલી ઘરે ચેઇન જોવા માટે ન આપો? તેમ કહી ચેઇન લઇ જઇ ઠગાઇ કરી હતી. આ બનાવમાં ભક્તિનગર પોલીસે ગુંદાવાડી મેઇન રોડ પર શ્રી મકાનમાં એન.આર. જ્વેલર્સના ઉપરના માળે રહેતાં અને ઘર સાથે જ એન.આર. જ્વેલર્સ નામે દુકાન ચલાવતાં સંજયભાઇ નિતીનભાઇ રાધનપુરા નામના સોની વેપારીની ફરિયાદ પરથી કોઠારીયા ગામ લાખા છપ્પર હનુમાનજીના મંદિર પાછળ રહેતાં કશ્યપ કિશોરભાઇ રામાણી વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે.છેતરાઇ ગયેલા વેપારી સંજયભાઇ રાધનપુરાએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને જ્વેલર્સની દુકાનમાંબેસી વેપાર કરુ છું. મારી સાથે મારા પિતા નિતીનભાઇ ન્યાલચંદભાઇ અને નાનો ભાઇ વિવેકભાઇ પણ બેસે છે.

તા. ૧/૩ના બપોરે સાડા ત્રણેક વાગ્યે હું દુકાને હતો ત્યારે અમારી દુકાનેથી અવાર-નવાર ઘરેણા ખરીદી જતો કોઠારીયાનો કશ્યપ રામાણી આવ્યો હતો. આ વખતે હું દુકાનમાં એકલો જ હતો. કલ્શપે ચાર મહિના પહેલા અમારી દુકાનેથી સોનાનો જુનો ચેઇન આપી નવા ચેઇનની ખરીદી કરી હતી અને વિશ્વાસ કેળવ્યો હતો. તેણે ૨૨ કેરેટ સોનાનો ચેઇન બતાવવાનું કહેતાં મેં તેને બે સોનાના ચેઇન બતાવ્યા હતાં. જેમાં એક ૨૦.૨૧૦ ગ્રામનો અને બીજો ૨૬.૦૨૦ ગ્રામ વજનનો હતો. કશ્યપે બંને ચેઇન થોડીવાર જોઇને કહેલુ કે આ ચેઇન મારે ઘરે જઇને બતાવવા પડશે, અડધી કલાકમાં પાછો આવી જઇશ. જેથી મેં ના પાડી હતી અને મારા નાના ભાઇ વિવેક સાથે વાત કરાવી હતી.

આથી મારા ભાઇએ તેને કહેલુ કે આ રીતે પેમેન્ટ કર્યા વગર અમે કોઇને દાગીના લઇ જવા દેતા નથી, હું થોડીવારમાં આવુ પછી વાત કરીએ તેમ કહ્યું હતું. ત્યારે કશ્યપે હું તમારો જુનો કસ્ટમર છું, અવાર-નવાર ઘરેણાની ખરીદી કરી જાઉ છું. ખાલી ઘરે લઇ જવા નહિ દો? મારે મારા મમ્મીને ચેઇન બતાવવા છે, અડધી કલાકમાં આવી જ જઇશ. કશ્યપના પિતા પણ અમારા જુના ગ્રાહક હોઇ જેથી મેં તેને ચેઇન લઇ જવા દીધા હતાં. પરંતુ અડધો કલાક થવા છતાં કશ્યપ પાછો ન આવતાં તેને ફોન કરતાં તેણે ફોન કટ કરી નાખ્યો હતો. મારા ભાઇએ ફોન જોડતાં તેનો ફોન પણ કાપી નાખ્યો હતો.

વેપારીએ વધુમાં કહ્યું હતું કે આ પછી અમે બીજા નંબરોમાંથી ફોન જોડતાં તેણે આ બધા નંબરો બ્લોક લિસ્ટમાં મુકી દીધા હતાં. બે દિવસ પછી તા. ૩ના રોજ હું, મારો ભાઇ તથા મિત્રો નિશાંત અને બ્રિજેશ ચારેય કશ્યપના ઘરે કોઠારીયા તપાસ કરવા જતાં તેના ઘરે તેના માતા પ્રીતિબેન હતાં, કશ્યપ હાજર ન હોઇ તેના માતા સાથે મારા પિતાએ ફોનમાં વાત કરી તમામ વિગતો સમજાવી હતી. આ વખતે પ્રીતિબેને પોતે ઘરે આવીને બંને ચેઇન આપી જશે તેમ કહ્યું હતું.

પરંતુ આ વાતને દિવસો વીતી જવા છતાં હવે અમારા રૂા. ૩,૭૦,૦૦૦ના ૪૬.૨૩૦ ગ્રામ વજનના ચેઇન પાછા ન આપતાં અંતે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં સંજયભાઇ રાધનપુરાએ કહેતાં ભક્તિનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ સરવૈયાના માર્ગશર્દનમાં પીએસઆઇ જે. જે. ગોહિલે ફરિયાદ દાખલ કરી આરોપીને શોધી કાઢવા તપાસ શરૂ કરી છે.

# એકના એક ભાઇએ બહેનના ઘરે જઇ કર્યો આપઘાત

## આનંદનગરમાં રહેતો પચ્ચીસ વર્ષનો યુવાન જામનગર રોડ પર એપાર્ટમેન્ટમાં રહેતી બહેનના ઘરે આટો મારવા જવાનું કહીને નીકળ્યા પછી અગાસી પરથી કૂદી ગયોઃ માનસિક બિમારી કારણભુત હોવાની શક્યતા

રાજકોટઃ માનવી મહામુલી જિંદગીને ઘણીવાર અકાળે ટુંકાવી લેતો હોય છે. અલગ અલગ કારણોસર આત્મહત્યાની ઘટના રોજબરોજ બનતી રહે છે. ઘણીવાર તો આપઘાત પાછળના કારણ પણ બહાર આવતાં હોતા નથી. દરમિયાન એક કરૂણ ઘટનામાં એક યુવાને પોતાના બહેન-બનેવીના ઘરે જઇ ત્યાંના એપાર્ટમેન્ટની અગાસી પરથી પડતું મુકી જિંદગીથી છેડો ફાડી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વિધવા માતાનો એકનો એક આધારસ્તંભ એવો આ યુવાન બે બહેનનો એક જ ભાઇ હતો. તેના આવા પગલાથી પરિવારમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર અજંતા પાર્કમાં રહેતાં યુવાને જામનગર રોડ પર બહેન જયાં રહે છે તે એપાર્ટમેન્ટની અગાસી પરથી પરથી પડતું મુકતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત થયું હતું. કોઠારીયા રોડ પર આનંદનગર પાછળ અજંતા પાર્ક પાસે ભવનાથ મહાદેવ મંદિર પાસે બી-૩૪/૪માં રહેતો પચ્ચીસ વર્ષનો ધાર્મિકભાઇ રાજેશભાઇ જોષી નામનો યુવાન જામનગર રોડ પર માધવ તિર્થ એપાર્ટમેન્ટમાં રહેતાં તેના બહેન નિરાલીબેન હિરેનભાઇ જાનીના ઘરે હતો ત્યારે એપાર્ટમેન્ટની અગાસી પરથી પટકાતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત થયું હતું. આ બનાવની જાણ ૧૦૮ મારફત થતાં ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઇ પી. બી. પટેલે ઘટના સ્થળે પહોંચી પંચનામુ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર ધાર્મિક કોલેજનો અભ્યાસ પુરો કર્યો હતો અને નોકરીની શોધમાં હતો. તે બે બહેનનો એકનો એક નાનો ભાઇ અને માતાનો એક જ આધારસ્તંભ હતો.

પરિવારજનોએ કહ્યું હતું કે આત્મહત્યા કરી લેનારા ધાર્મિકભાઇના પિતા હયાત નથી. તે વિધવા માતાનો આધારસ્તંભ હતો. સાંજે તે પોતાના ઘરેથી બહેનના ઘરે આટો મારવા જવાનું કહીને નીકળ્યા બાદ બહેનના ઘરે આ બનાવ બની ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ ધાર્મિકભાઇની માનસિક બિમારીની દવા ચાલુ હોવાનું તેમના સગાએ કહ્યું હતું. અંતિમવિધી બાદ વિશેષ નિવેદન નોંધવામાં આવશે. યુવાન અને આધારસ્તંભ દિકરાના આ પગલાથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

પોલીસને વધુ એક વખત પડકાર ફેંકતી ઘટનાઃ બંનેને શોધવા દોડધામ

# ભગવતીપરામાં વાહનમાં સ્ટંટ કરનારાને સમજાવતાં બાંધકામના ધંધાર્થી પર થયા છરીના ઘા

## માથા-ગોઠણમાં ઘા મારી લોહીલુહાણ કરી બે શખ્સ એક્સેસ પર ભાગી ગયા

બી-ડિવીઝન પોલીસે એફઆઇઆર દાખલ કરીરાજકોટઃ રંગીલા રાજકોટમાં લુખ્ખાગીરીની અને ગમે ત્યારે સરાજાહેર ગમે તેના પર હુમલો કરી લેવાની ઘટના સામાન્ય થઇ ગઇ છે. આવો વધુ એક બનાવ સામે આવ્યો છે જેમાં ભગવતીપરામાં રહેતાં બાંધકામના ધંધાર્થી રાતે મોટરસાઇકલ હંકારી સાઇટ પરથી ઘરે જતાં હતાં ત્યારે ટુવ્હીલર પર બે અજાણ્યા શખ્સ સ્ટંટ કરતાં નીકળતાં તેને ધ્યાન રાખીને ચલાવવાનું કહેતાં બંનેએ છરીથી તૂટી પડી તેમને લોહીલુહાણ કરી નાંખતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં.વિગતો પર નજર કરીએ તો બે અજાણ્યા શખ્સોએ કરેલા આ હુમલામાં ભગવતીપરા-૧૯ આહિર સમાજની વાડી સામે રહેતાં અને બાંધકામનો વ્યવસાય કરી ગુજરાન ચલાવતાં આડત્રીસ વર્ષના કિશોરભાઇ સવાભાઇ ડાંગરને ઇજા થઇ હતી. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ ઝાલા, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ જાણ કરતાં બી-ડિવીઝન પોલીસે હોસ્પિટલે પહોંચી કિશોરભાઇની ફરિયાદ પરથી બે અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કર્યો છે. કિશોરભાઇ ડાંગરે જણાવ્યું હતું કે હું ગુરૂવારે રાતે સાડા નવેક વાગ્યે ભગવતીપરા મેઇન રોડ પર જેમાડી દુકાન પાસે આવેલી મારી સાઇટ પરથી પરત મારા ઘરે બાઇક નં. જીજે૦૩એનએમ-૯૯૧૯ હંકારીને જતો હતો ત્યારે ભગવતીપરા મેઇન રોડ પર આવેલ શીવ પંજાબી ચાઇનીઝ નામની દુકાન પાસે પહોંચ્યો હતો.

આ વખતે અચાનક અજાણ્યા એક્સેસ પર બે શખ્સ મારી નજીક આવી ગયા હતાં અને રોડ પર ભયજનક રીતે સ્ટંટ કરતાં નીકળતાં મેં તેને સરખી રીતે વાહન ચલાવવાની ટકોર કરતાં બંને ઉભા રહી ગયા હતાં મારી સાથે ઝઘડો કર્યો હતો. બાદમાં ઉશ્કેરાઇ જઇ મને ઢીકાપાટુ માર્યા હતાં. તેમજ એક શખ્સે નેફામાંથી છરી કાઢી મને માથા, જમણા ગોઠણે ઘા મારી દીધા હતાં. આ વખતે મારી બાજુમાં રહેતાં જીજ્ઞેશ ડાંગર તથા અજાણ્યા રાહદારી નીકળતાં મને બચાવ્યો હતો અને હોસ્પિટલમાં ખસેડ્યો હતો. તેમ વધુમાં કિશોરભાઇએ કહેતાં બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઇ ડી. બી. ગાધેએ એફઆઇઆર દાખલ કરી બંને હુમલાખોરની શોધખોળ શરૂ કરી હતી. આ પ્રકારની ઘટના અવાર-નવાર બનતી રહે છે અને લુખ્ખા-આવારા તત્વો પોલીસને પડકાર ફેંકતા રહે છે.



# પાણી ઢોળવા મામલે ત્રણ પડોશણ તૂટી પડીઃ મહિલા, દિકરી, સાસુ થયા ઘાયલ

## આરટીઓ પાછળની શ્રીરામ સોસાયટીમાં બનાવઃ ત્રણેયને લેવી પડી સારવારઃ બીજી ઘટનામાં વડાપાંઉના ધંધાખારને લીધે કટારીયા ચોકડીએ થઇ મારામારી



રાજકોટઃ અલગ અલગ કારણોસર મારામારીની ઘટના રોજ બનતી રહે છે. પહેલો સગો પાડોશી હોય છે પણ ઘણીવાર પાડોશીઓ વચ્ચે પણ ધોકા-પાઇપ ઉડતાં હોય છે. આવી જ એક ઘટના શહેરના જુના માર્કેટ યાર્ડ પાસે આરટીઓ નજીક શ્રીરામ સોસાયટી-૧૧માં બની છે. અહિ રહેતાં મહિલા, તેના દિકરી અને સાસુને પડોશી મહિલાઓએ ધોકા-પાઇપથી એવા ફટકાર્યા હતાં કે ત્રણેયને સારવાર માટે દોડી જવું પડ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો આ ડખ્ખો ઘર પાસે પાણી ઢોળવા મામલે થયો હતો. શ્રીરામ સોસાયટીમાં રહેતાં તેત્રીસ વર્ષના મમતાબેન રાજુભાઇ પરમાર પર પડોશમાં રહેતાં નાઝનીનબેન, હીનાબેન, ફરઝાનાબેને ધોકા-પાઇપથી હુમલો કરી માર મારતાં તેની દિકરી બાર વર્ષની કિંજલ રાજુભાઇ પરમાર અને સાસુ સાંઇઠ વર્ષના ભાનુબેન છગનભાઇ પરમાર વચ્ચે પડતાં તેમને પણ માર મારવામાં આવતાં ત્રણેયને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ ઝાલા, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ બી-ડિવીઝન પોલીસને જાણ કરતાં ફરિયાદ નિવેદન નોંધવા તજવીજ થઇ હતી.

બીજી એક મારામારીની ઘટનામાં શહેરના ગુરૂપ્રસાદ ચોકમાં આવેલા સુરભી એપાર્ટમેન્ટમાં રહેતાં ત્રીસ વર્ષના દિલીપસિંહ ઉમેદસિંહ જાડેજાને કટારીયા ચોકડી અને કોસ્મોપ્લેક્સ સિનેમા વચ્ચે નર્સરી પાસે હતાં ત્યારે મયુર નામના શખ્સે ધોકાથી માર મારતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં તાલુકા પોલીસને જાણ કરાઇ હતી. દિલીપસિંહે કહ્યું હતું કે પોતે અગાઉ મયુરની વડાપાંઉની દુકાન કે જે છાપરા ગામે છે ત્યાં તેની સાથે કામ કરતાં હતાં. હવે તેણે આ દૂકાનની સામે પોતાની અલગથી વડાપાંઉની લારી ચાલુ કરતાં મયુરને સારુ ન લાગતાં ઝઘડો કરી હુમલો કર્યો હતો. પોલીસે તેની ફરિયાદ નોંધવા કાર્યવાહી હાથ ધરી હતી.

# ભામાશા શેઠ જયંતિભાઇ કુંડલીયાની સ્મૃતિમાં ડો.પુરૂષોત્તમ પીપરીયાનું એક કરોડનું દાન

## દેશના ઇતિહાસની અનેરી ઘટના, ભૂતપૂર્વ નોકરે શેઠનું અમૂલ્ય ઋણ અનોખી રીતે ચૂકવ્યુ



રાજકોટ મિરર, તા.૨૮

સૌરાષ્ટ્રના જાણીતા મોટા ગજાના વેપારી અગ્રણી, રાજનિતીજ્ઞ, સહકાર શ્રેષ્ઠી, વિશ્વ લોહાણા મહાજન પ્રમુખ, કન્યા કેળવણીકાર, ધર્માનુરાગી સહિત અનેક ઉપમાઓ આપી શકાય તેવા ભામાશા શેઠશ્રી જયંતિભાઇ કુંડલીયાનું આંશિક ઋણ અદા કરવાના શુભ આશયથી જયંતિભાઇ કુંડલીયાને ત્યા નોકરી કરી ચૂકેલા ભૂતપૂર્વ સેવક અને જાણીતા કાયદેઆઝમ, ધિ રાજકોટ કોમર્શીયલ કો-ઓપરેટીવ લી.ના સીઇઓ ડો.પુરૂષોત્તમ પીપરીયાએ તેમના શેઠની સ્મૃતિમાં રૂપીયા એક કરોડનું માતબર રકમનુ દાન રાજકોટ લોહાણા મહાજનને જીજ્ઞેશ દાદાની કથા પ્રસંગે આપવાની જાહેરાત કરેલ છે. આ અગાઉ પણ ડો.પુરૂષોત્તમ પીપરીયાએ તેમના શેઠશ્રી જયંતિભાઇ કુંડલીયાની સ્મૃતિમાં રૈયા ગામ, રૈયા મુકિતધામ મુકામે શિવાલયનુ સ્વ ખર્ચે નિર્માણ કરી સમાજને અર્પણ કરેલ છે

ડો.પુરૂષોત્તમ પીપરીયાએ જણાવ્યુ હતુ કે, મે શાક બકાલાની રેકડીથી કારકિર્દીની શરૂઆત કરી હતી તે દરમ્યાન જાણીતા ભામાશા દાનવીર જયંતિભાઇ કુંડલીયાની પેઢીમાં નોકરી કરવાનો અમૂલ્ય મોકો મળ્યો હતો. મારી નોકરી દરમ્યાન મને જયંતિભાઇ કુંડલીયાએ સીઇઓ સુધીની મંજીલે

**કાયદેઆઝમ પુરૂષોત્તમ પીપરીયાએ પોતાના પગારના ૧૦ % ની આવક ઉપરાંત ભેટ, બક્ષીસ તરીકે મળેલ વણકમાયેલી આવકમાંથી શેઠ જયંતિભાઇ કુંડલીયાની સ્મૃતિમાં એક કરોડના દાનની જાહેરાત કરી**

પહોંચાડવામાં અહમ્ ભૂમિકા ભજવી હતી. આ વાત જો હું યાદ ના રાખુ તો મારો આત્મા મને ડંખ્યાજ વગર ન રહે.

આજના યુગમા નોકર અને માલિકો વચ્ચે નોકરી સબંધિત વિવાદોથી કોર્ટો ઉભરાઇ રહી છે તેવા સંજોગોમા આજથી ૪૫ વર્ષ પુર્વે જયંતિભાઇ કુંડલીયાની પેઢીમા ઓફિસબોયની નોકરીનો આરંભ કરેલ હતો. શેઠશ્રી જયંતિભાઇ કુંડલીયાએ આર્થિક મદદથી મને ઉચ્ચ અભ્યાસ કરાવી પગભર કરી જીવનની મહત્વોની સફરના હરેક તબકકે તેમનું મહત્વનું યોગદાન રહેલ છે તે તમામ બાબતોને યાદ ન રાખુતો મને ઇશ્વર કયારેય માફ કરે નહી. એટલે હું જે કંઇ તેમની સ્મૃતિ માટે કરુ છું તે મારી પવિત્ર ફરજ છે. લવાદ/સમાધાન માટે મધ્યસ્થી તરીકે ઉમદા સેવા પ્રદાન કરનાર ડો.પુરૂષોત્તમ પીપરીયાને પક્ષકાર વચ્ચેતના સુખદ સમાધાનના રાજીપાથી પક્ષકારોએ પ્રેમ અને આગ્રહપૂર્વક કેટલીક મિલ્કતો બક્ષીસ/ભેટ તરીકે આપેલ હતી, તે મિલ્કતો વણકમાયેલ હોય તેવી બક્ષીસ/ભેટ સ્વરૂપે મળેલી મિલ્કતો ઉપરાંત ધર્મના સિધ્ધાંત અનુસાર મારા પગારની આવકના ૧૦ % આવક પરમાર્થે વાપરવી જોઇએ તેવી પવિત્ર ફરજના ભાગરૂપે સમાજનું સમાજને અર્પણ સુત્રને સાર્થક કરવા રૂપીયા એક કરોડના દાનની જાહેરાત કરેલ છે.

બક્ષીસ કે ગીફટ સવિનય અસ્વીકાર કરવાની મહેચ્છા વ્યકત કરવા છતા કેટલાક સમાજ શ્રેષ્ઠીઓની ઇચ્છાનો અનાદર કરવો તે અવિવેક સમાન હોય તેવા સમાજ શ્રેષ્ઠીઓની ગીફટ/બક્ષીસનો સ્વીકાર કરવો મારા માટે અનિવાર્ય હતું.

ગીફટ/બક્ષીસમાંથી મને મળેલ વણકમાયેલી આવક સમાજને અર્પણ કરવા માટે ઇશ્વરે માત્ર મારી પસંદગી કરેલ છે. મે માત્ર આંગડીયા તરીકેની ફરજ બજાવી છે, વણકમાયેલી મિલ્કતો મારે કે મારા પરીવારે અંગત ઉપયોગ માટે વાપરવી તે ભાગવત ગીતાના કર્મના સિધ્ધાંતો વિરૂધ્ધ છે તેમ દાન આપનાર પુરૂષોત્તમ પીપરીયાએ જણાવેલ હતું.મારી ૬૫ વર્ષની ઉંમર એટલે કે મારા જીવનની ઢળતી સંધ્યા એ શકય હોય ત્યા સુધી કોઇપણ વ્યાકિતઓનું ઋણ બાકી રહેવુ જોઇએ નહીં તેવા હંમેશા મારા પ્રયાસો રહયા છે તેમ છતા મારા શેઠશ્રી જયંતિભાઇ કુંડલીયાની સ્મૃતિમાં રૂપીયા એક કરોડનું દાન આપવાથી પણ હું તેમના ઋણમાંથી કયારેય મુકત થઇ શકુ તેમ નથી.

કરોડો જીવાત્મા માંથી કોઇક જ આત્મ એવો ભાગ્યશાળી હોય કે તેમના જીવનમાં જયંતિભાઇ કુંડલીયા જેવા શેઠના સાનિધ્યીમાં કર્મ કરવાનો અવસર પ્રાપ્ત થાય. આ અવસર મને પ્રાપ્ત થયો છે તે મારી ઉપર સદગુરૂદેવ રણછોડદાસજી બાપુ અને જલારામ બાપાની અસીમ કૃપાથી વિશેષ કંઇ નથી.

તાજેતરમાં જ 30 માર્ચના રોજ એક અલૌકિક કથાનો પ્રસંગ યોજાશે. જેમાં કુંડલીયા પરીવારની સુપુત્રીઓ સર્વશ્રી પદ્માબેન કુંડલીયા, કિરણબેન કુંડલીયા અને બિનાબેન કુંડલીયા મુખ્ય મનોરથીઓ તરીકે બિરાજમાન થશે. આ ખાસ પ્રસંગે મને અમૂલ્યં દાન પ્રદાન કરવા માટે જે અવસર પ્રાપ્ત થયેલ છે તેનાથી મારો પરીવાર ખૂબજ રાજીપો અનુભવી રહ્યો હોવાનું પુરૂષોત્તમ પીપરીયાએ જણાવ્યું હતું.

# મનપા ૧લી એપ્રિલથી લાગુ કરશે

# વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ ૨.૦

## ચાર હપ્તામાં વ્યાજ સહિતની રકમ મિલકત ધારકોએ ભરવી પડશે : પ્રથમ હપ્તો આપ્યા બાદ બાકી રહેતી ૭૫% રકમ આગામી ત્રણ નાણાકીય વર્ષ દરમિયાન ભરવાની રહેશે



રાજકોટ, તા. ૨૮

માર્ચ મહિનો પૂરો થવાને હવે કહી શકાય કે માત્ર બે દિવસ જ બાકી રહ્યા છે ત્યારે વેરા વસુલાત વિભાગ દ્વારા જે કામગીરી કરવામાં આવી તે અત્યંત સરહાનીય છે કારણકે એક સમયે લાગતું હતું કે ૪૧૦ કરોડનો જે લક્ષ્યાંક છે તેને પહોંચી વળવામાં મહાનગરપાલિકા નિષ્ફળ નીવડશે પરંતુ હાલ જે સ્થિતિ જોવા મળી રહી છે તે અત્યંત હકારાત્મક અભિગમ વિભાગ દ્વારા રાખવામાં આવ્યો હોય તેવું સ્પષ્ટ ચિત્ર ઊભું થયું હવે મહત્વનું એ છે કે જે લોકો હજુ પણ પોતાનો વેરો ભરવાનો બાકી હોય અને નવું નાણાકીય વર્ષ શરૂ થાય તે પછી તેઓએ ગત વર્ષનો વેરો સો ટકા અને એરિયસની એટલે કે વ્યાજ સહિત ભરવાનો રહેશે. આ કરવા માટે હવે મહાનગરપાલિકાએ આ વખતે ફરી એક વખત વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ ને અમલી બનાવવાનું નક્કી કર્યું છે. જેમાં આ યોજનાનો લાભ લેવા મિલકત ધારકો દ્વારા વર્ષ ૨૦૨૫ – ૨૬ દરમ્યાન ૩૧ મે સુધીમાં વોર્ડ ઓફિસ અથવા તો ઓનલાઈન નોંધણી કરાવીને મિલકત વેરો અથવા પાણી ચાર્જમાં બિલમાં જે દર્શાવવામાં આવેલું વ્યાજ સહિતની રકમના ૧૦૦% ભરવાની રહેશે અને જેનો પ્રથમ ૨૫% જેટલી રકમ ભરવાની રહેશે.

મળતી માહિતી મુજબ બાકીના જે ત્રણ હપ્તા છે તે ૨૫ ૨૫ ટકા લેખે આગામી ત્રણ નાણાકીય વર્ષ દરમિયાન ભરવાના રહેશે જેમાં પ્રથમ હપ્તો ભરાઈ ગયા બાદ વ્યાજ સહિતની રકમને કુલ ત્રણ હપ્તામાં વિભાજિત કરવામાં આવશે અને બાકીના ત્રણ હપ્તા આગામી ત્રણ નાણાકીય વર્ષ દરમિયાન જે તે વર્ષના વેરાની રકમ સાથે ભરવાના રહેશે બીજી તરફ એ વાતની પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે બાકી હપ્તાની રકમ ઉપર કોઈ પણ જાતના વધારાના ચાર્જ અથવા તો વ્યાજ કે પછી નોટિસપી મિલકત ધારાકીય ચૂકવવાની રહેશે નહીં. મહત્વનું એ છે કે નિયત હપ્તાની રકમ તથા જે તે નાણાકીય વર્ષનું મિલકત વેરા રકમ 30 સપ્ટેમ્બર સુધી ભરપાઈ કરવાની રહેશે જો મિલકત ધારકો દ્વારા આ કરવામાં નહીં આવે તો આ યોજનાનો લાભ આપવા બંધ થઈ જશે તેમ જ બાકી રહેલ સંપૂર્ણ રકમ પર જે તે નાણાકીય વર્ષ. મહાનગરપાલિકા એ વાતની પણ સ્પષ્ટતા કરી છે કે મિલકત ધારક સળંગ ચાર વર્ષ દરમિયાન પોતાને ભરવા પાત્ર થતી રકમ કુલ ચાર વર્ષ દરમિયાન ભરપાઈ કરશે તો તે મિલકત માટે આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહીંતર આ યોજનાનો લાભ આપો આપ બંધ થઈ જશે.

નાણાકીય વર્ષની વળતર યોજના દરમિયાન જો મિલકત ધારક જે તે નાણાકીય વર્ષની મિલકત વેરાની રકમ સાથે એરિયર્સની સંપૂર્ણ રકમ એક સાથે જમા કરાવે તો તે કિસ્સામાં વર્ષની વળતર યોજના ની જોગવાઈઓ મુજબ વળતર પણ મળવાપત્ર રહેશે. સામે એ જોગવાઈ પણ કરવામાં આવી છે કે એરિયર્સની રકમ બાકી હશે તો તેવા સંજોગોમાં આ વળતર યોજના નો લાભ મિલકત ધારકને મળવા પાત્ર થશે નહીં.

ત્યારે હવે જોવાનું એ રહ્યું કે આ વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ યોજનાનો લાભ મિલકત ધારકો કેવી રીતે ઉઠાવે છે કારણ કે આ યોજનાની અમલવારી પહેલી એપ્રિલ ૨૦૨૫ થી કરવાની છે. મહાનગરપાલિકા દ્વારા આ કરવા પાછળનું સૌથી મોટું કારણ એ જ છે કે જે લોકો વેરો ભરી શક્યા નથી અથવા તો કોઈ પણ કારણોસર તેઓ ચૂકી ગયા છે ત્યારે તેઓને આ નવતર યોજનાનો લાભ મળી શકે અને કોઈ પણ ભાર વગર તેઓ નિયત રીતે તેમનો વેરો ભરી શકે.

### બાકી રહેતા બે દિવસમાં શું ૬ કરોડ વસૂલી શકશે વેરા વસૂલાત વિભાગ

૪૧૦ કરોડના લક્ષ્યાંક ને સિદ્ધ કરવા માટે વેરા વસુલાત વિભાગ દ્વારા હાલ તમામ જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે અત્યારે વેરા વસુલાત વિભાગે આશરે ૪૦૪ કરોડથી વધુની વેરાની આવક ઊભી કરી લીધી છે ત્યારે બાકી રહેતા ૬ કરોડ આગામી બે દિવસમાં વસૂલવામાં આવશે કે કેમ તે તો આવનારો સમય જ જણાવશે. એટલું જ નહીં ગઈકાલે રિકવરી ઝુંબેશમાં કુલ ચાર મિલકતને સીલ કરવામાં આવી હતી અને ૧૨૬ મિલકતોને નોટિસ આપ્યાની સાથે જ રિકવરી થઈ હતી અને ગઈકાલે રિકવરી નો આંકડો એક કરોડને પાર પહોંચ્યો હતો.

# જન ભાગીદારી અંતર્ગત ૨૦૭ કામો કરાયા સૂચિત

## સર્વાધિક ૧૧૭ કામ ઈસ્ટ ઝોનના, જ્યારે વેસ્ટ ઝોનમાં ૮૦ અને સેન્ટ્રલ ઝોનમાં ૧૦ કામો કરાયા સૂચિત : કુલ ખર્ચ ૨૬.૫૯ કરોડ જેમાંથી રાજ્ય સરકાર ૧૮.૬૧ કરોડની કરશે સહાય

રાજકોટ,તા.૨૮

આજે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ બેઠક મળવાની છે તેમાં આ વખતે અનેકવિધ અત્યંત મહત્વપૂર્ણ દરખાસ્ત મુકવામાં આવી છે ત્યારે જન ભાગીદારી યોજના અંતર્ગત કુલ ૨૦૭ કામોને સૂચિત કરવામાં આવ્યા છે જેનો અંદાજે ખર્ચ ૨૬.૫૯ કરોડ જેટલો હાલ પ્રાથમિક દ્રષ્ટિએ થાય તેવું અનુમાન લગાવવામાં આવ્યું છે. મહાનગરપાલિકાના સંપર્ક સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્ય સરકારની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારીથી રસ્તા, ગટર, પેવિંગ બ્લોક, પાણીની પાઈપલાઈન, રેઈન વોટર હાર્વેસ્ટિંગ વગેરે અનેકવિધ કામો આ યોજના અંતર્ગત લઈ શકાય છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા જે સૂચિત કામો ની સંખ્યા સ્ટેન્ડિંગ દરખાસ્ત માં મુકવામાં આવી છે તે ૨૦૭ કામોની છે. જેમાં રજૂ કરાયેલ દરખાસ્તની રકમ ૨૬.૫૯ ટકા હાલ પ્રાથમિક તબક્કે નક્કી કરવામાં આવેલી છે એ જ રીતે જ્યારે ગ્રાન્ટની સહાયનું ધોરણ નક્કી કરવામાં આવે તો તે મુજબ ૭૦% રાજ્ય સરકાર આ કામો માટે નાણાકીય સહાય આપશે જેનો આંકડો ૧૮.૬૧ કરોડનો છે. ૨૦ ટકા આર્થિક સહાય કે જે આંકડો ૫.૩૨ કરોડનો થાય છે તે ધારાસભ્ય, કોર્પોરેટર અને સોસાયટીના ફાળા માંથી આપવામાં આવશે જ્યારે બાકી રહેતો ૧૦% જેટલો ખર્ચો કે જે આંકડો આશરે ૨.૬૬ કરોડ એ પહોંચે છે તે રકમ મહાનગરપાલિકા ચૂકવશે. રાજકોટનો વિકાસ દિન પ્રતિદિન વિકસિત થઈ રહ્યો છે તેમાં પણ હાલ શહેરના દરેક વિસ્તારો સતત ઉતરોતર પ્રગતિ કરી રહ્યા છે તેમાં સૌથી વધુ જનભાગીદારી માટેના જે કામો સૂચિત કરવામાં આવ્યા હોય તે ઈસ્ટ ઝોનના છે જેમાં ૧૧૭ કામો રજૂ થયા છે ત્યારબાદ વેસ્ટ ઝોનમાં ૮૦ કામ અને સેન્ટ્રલ ઝોનમાં ૧૦ કામ એમ કુલ ૨૦૭ કામ નક્કી કરવામાં આવ્યા છે. જે માટે ઈસ્ટ ઝોનમાં સરકાર આશરે ૮.૪૫ કરોડ રૂપિયાની સહાય કરશે વેસ્ટ ઝોનમાં આશરે નવ કરોડ રૂપિયાની સહાય આપશે જ્યારે સેન્ટ્રલ ઝોનમાં એક કરોડથી વધુની સહાય આપે તેવું હાલ સૂચિત થયું છે. એટલું જ નહીં જન ભાગીદારીની દરખાસ્ત તૈયાર કરવામાં જે આવેલી હોય તે રાજ્ય સરકારમાં દરખાસ્ત રજૂ થયેલી ગ્રાન્ટ ફાળવવામાં આવશે જેથી મહાનગરપાલિકા ઉપર તેનો આર્થિક બોજો ન રહે. સરકારનો આ લક્ષ્ય અને જે હેતુ છે તેને યોગ્ય રીતે અનુસરવામાં આવે તો રાજકોટ શહેરની કાયાપલટ થઈ શકે અને દર વર્ષે આ કામોમાં ઉતરોતર વધારવો પણ થાય તેમાં કોઈ શંકા ને સ્થાન નથી પરંતુ મહત્વનું એ છે કે જનભાગીદારીથી હાથ ધરવામાં આવેલા કામોને જો સમયસર પૂર્ણ કરવામાં આવે તો તેનો ફાયદો ખરાબમાં રાજકોટ શહેર અને મહાનગરપાલિકાને મળી શકે.

# મનપા લીગલ ઈન્ટર્નની કરશે ભરતી

## મહાનગરપાલિકાની ગુજરાત નેશનલ લો, યુનિવર્સિટી સાથે MOU કરવા સ્ટેન્ડિંગમાં દરખાસ્ત : વાર્ષિક ૩૬ લાખ સ્ટાઈપેન્ડ પેટે કરાયા મંજૂર

રાજકોટ, તા. ૨૮

આજે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળવાની છે તેમાં અનેકવિધ દરખાસ્તો કરવામાં આવી છે પરંતુ એમાં સૌથી મહત્વની જો કોઈ દરખાસ્ત હોય તો તે લીગલ ઈન્ટર્નની જગ્યા બાબતની છે કારણ કે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાયદાકીય શિક્ષણને પ્રોત્સાહન આપવા અને કાયદાના ક્ષેત્રમાં ઊભરતી પ્રતિભાને પ્રોત્સાહન મળી રહે તે માટે લીગલ ઈન્ટર્નની જગ્યા ઈન્ટરશીપ આધારિત ત્રણ જગ્યા ઉપસ્થિત કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલી છે. એટલું જ નહીં મહાનગરપાલિકા અને ઈન્ટર્ન કરનાર લોકોને પણ આનો લાભ મળશે. કોર્પોરેશનમાં કુશળ પ્રતિભા સુધી પહોંચવા માં આ દરખાસ્ત અત્યંત મહત્વનો ભાગ ભજવશે જો આ આજની બેઠકમાં મંજૂર થાય તો. આ માટે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી માંથી કાયદાના સ્નાતક વિદ્યાર્થીને મહાનગરપાલિકા ખાતે વાર્ષિક ઈનટનશીપ ની તક પૂરી પાડવા અને રાજકોટ મહાનગરપાલિકાની જુદી જુદી શાખાઓને તેમના લગ્નના કોર્ટ કેસમાં મદદરૂપ થઈ શકે તે માટે મહાનગરપાલિકા અને ગુજરાત નેશનલ લો, યુનિવર્સિટી વચ્ચે એમઓયુ કરવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે.

હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લઈ મહાનગરપાલિકાના લગ્નના કોર્ટ કેસના કામે ઘણી વખત સંબંધિત શાખા કેસોના પારાવાઈસ રિમાર્ક્સ યોગ્ય રીતે તૈયાર કરી શકતી નથી જેથી જે તે કેસમાં મેરીટ હોવા છતાં કોડ કેસના કામે સંબંધિત બાબત યોગ્ય રીતે રજૂ કરવામાં આવી શકતી નથી અને તેની અસર કેસના ચુકાદા ઉપર પણ પડે છે ત્યારે જો ગુજરાત નેશનલ લો, યુનિવર્સિટી ના વિદ્યાર્થીઓ ઈન્ટર્ન તરીકે જુદી જુદી શાખાઓને કોર્ટ કહેશો અનુસંધાને રિમાર્ક તૈયાર કરવામાં મદદ કરવા માં આવે તેમ જ શાખાઓને કોર્ટ કેસના કામે આવેલ વચગાળાના હુકમો અને આખરી ચુકાદાઓ અનુસંધાને જરૂરી સમજ આપવામાં આવે તો ઘણો ખરો મહાનગરપાલિકાને ફાયદો પણ મળી શકે તેમ છે.

દરેક ઈન્ટર્નને માસિક એક લાખ રૂપિયા સ્ટાઈપન્ડ પેટે ચૂકવવાના થશે જે માટે હાલના બજેટમાં અને આગામી બજેટમાં આ અંગેનો હેડ ઈન્ટરનશીપ સ્ટાઈપંડ મંજૂર થયેલ છે. જેમાં વાર્ષિક ૩૬ લાખની જોગવાઈ કરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી આ દરખાસ્ત મનપા માટે અત્યંત મહત્વની અને ઉપયોગી સાબિત થશે તેમાં કોઈ શંકા નથી કારણ કે હાલ ન્યાયિક બાબતોમાં ઘણાખરા અંશે મહાનગરપાલિકાને નુકસાની વેઠવી પડી છે ત્યારે આ દરખાસ્ત અને મંજૂર કરવામાં આવશે તો આગામી દિવસોમાં મહાનગરપાલિકા માટે ઘણા સારા પરિણામો પણ આવી શકશે કારણ કે કૌશલ્યની સાથોસાથ સ્કિલ પણ ન્યાય ક્ષેત્રે મનપાને મળશે.

# સોલાર પાવર પ્લાન્ટ :રાજકોટને મળશે 45 મેગાવોટની કેપેસિટી



## આજની સ્ટેન્ડિંગ બેઠકમાં કરાઈ દરખાસ્ત : પરંપરાગત સ્ત્રોતો પર ઘટશે નિર્ભરતા , મહાનગરપાલિકા અને રાજ્ય સરકાર ૫૦ - ૫૦ ટકા કરશે ખર્ચ

રાજકોટ, તા. ૨૮

રાજ્ય સરકાર દરેક ક્ષેત્રે તે પ્રકારના કાર્ય કરી રહી છે કે જેનાથી નાણાંની બચત થાય અને જે નાણા બચે તેનો ઉપયોગ માળખાગત સુવિધા વિકસાવવામાં આવે ત્યારે રાજ્ય સરકાર દ્વારા આગામી દિવસોમાં ૪૦૦ મેગા વોટના સોલાર પાવર પ્લાન્ટ પ્રોજેક્ટ પર કાર્ય શરૂ કરી દીધું છે ત્યારે મહાનગરપાલિકાના ૪૫ મેગા વોટના સોલાર પાવર પ્લાન્ટની દરખાસ્ત આજની સ્ટેન્ડિંગ બેઠકમાં પણ મૂકવામાં આવેલી છે. મળતી માહિતી મુજબ ગુજરાત સરકારના યુડીડી ડિપાર્ટમેન્ટ દ્વારા જીયુડીસીએલ એટલે કે ગાંધીનગરને રીનીબલ એનર્જી નો મહત્તમ ઉપયોગ કરવા માટે ૪૦૦ મેગા વોટ ના સોલાર પાવર પ્લાન્ટ પ્રસ્થાપિત કરવા માટે ખાસ ઈમ્પલિમેન્ટિંગ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવેલી છે જેમાં ૪૦૦ મેગા વોટ ની કેપેસિટી બાદ ૧૫૦ મેગાવટ કેપેસિટી ૧૫૭ નગરપાલિકાઓમાં આપવામાં આવશે તેમજ ૨૫૦ મેગાવટ કેપેસિટી કુલ આઠ મહાનગરપાલિકાઓને ફાળવવામાં આવશે તે મુજબનું હાલ આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે એટલું જ નહીં આ ૪૦૦ મેગા વોટ માંથી ૪૫ મેગા વોટ કેપેસિટી રાજકોટ મહાનગરપાલિકાને ફાળવવામાં આવેલી છે.

હાલ ૪૦૦ મેગા વોટ સોલાર પ્રોજેક્ટ માટે જીયુડીસીએલ દ્વારા GERMI ગાંધીનગરને ડેટા કલેક્શન અને ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા માટે કન્સલ્ટન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવી છે.

મહત્વની વાત એ છે કે આ કામને ધ્યાને લઈ સમગ્ર પ્રોજેક્ટનું ફંડિંગ માટે કુલ ખર્ચ રાજકોટ મહાનગરપાલિકા અને રાજ્ય સરકાર ૫૦% ૫૦% ના ધોરણે ભોગવશે. સોલાર પ્રોજેક્ટ લાગુ થતા ની સાથે જ રાજકોટમાં ઊર્જાને લઈને જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તેમાં ઘણો ખરો ફાયદો થશે એટલું જ નહીં મહાનગરપાલિકાને પણ ખૂબ ઓછી કિંમતમાં વીજળી રાજ્ય સરકાર તરફથી મળશે અને સૌર ઊર્જાના સ્ત્રોતનો મહત્તમ ઉપયોગ પણ થશે.

કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકાર પણ સૌર ઊર્જા ઉપર વધુને વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે ત્યારે ૪૦૦ મેગા વોટ નો સોલાર પાવર પ્લાન્ટ રાજ્યમાં સ્થાપિત થતાં જ તેના એક નહીં અનેક ફાયદાઓ મળશે અને આ અંતર્ગત રાજકોટમાં કુલ ૪૫ મેગા વોટ ઊભો કરવા માટે જે વ્યવસ્થા કરવામાં આવશે તેનાથી પરંપરાગત સ્ત્રોત પર નિર્ભરતા ઘટશે પર્યાવરણ અનુકૂળ ઊર્જાનું પણ ઉત્પાદન થશે.

મહાનગરપાલિકાના સંપર્ક સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર અને યુએલબીના સમાન ફંડથી નાણાકીય બોજમાં પણ મહાદંશે ઘટાડવા આવશે એટલું જ નહીં મહાનગરપાલિકાની કીમતી જમીનનો બીજા કામમાં પણ ઉપયોગ થઈ શકશે.

હાલ સેન્ટ્રલાઈઝ પ્રોજેક્ટ કરવામાં આવતો હોવાથી મેન્ટેનન્સ માટેના ખર્ચમાં પણ અનેક અંશે રાહત મળશે.

તો સામે સમગ્ર પ્રોજેક્ટનું કેપ્ટિવ જનરેશન એક જ જગ્યાએ થતું હોવાથી તેનું સેટ ઓફ ફીજ વપરાશ માટે પણ સરળતા રહેશે હાલ આ અંગે આજની બેઠકમાં જે દરખાસ્ત કરવામાં આવી છે તેને લઈને ભારે કુતુંહલ સર્જાયું છે. જો આજની સ્ટેન્ડિંગ બેઠકમાં દરખાસ્ત મંજૂર થશે તો ભવિષ્યમાં ઉર્જા પ્રશ્ન ખાસતો રાજકોટ માટે ભૂતકાળ બનશે.

# કાલે ગુડી પડવો

# સંઘના સ્થાપક અને પ્રથમ સંઘચાલક ડો.કેશવરામ બલિરામ હેડગેવારનો કાલે જન્મદિન

## સમગ્ર દેશમાં સંઘની શાખાઓમાં વર્ષપ્રતિપદા ઉત્સવ ઉજવાય છે કાર્યક્રમમાં વિશેષ આદ્ય સંઘચાલક પ્રણામ અપાય છે

રાજકોટ મિરર, તા.૨૮

ચૈત્ર સુદ એકમના દિવસે સ્વતંત્ર હિંદુ રાજા તરીકે લોકોએ શાલિવાહનનો રાજ્યાભિષેક કરાવ્યો. એ જ દિવસથી સમ્રાટ શાલિવાહનના નામથી વર્ષ-ગણના શરૂ કરવામાં આવી, જેને શાલિવાહન શક કહેવાય છે. એ દિવસે ફરીથી આ દેશમાં હિન્દુ રીત-રિવાજો અને પદ્ધતિ મુજબનું જીવન સરળ બન્યું હતું. આ વાતનું પુણ્ય સ્મરણ આજે કરીએ છીએ. આપણા દેશમાં કાલગણના માટે ઘણી પદ્ધતિઓ છે. પરંતુ આ પદ્ધતિ ઈ.સ.પહેલાની વૈદિક કાલગણના મુજબની ખૂબ જ પ્રાચીન છે.

ચૈત્ર સુદ એકમના દિવસે બ્રહ્માજીએ સૃષ્ટીનું નિર્માણ કરેલુ. સમ્રાટ વિક્રમાદિત્ય દ્વારા વિક્રમ સંવતનો શુભારંભ, મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામનો રાજ્યાભિષેક અને ભગવાન વિષ્ણુનો પ્રથમ અવતાર 'મત્સ્ય અવતાર' પણ આ જ દિવસે થયો હતો, સ્વામી દયાનંદ સરસ્વતીજી દ્વારા આર્યસમાજની સ્થાપના થઈ. ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ (શક્તિની આરાધના) તથા ભગવાન ઝુલેલાલનો જન્મ દિવસ આ દિવસે છે.એક સમયે 'સોનાની ખાણ' ગણાતો ભારત વર્ષ કાળક્રમે વિદેશી આક્રાંતાઓના હુમલા, શાસનના કારણ દીન-હીન દશામાં આવ્યો. શાસન માટે આક્રાંતાઓ-શાસનકારોએ ભારતીયોની ગૌરવભરી આત્મછબી અને સ્વાભિમાનને કચડીને આત્મવિસ્મૃત બનાવ્યા. જેના કારણે દેશ પરદેશીઓનો ગુલામ બન્યો હતો. આ સમસ્યાનું મૂળ પારખીને ડોય કેશવરામ બલિરામ હેડગેવારે હિન્દુત્ત્વનું સ્વાભિમાન પુનઃ જાગૃત કરીને દેશને સંગઠિત કરવા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના સન ૧૯૨૫માં કરી હતી. સંઘ સ્થાપક ડો. હેડગેવારનો જન્મ દિવસ પણ ચૈત્ર સુદ એકમના દિવસે છે.આ મહાન દેશભકત વિશે થોડું જાણીએ. માટીમાંથી મર્દોનું સર્જન કરનાર એવા મહાન ક્રાંતિકારી ડો. કેશવરાવ બલિરામ હેડગેવારનો જન્મ ચૈત્ર સુદ એક (ગુડીપડવો, વર્ષ પ્રતિપદા), ૧ એપ્રિલ ૧૮૮૯ના રોજ થયો હતો.તેઓ બારના હતા ત્યારે માતા રેવતીબાઈ અને પિતા બલીરામજીનું અવસાન થયું. કાકા આબાજી હેડગેવારની



છત્રછાયામાં બાળપણ વિતાવ્યું.

છત્રપતિ શિવાજી મહારાજની વાર્તાઓમાંથી તેઓ પ્રેરણા ગ્રહણ કરતા. નાગપુરમાં સીતાબડીના કિલ્લા પર 'યુનિયન જેક' દિવસભર ફરકતો દેખાતો હતો. એને જોઈને તેમના બાળમનમાં વિચાર આવ્યો કે, આ જેકને ત્યાંથી હટાવીને ત્યાં ભગવો ઝંડો લહેરાવીએ તો કિલ્લો સર કરી શકાશે.પણ કિલ્લા પર અંગ્રેજોનો ચોકી પહેરો રહેતો. આથી તેમણે બાળકોને સંગઠિત કર્યા અને ઘરથી કિલ્લા સુધી સુરંગ તૈયાર કરવાની યોજના બનાવી. બીજા જ દિવસથી વજે ગુરુજીના ઘરમાં અભ્યાસના બહાને એકઠા થવાનું શરૂ કરી દીધું. બંધ રૂમમાં વાંચવાના બહાને બાળકો કોદાળી પાવડા લઈને સુરંગ માટે ખાડો ખોદતા હતા.

સતત બે-ત્રણ દિવસ સુધી અભ્યાસખંડનો દરવાજો લાંબા સમય સુધી બંધ જોવા મળતાં ગુરુજીના મનમાં શંકા ગઈ.પછી તેમણે અંદર જઈને તપાસ કરી તો, એક મોટો ખાડો અને બાજુમાં માટીનો ઢગ જોવા મળ્યો. ગુરુજીના હાથનો માર પડશે એવા વિચારથી જ કેશવ અને તેના મિત્ર એક ખૂણામાં અચકાઈને ચૂપચાપ ઊભા હતા. 'આ શું નકામો ધંધો માંડયો છે ?' ગુરુજીએ પૂછ્યું. બાળકોએ સાચી વાત કહી દીધી. વડીલ તરીકે ગુરુજીએ બાળકોને સમજાવ્યું કે, આ પ્રકારના વ્યર્થ ઝંઝટમાં સમય બગાડવી જોઈએ નહિ. પણ આ બાળપણની રમતમાં બાળકોમાં કેટલી ઉદાત્ત દેશભક્તિની ભાવના છે એ જોઈને તેઓ મનોમન પુલકિત થયા.આ પછી કેશવરાવ ઉચ્ચ શિક્ષણ માટે કોલકત્તા ગયા ત્યારે ગુરુજી ખૂબ આનંદ સાથે આ પ્રસંગ અન્યોને કહી સંભળાવતા હતા. કેશવરાવે હાઈસ્કૂલમાં વંદે માતરમ્ આંદોલન કરતાં બરતરફ કરવામાં આવ્યા.

ત્યારબાદ યવતમાળ અને પૂનામાં શિક્ષણ પુરું કર્યા બાદ ૧૯૧૦માં કલકત્તામાં મેડિકલનો અભ્યાસ શરૂ કર્યો. ચાલુ અભ્યાસે બંગાળી જીવન સાથે સમરસતા કેળવી લીધી. મહાન ક્રાંતિકારીઓ શ્રી શ્યામસુંદર ચક્રવર્તી, શ્રી મોતીલાલ ઘોષ,'અમૃતબઝાર પત્રિકા' ના સંપાદક અને તે સમયના ક્રાંતિકારી નેતાઓ સાથે ગાઢ પરિચય કેળવી દેશભકિતના કામમાં જોડાયા. આ ક્રાંતિકારીઓથી છુપી પોલીસ પણ થાકી જતી. સન ૧૯૧૪ માં એલ.એમ.એસ.ની પરીક્ષા પાસ કરી. બાદ એક વર્ષ સુધી કલકત્તામાં જ નિવાસ કર્યો. ૧૯૧૬માં નાગપુર પાછા ફર્યા.૧૯૨૦ના કોંગ્રેસના નાગપુર અધિવેશન વેળાએ ડોકટરજી કોંગ્રેસ સ્વયંસેવક દળના પ્રમુખ હતા. બહુ ઓછા લોકોને એ વાતની ખબર હશે કે આ અધિવેશનમાં'લોકતંત્રની સ્થાપના અને દુનિયાના તમામ દેશોની મૂડીવાદી ''ની માંગણીના ઠરાવના જનક 'નાગપુર નેશનલ યુનિયન'ના ડોકટર હેડગેવાર જ હતા.પ.પૂ. ડોકટરજી દ્વારા આરંભાયેલો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ નિરંતર બળવાન થઈ રહ્યો છે. રાષ્ટ્રદર્શી ડોકટરજીનું જીવનચરિત્ર પ્રત્યેકને પોતાનું રાષ્ટ્રીય કર્તવ્ય કરવાની પ્રેરણા આપતું રહેશે તેવું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, રાજકોટ મહાનગરના પ્રચાર પ્રમુખ જગત વ્યાસે જણાવ્યું હતું.

# ગોંડલમાં દારૂનાં ધંધાર્થીઓનાં ગેરકાયદેસર બાંધકામ પર ફર્યું બુલડોજર

## શહેરના અસામાજીક તત્વોમાં ભયનો માહોલ છવાયોઃ બી ડિવિઝન પોલીસ એકશન મોડ પર

રાજકોટ મિરર, ગોંડલ તા. ૨૮

ગોંડલ માં અનેક ગુન્હાનો ઈતિહાસ ધરાવતા આરોપી ઈરફાન ઉર્ફે ઈફુ હસનભાઈ કટારીયાની ગેરકાયદેસર મિલકતમાં પોલીસનું બુલડોઝર ફરી વળ્યું હતુ.

પોલીસે વોરાકોટડા રોડ ઉપર આવેલ પંચપીરની ધાર પાસે રહતો ઈરફાન ઉર્ફે ઈફુ હસનભાઈ કટારીયાના રહેણાંક સ્થળોએ બાંધકામ તોડી પડાયા હતા.

રાજકોટ જિલ્લા એસપી હિમકર સિંહના માર્ગદર્શનમાં છેલ્લા કેટલાક દિવસોથી અસામાજિક ગુંડા તત્વો સામે પોલીસ કાર્યવાહી કરી રહી છે. ત્યારે ગોંડલ શહેર બી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં આવેલ ગેરકાયદે કરેલ બાંધકામો અને સરકારી જમીનો પર કરેલા





દબાણો પર બુલડોઝર ફરી વળ્યું હતું.

બી.ડિવિઝન પોલીસ મથકના પીઆઇ જે.પી.ગોસાઈ , પીએસઆઈ જે.એલ.ઝાલા તથા સિટી મામલતદાર દિપક ભટ્ટ ,ચીફ ઓફિસર વ્યાસ સહિતના સ્ટાફની ઉપસ્થિતમાં અસામાજિક તત્વોનું લીસ્ટ તૈયાર કરી તેમની મિલ્કતોની તપાસ કરેલી. જેમાં બુટલેગર ઈરફાન ઉર્ફે ઈફુ હસનભાઈ કટારીયા એ પોતાના રહેણાંક મકાનની બાજુમાં મકાન બનાવી સરકારી દબાણ કર્યું હતું.જેનો રિપોર્ટ થતા જ પોલીસ તંત્ર અને વહીવટી તંત્રએ દબાણ દુર કર્યું હતું.

# ગોંડલ સોરઠ વાલમ બ્રહ્મ સમાજનાં પ્રમુખ તરીકે યોગેન્દ્રભાઇ જોશીની વરણી

રાજકોટ મિરર, ગોંડલ તા.૨૮

ગોડલ શહેર તાલુકા સમસ્ત બ્રહ્મસમાજના મહામંત્રી યોગેન્દ્ર એમ. જોશીની સોરઠ વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ '' હેમવાડી'' -ગોડલના પ્રમુખ તરીકે સવોનુમતે વરણી કરવામાં આવી છે.

સોરઠ વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ ગોંડલના ટ્રસ્ટીઓ દિનુભાઈ ઉપાધ્યાય, ઘનશ્યામભાઈ પંડ્યા, રાજેશભાઈ



વ્યાસ, તથા રજનીકાંત પંડ્યા દ્વારા વરણી કરવામાં આવી હતી.

યોગેન્દ્ર જોશી હાલ ૨૫થી વધારે વર્ષોથી રોટરી ક્લબમાં સેવા કરી રહ્યા છે.ઉપરાંત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે અને વિશ્વ હિન્દુ પરિષદમાં સેક્રેટરી તરીકે સેવા આપી રહ્યા છે.તેમની વરણીને સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આવકારાઇ છે.

# ગેરકાયદે વૃક્ષછેદનની પ્રવૃતિ સામે સુપ્રીમ કોર્ટની લાલ આંખ : ૧ લાખનો ફટકારાશે દંડ

## સુપ્રીમ કોર્ટના નિર્ણયને આવકારતું સદભાવના વૃધ્ધાશ્રમ પરીવાર

તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટ એક મહત્વનો ચૂકાદો આપ્યો હતો જેમાં મોટી સંખ્યામાં વૃક્ષો કાપવા એ માનવ હત્યા કરતા પણ ખરાબ તેવું ઠરાવી અને ગેરકાયદેસર રીતે વૃક્ષો કાપનારને રૂપીયા ૧ લાખનો દંડ ફટકારવાની મંજુરી આપી હતી. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયને સદભાવના વૃધ્ધાશ્રમ પરીવારે આવકાર્યો હતો અને પર્યાવરણલક્ષી આ નિર્ણય લેવા બદલ આભાર વ્યકત કર્યો હતો.



સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર ભારતના તમામ રાજયની સરકાર તથા તમામ કોર્પોરેશન, નગરપાલીકાઓ, ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ, સંબંધીત કચેરીઓ જો ગેરકાયદેસર વૃક્ષો કાપનારને રૂા. ૧ લાખનો દંડ ફટકારે તો દેશમાં એકપણ વૃક્ષ કપાશે નહી અને પર્યાવરણને ખૂબ મોટું નુકશાન થતુ અટકશે તેવી અપીલ સદભાવના વૃધ્ધાશ્રમ પરિવારે કરી હતી.

વૃક્ષછેદનની પ્રવૃત્તિ સામે સુપ્રીમ કોર્ટે સખત નારાજગી વ્યક્ત કરી છે અને કહ્યું છે કે, પર્યાવરણને નુકસાન પહોંચાડતા લોકો પ્રત્યે દયા બતાવવી જોઈએ નહી.

સુપ્રિમ કોર્ટે મોટી સંખ્યામાં વ્રુક્ષો કાપી નાખવાના કૃત્યને માનવ હત્યા કરતા પણ વધુ ખરાબ ગણાવ્યું છે. કોર્ટે ગેરકાયદેસર રીતે કાપવામાં આવતા દરેક વૃક્ષ માટે ૧ લાખ રૂપિયાનો દંડ લાદવાની મંજૂરી પણ આપી હતી.

# સમસ્ત મહાજન દ્વારા કાલે ૭૨ જરૂરીયાતમંદોને કરાશે રિક્ષા અર્પણ

તપાગચ્છ પ્રવર સમિતિના કાર્યવાહક, મહામાંગલિક પ્રદાતા, ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય અભયદેવ સૂરીશ્વરજી મહારાજા, પૂ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય મોક્ષરત્નસૂરીશ્વરી મ.સા. ગુરુવર્ય અક્ષરવત્સલસ્વામીજી (ઇઅજ્જ સ્વામિનારાયણ સંસ્થા, શાહીબાગ), ધર્મનંદન સ્વામીજી મહારાજ, કોઠારી સ્વામીજી (SGVP સરખેજ - ગાંધીનગર હાઈવે), સનાતન હિંદુ ધર્મના સંતો-મહંતોની પાવન નિશ્રામાં વૈશ્વિક સંસ્થા સમસ્ત મહાજન દ્વારા અમદાવાદમાં માનવતાનું સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં કરવામાં આવ્યું છે.

કાલે તા.૩૦ને રવિવાર, સવારે ૯:૩૦ વાગ્યે, પ્રતિષ્ઠાન પરિસર, ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર, ઝુંડાલ સર્કલ,ચાંદખેડા રાજનગર - અમદાવાદ ખાતે વ્યસન મુક્તિ અને સુસંસ્કારી, સુસાનકારી જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરવા અમદાવાદ અને આસપાસના ગામોમાં રહેતા પૂર્વ નિર્ધારિત જરૂરીયાતમંદ ૭૨ રિક્ષા ચાલકોને વ્યાજમુક્ત રિક્ષા અર્પણ કરાશે.

રાષ્ટ્ર સંત ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબ જણાવે છે કે, સ્વાર્થ કેરોસીન જેવો હોય છે જ્યાં પડે ત્યાં ભડકો કરે અને પરમાર્થ ઘી જેવો હોય છે જ્યાં પડે ત્યાં દીવો પ્રગટાવે.તમે કોઈને સહાયની આંગળી આપશો તો સહાય પામનાર આવતીકાલે કોઈને હાથ આપશે.




ગુરુદેવ નમ્રમુનિ મહારાજની કૃપાથી આ 'જીવન યાપન પ્રોજેક્ટ' સાકાર થઈ રહ્યો છે, જે સમાજમાં આત્મનિર્ભરતા અને આર્થિક સ્વાતંત્ર્ય લાવવાના ઉદ્દેશ્ય સાથે આગળ વધી રહ્યો છે. જેમાં અત્યાર સુધીમાં ૧૦૨ રીક્ષા ચાલકોને નવી રીક્ષાઓ અપાઈ હતી. ૩૦ રીક્ષા ચાલકોને પેઢી ઋણમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. ૪૦ રીક્ષા ચાલકોની રીક્ષાની મરામત કરવામાં આવી હતી.

અંગે વધુ માહિતી માટે તેમજ સહયોગ માટે સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ડો. ગિરીશ શાહ (મો. ૯૮૨૦૦ ૨૦૯૭૬), સમસ્ત મહાજનનાં ટ્રસ્ટી દેવેન્દ્રભાઈ જૈન (મો. ૯૮૨૫૧ ૨૯૧૧૧)નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# પત્નિ સાથે આડાસંબંધ નહી રાખવાનું કહેતા પતિ પર પત્નિનાં પ્રેમીનો હુમલો

## ગોંડલનાં ધરાળા ગામનો બનાવ, સુલતાનપુર પોલીસમાં નોંધાયો ગુન્હો

રાજકોટ મિરર, ગોંડલ તા.૨૮

ગોંડલ તાલુકાનાં ઘરાળા ગામે પત્નિ સાથે પ્રેમસંબંધ નહી રાખવા સમજાવવા ગયેલા પતિને પત્નિનાં પ્રેમીએ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા બનાવ અંગે સુલતાનપુર પોલીસમાં ફરિયાદ

પ્રાપ્ત વિગત મુજબ ધરાળા ગામે રહેતા જેન્તીભાઈ ચનાભાઈ ચાવડાએ ગામમાં રહેતા વિનુભાઈ ભુરાભાઈ ચાવડા સામે પોલીસ ફરિયાદ કરી જણાવ્યુ કે પાંચ વર્ષ પહેલા પોતે અમદાવાદ મજુરીકામે ગયેલ હતા.

ત્યારે પાછળ થી મારી પત્નિ પ્રભાને ગામમાં જ રહેતા વિનુ ચાવડા સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો.દરમિયાન અમદાવાદ થી પરત ધરાળા ફરેલા જેન્તીભાઈ ને પત્નિનાં વિનુ સાથેનાં આડાસંબંધ ની જાણ થતા તેણે વિનુ ને સબંધ નહી રાખવા સમજાવ્યો હતો.આ સમયે વિનુની માતાએ વિનુ હવેથી કોઇ સબંધ નહી રાખે તેની ખાત્રી આપી હતી. બાદમાં ગત તા.૧૪ નાં જેન્તીભાઈ નાં પુત્ર અનિલે પોતાની માતા નો મોબાઇલ ચેક કરતા માતા પ્રભાબેન વિનુ સાથે હોળિએ રમતા હોય તેવાં ફોટા જોવા મળતા તેણે પિતા જેન્તીભાઈ ને વાત કરી ફોટા બતાવ્યાં હતા.

જેથી જેન્તીભાઈ એ પત્નિને ઠપકો આપી ફરી આવુ નહી કરવા સમજાવી પોતાની પુત્રી નાં ઘરે શાપર મોકલી આપી હતી.

દરમિયાન ગત રાતે જેન્તીભાઈ મોટીખિલોરી નાં રસ્તે પુલ પાસેથી પસાર થઇ રહ્યા હતા.ત્યારે સામે વિનુ મળી જતા જતા તેને પોતાની પત્નિ પ્રભા સાથે આડાસંબંધ નહી રાખવાનું કહેતા ઉશ્કેરાયેલા વિનુએ હું સબંધ રાખીશ થાયતે કરી લેજે તેવું કહી ગાળો આપી ઢીકાપાટુનો માર મારી અમારા બન્ને વચ્ચે આવ્યો તો જાનથી મારી નાખીશ તેવુ કહેતા જેન્તીભાઈ ને ડર લાગતા નાશી છુટ્યા હતા. બાદ માં બનાવ અંગે સુલતાનપુર પોલીસ માં ફરિયાદ કરી હતી.પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરીછે.

# કાલે બર્ડ ફીડર, પાણીના પીવાના કુંડા, ચકલીના માળાનું નિઃશુલ્ક વિતરણ

## શહેરીજનોને આ સેવાનો લાભ લેવા કાર્યક્રમ આયોજકોનો અનુરોધ

રાજકોટ મિરર, તા.૨૮

જીવદયા ગ્રુપ રાજકોટ, બાપા સીતારામ ગૌ સેવા મંડળ, એનિમલ હેલ્પલાઇન અને સ્વામી વિવેકાનંદ યુથ કલબ સંયુક્ત ઉપક્રમે આશિષભાઈ પંડ્યા લિમિત એક્સપોર્ટ પ્રા. લી. તેમજ બાપા સીતારામ ગૌ સેવા મંડળના મિત્રોનાં સહકારથી રવિવાર તા. ૩૦ ના રોજ રેસકોર્સ રીંગરોડ, મેયર બંગલાની સામેથી સવારે ૬:૩૦ કલાકે બર્ડ ફીડર(ગ્રીન કલરના), પક્ષીના પાણીના પીવાના કુંડા, ચકલીના માળા નું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવનાર છે.

જેમાં કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઇન ના મિતલભાઈ ખેતાણી તથા પ્રતિકભાઇ સંઘાણી અને સ્વામી વિવેકાનંદ યુથ કલબના અનુપમભાઈ દોશી, હસુભાઈ શાહ, પંકજભાઈ રૂપારેલીયા, ભાવનાબેન મંડલીના સહયોગથી દેહદાન, અંગદાન અને ચક્ષુદાન નાં સંકલ્પપત્રો ભરાવવાનું આયોજન છે.

આ સર્વે માટે જીવદયા ગ્રુપના ઉપેનભાઈ મોદી, સમીર કામદાર(૯૮૨૪૨૮૧૮૩૬), પ્રકાશ મોદી(૯૪૨૬૨૪૦૨૮૭), નિરવ સંઘવી, હરેશ દોશી, વિરેન્દ્ર સંઘવી, હિમાંશુ ચીનોય, હર્ષદ મહેતા, હિતેશ દોશી, ભરત બોરડીયા, દિનેશ મોદી, કિર્તીભાઈ પારેખ, અરુણ નિર્મળ, શૈલેષ ઉદાણી, જીગર દોમડીયા, મેહુલ રવાણી, વિજય દોશી, હિરેન કામદાર, જીજ્ઞેશ શાહ, નિખિલ શાહ, નીરવ પારેખ, માંડણ ભરવાડ, પારસ મોદી વગેરે વિતરણ માટે જહેમત ઉઠાવી રહ્યા છે.



# મોવિયામાં શનિધામમાં આજે વિવિધ ધાર્મિક આયોજનો

રાજકોટ મિરર, ગોંડલ તા.૨૮

ગોંડલનાં મોવિયા શ્રીનાથગઢ રોડ પર આવેલા પ્રસિદ્ધ શનિધામ ખાતે તા.૨૯ શનિવારનાં શનિ અમાવસ્યા નિમિતે વિવિધ ધાર્મિક આયોજન કરાયાછે.જેનો લાભ લેવા શનિધામ સેવા સમિતિની યાદીમાં જણાવાયું છે.

# ગોવંશ સંવર્ધન બીલ વિધાનસભામાં પસાર

## હવે પશુ સંવર્ધનના વિવિધ પાસાઓના સુવિચારો નિયમન માટે યોગ્ય કાયદાકીય વ્યવસ્થા થશે ઉભી : સિમેન સ્ટેશન, સિમેન બેંક, ગર્ભધાન સેવાની તાલીમ આપનાર સંસ્થાઓ, સેવાઓ આપનાર સંસ્થાઓને કૃત્રિમ ગર્ભધાન ટેક્નિશિયનની નોંધણી ફરજિયાત



રાજકોટ, તા. ૨૮

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે વિધાનસભા ગૃહ ખાતે ગુજરાત ગો-વંશ સંવર્ધન (નિયમન) વિધેયક-૨૦૨૫ રજૂ કરતા જણાવ્યું હતું કે, આ કાયદો અમલમાં આવવાથી ગુજરાતમાં પશુ સંવર્ધનના વિવિધ પાસાઓના સુચારુ નિયમન માટેની સુદ્રઢ વ્યવસ્થા ઉભી થશે.

દૂધ ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભરતા મેળવી પશુપાલકોની આવક વધારવા રાજ્ય સરકારે પશુ સંવર્ધન, ઓલાદ સુધારણા અને કૃત્રિમ બીજદાન જેવા આયામો ઉપર વિશેષ ભાર મૂક્યો છે. આ કાયદો અમલમાં આવતા પશુપાલકોને પોતાના પશુના સંવર્ધન માટે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા કૃત્રિમ બીજદાનના ડોઝ મળવાથી પશુની આવનાર પેઢીની ગુણવત્તા જળવાઈ રહેશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

વિધેયક અંગે વિગતવાર માહિતી આપતા પશુપાલન મંત્રીએ જણાવ્યું હતું કે, પશુ સંવર્ધન થકી પશુની દૂધ ઉત્પાદન ક્ષમતા વધારવા, રોગપ્રતિકારક શક્તિ વધારવા અને હવામાન પરિવર્તન અનુકૂલન ક્ષમતા વધારવા માટે અનેક વર્ષોથી રાજ્યના પશુપાલકો તેમના પશુઓમાં કૃત્રિમ બીજદાન કરાવી રહ્યા છે. પરંતુ કૃત્રિમ બીજદાન માટે ઉપયોગમાં લેવાતા પશુઓના વીર્યની ગુણવત્તાને નિયંત્રિત કરવા માટે હાલમાં કોઈ પર્યાપ્ત નિયમન અમલમાં ન હતું.

પરિણામે અજાણ્યા રોગ ધરાવતા તેમજ ઓછી ગુણવત્તાવાળા નર પશુઓના આડેધડ અને અંધાધૂંધ ઉપયોગ ઉપરાંત કૃત્રિમ બીજદાન ટેક્નિશિયન દ્વારા સીમેન સ્ટ્રોનો દુરુપયોગ એ પશુ સંવર્ધનની ગુણવત્તા માટે એક મોટી ચિંતાનો વિષય બન્યો હતો. જેથી પશુસંવર્ધનના વિવિધ પાસાઓના સુચારુ નિયમન માટેની વ્યવસ્થા ઉભી કરવાની અનિવાર્યતાના ધ્યાને લઈને આ નવો કાયદો ઘડવામાં આવ્યો છે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

રાજ્યમાં ગુજરાત ગો-વંશ સંવર્ધન (નિયમન) વિધેયક-૨૦૨૫ના અમલીકરણ માટે ગુજરાત ગો-વંશ સંવર્ધન નિયમનકારી સત્તામંડળની સ્થાપના થશે. આ નિયમન થકી રાજ્યમાં પશુ સંવર્ધન સાથે સંકળાયેલ સીમેન સ્ટેશન, સીમેન બેંક, કૃત્રિમ ગર્ભાધાન સેવાની તાલીમ આપનાર સંસ્થાઓ, સેવાઓ આપનાર સંસ્થાઓ અને કૃત્રિમ ગર્ભાધાન ટેક્નિશિયનની નોંધણી ફરજિયાત કરવામાં આવશે. સાથે જ, સહાયિત પ્રજનન ટેક્નોલોજી સેવા આપનાર સંસ્થાઓ અને નિષ્ણાતોની પણ નોંધણી ફરજિયાત કરવામાં આવશે.

આ કાયદામાં ગો-વંશ સંવર્ધન માટેની વિવિધ પ્રવૃત્તિ અને પ્રક્રિયાનું નિયમન કરવા વિવિધ જોગવાઈ કરવામાં આવી છે. જેમાં વીર્યના ઉત્પાદન, પ્રક્રિયા, સંગ્રહ, વેચાણ અને વિતરણ જેવી પ્રવૃત્તિઓ, પશુ સંવર્ધનમાં સાંઢ-પાડાનો ઉપયોગ, કૃત્રિમ ગર્ભાધાન અને તેની સાથે સંકળાયેલી આનુષંગિક તમામ બાબતોનું નિયમન કરીને ગો-વંશ અને અન્ય પશુઓની ઓલાદ સુધારણા માટેની બાબતોને આવરી લેવામાં આવી છે. આ કાયદા હેઠળ કૃત્રિમ ગર્ભાધાન તથા કુદરતી સંવર્ધન માટે ઉપયોગમાં લેવાતા સાંઢ કે પાડાની પણ નોંધણી કરવામાં આવશે.

જેથી પશુ સંવર્ધન માટે ઉપયોગ થતા આવા સાંઢ-પાડાનું સઘન મોનીટરીંગ પણ કરવામાં આવશે. આ ઉપરાંત આનુવંશિક અને જાતીય રોગો ધરાવવા સાંઢ-પાડા દ્વારા સંવર્ધન પર પ્રતિબંધ લગાવીને પશુઓમાં આવા રોગોનો ફેલાવો અટકાવી શકાશે.

આ કાયદાના અમલથી ગો-વંશના સંવર્ધન માટે ઉત્તમ આનુવંશિક ગુણવત્તા ધરાવતા સાંઢ-પાડા ઉપલબ્ધ થશે. રાજ્યમાં ફ્રોજન સીમેન સ્ટેશન અને સીમેન બેંકના નિયંત્રણથી પશુપાલકોને ઉત્તમ ગુણવત્તાની ખાતરીવાળા સીમેન ડોઝ ઉપલબ્ધ થશે. સાથે જ, ગુણવત્તાયુક્ત કૃત્રિમ બીજદાન સેવાઓ પશુપાલકના ઘરઆંગણે ઉપલબ્ધ કરાવી શકાશે. જેના પરિણામે પશુઓમાં વ્યંધત્વનું પ્રમાણ ઘટશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ કાયદાના અમલીકરણથી ઈટિફ, એમ્બ્રીયો ટ્રાન્સફર અને સેક્સ્ડ સીમેન ટેક્નોલોજી જેવી પશુસંવર્ધન માટેની અદ્યતન ટેક્નોલોજીના વધુ કાર્યક્ષમ ઉપયોગથી રાજ્યના દૂધાળા પશુઓમાં ઓલાદ સુધારણા ઝડપી શક્ય બનશે. પશુ સંવર્ધનને લગતી તમામ બાબતોને કાયદા હેઠળ આવરી લેવાથી રાજ્યના પશુઓ અને પશુપાલકોને પશુ સંવર્ધનની વૈશ્વિક કક્ષાની સેવાઓ ઉપલબ્ધ થશે. સાથે જ પશુઓની ઉત્પાદકતામાં વધારો થતા પશુપાલકોની આર્થિક સમૃદ્ધિ પણ ચોક્કસ રીતે વધશે, તેવો મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ વિધેયકની ચર્ચામાં સહભાગી થઈ ધારાસભ્ય ડી. કે. સ્વામી, અમિત ચાવડા, કિરીટભાઈ પટેલ તેમજ ઉમેશ મકવાણાએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. ચર્ચના અંતે ગુજરાત ગો-વંશ સંવર્ધન (નિયમન) વિધેયક-૨૦૨૫ વિધાનસભા ગૃહમાં સર્વાનુમતે પસાર કરાયું હતું.

# હિન્દુ-જૈન ધર્મના તહેવારો નિમીતે કતલખાનાઓ બંધ રખાવો







## એનિમલ કેરના મિતલ ખેતાણીની મુખ્યમંત્રીને રજૂઆત

રાજકોટ મિરર, તા.૨૮

હિન્દુ/જૈન ધર્મના અતિ પવિત્ર તહેવારો કાલે૩૦, માર્ચ, રવિવારે ચેટીચાંદ, તા.૦૬, એપ્રિલ, રવીવારે રામનવમી, તા.૧૦, એપ્રિલ, ગુરુવારે મહાવીર જયંતી, તા. ૧૨, એપ્રિલ શનીવારે હનુમાન જયંતી, તા. ૧૪, એપ્રિલ, સોમવારે ડો. આંબેડકર જયંતી, ના રોજ હોય, દર વર્ષની જેમ આ વર્ષે પણ તમામ કતલખાના બંધ રાખવા, કતલ કરવા પર રોક લગાવી, માંસ મટન, ચીકન, મચ્છીના વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવવા, તેનું કડક અમલીકરણ કરાવવા અને આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરાવવા ગુજરાતનાં જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને મિતલ ખેતાણી દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

તંત્ર દ્વારા દર વર્ષ આ અંગેનું જાહેર નામું બહાર પાડવામાં આવે છે.

તો આ વર્ષે પણ ગુજરાતનાં દરેક જીલ્લા, શહેર અને ગામમાં સત્વરે જાહેરનામું બહાર પડાવી કાયદેસર અને ગેરકાયદેસર ચાલતા કતલખાનાઓ, માંસની દુકાનો પર પ્રતીબંધીત આદેશ બહાર પડાવવાની રજૂઆત ભારત સરકારની પશુપાલન અને ડેરી મંત્રાલયની નેશનલ એડવાઈઝરી કમિટી મેમ્બર મિતલ ખેતાણી અને એનીમલ હેલ્પલાઈનનાં પ્રતિક સંઘાણી, ઘનશ્યામભાઇ ઠક્કર, ધિરેન્દ્ર કાનાબાર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રમેશભાઇ ઠક્કર, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઇ ભરાડ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઈ મહેતા દ્વારા કરવામાં આવી છે.

# કુકાવાવના કોલડા (જંગર) ગામે ગીરગંગા ટ્રસ્ટ દ્વારા પાણીના જતન માટે યોજાઈ ગ્રામ સભા




રાજકોટ મિરર, તા.૨૮

અમરેલી જીલ્લાનું કુકાવાવ તાલુકાનું કોલડા(જંગર)ગામમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વરસાદી પાણીનું યોગ્ય જતન કરવા માટે ગ્રામસભાનું આયોજન કરવામાં આવેલ.

રમેશભાઈ ધાનાણી દ્વારા જણાવેલ કે, આજે આપણે કુવા અને બોર દ્વારા પાણી ખેચવાનું કામ કરી રહયા છીએ ખરેખર જેટલું પાણી ખેચી તેના કરતા વરસાદી મીઠું પાણી વધારે જમીનમાં ઉતારવું જોઈએ આજે દરિયામાં વિશાળ જથ્થામાં ખારું પાણી હોય તેમાંથી બાસ્પીભવન થઈ આકાશ માંથી સમગ્ર સૃષ્ટી પર વરસાદ સ્વરૂપે મીઠું પાણી આપણને મળી રહયું છે તો આ પાણીને અણમોલ ભેટ સ્વરૂપે મળેલી પ્રસાદી સમજીને દરેક લોકોએ ગીરગંગા પરિવાર ટ્રસ્ટના આ કાર્યમાં જોડાવવું જોઈએ. બાંભણીયા ગામના લાલભાઈ ભુવા દ્વારા જણાવેલ કે, ગામના ખેડૂત અને ઉદ્યોગપતિના સહયોગથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા બે ચેકડેમ બનાવેલ તેનાથી ખેડૂતોને ખુબજ ફાયદો થયેલ તો કુકાવાવ તાલુકાના ૪૫ ગામમાં વરસાદી અમૃત સમાન શુધ્ધ પાણી બચાવવા માટે આ કાર્યમાં જોડાઈ જાય તો પાણી પ્રશ્ન હલ થઈ જાય. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ કાર્ય કરી રહ્યું છે. સમગ્ર ગુજરાતમા સંપૂર્ણ લોકભાગીદારીથી પૃથ્વીના સમગ્ર જીવસૃષ્ટિના રક્ષણ માટે જમીનના તળમાં બોર-કુવામાં વરસાદી મીઠા પાણીનાં તળ ઊંચા લાવવા, માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા અનેક ચેકડેમ રીપેરીંગ ઊંચા, ઊંડા તેમજ નવા બનાવવામાં આવેલ છે. તથા અમારી સંસ્થા દ્વારા બોર રિચાર્જ ની પ્રક્રિયા પણ કરવામાં આવે છે. ઉપરાંત ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૧,૧૧૧ ચેકડેમ તૈયાર કરવા તથા ૧૧,૧૧૧ બોર રીચાર્જ કરવાનો સંકલ્પ કરવામાં આવેલ છે.

# સદભાવના વૃદ્ધાશ્રમને ૫ કરોડનું દાન આપતા દેવેન મહેતા



રાજકોટનાં જામનગર રોડ, રામપર ખાતે નિરાધાર, નિઃસંતાન વૃદ્ધો માટે વિશ્વના સૌથી મોટા ૭ બિલ્ડીંગ, ૧૧ માળ અને ૧૪૦૦ રૂમનો સદભાવના વૃદ્ધાશ્રમ બનવા જઈ રહ્યો છે. અંદાજિત રૂ.૩૦૦ કરોડના ખર્ચે વૃદ્ધાશ્રમ બનશે. નવા બની રહેલા વૃદ્ધાશ્રમનાં એક બિલ્ડીંગ માટેના મુખ્ય દાતા તરીકે રૂપિયા ૫ કરોડનું અનુદાન સેવાભાવી- માનવતાવાદી દંપતી દેવેનભાઈ જીતેન્દ્રભાઈ મહેતા, ડો. પુષ્પાબેન દેવેનભાઈ મહેતા પરિવારે આપ્યું છે.

અત્રે ઉલેખ્ખનીય છે કે, દેવેનભાઈ જીતેન્દ્રભાઈ મહેતા પરિવાર ભાવનગરની ખુબ જ વિખ્યાત પી.એન.આર સોસાયટી, કન્યાશાળા, ભાટિયા હોસ્પિટલ, નાથદ્વારામાં નિર્માણ થવા જઈ રહેલા વૃદ્ધાશ્રમ સહિતની અનેકવિધ સેવાકીય સંસ્થાઓ સાથે તન,મન,ધનથી સંકળાયેલા છે.

માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા દસ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરિતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભેર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરિયાતમંદ વૃધ્ધો/વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ લેવામાં આવતુ નથી. તમામ સુવિધાઓ વડિલોને વિનામુલ્યે આપવામાં આવે છે. વિશ્વનાં સૌથી મોટા વૃધ્ધાશ્રમમાં હાલ ૬૬૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જિંદગીની ટાઢક લઈ રહયાં છે તેમાંથી ૨૦૦ વડિલો પથારીવશ (ડાઈપર વાળા) છે.

૩૦ એકરની જગ્યામાં ૫૦૦૦ વડિલો સમાઈ શકે તે માટે ૧૪૦૦ રૂમવાળું સદભાવના વૃદ્ધાશ્રમ રામપર, જામનગર રોડ, રાજકોટ ખાતે બની રહ્યું છે. આ ૩૦ એકર જગ્યામાં સમગ્રપણે સાત મોટા ભવન બનશે, જેમાંથી એક ભવનનાં મુખ્ય દાતા તરીકે દેવેનભાઈ જીતેન્દ્રભાઈ મહેતા, ડો. પુષ્પાબેન દેવેનભાઈ મહેતા પરીવારે ૫ કરોડ રૂપીયાનું અનુદાન આપ્યું છે.

# કલેકટરના અધ્યક્ષસ્થાને માર્ગ સલામતીની યોજાઇ બેઠક

## ટ્રાફિક નિયંત્રણ,રસ્તા પરના ખાડાઓ અને દબાણો દૂર કરવા સહિતની કામગીરી તાકીદે પૂર્ણ કરવા તાકીદ

રાજકોટ, તા. ૨૮

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેક્ટરે જિલ્લામાં આવેલા હાઈવે સહિત રસ્તાઓ પર ટ્રાફિક નિયંત્રણ, રોડ-રસ્તા પરના ખાડાઓ અને ગેરકાયદેસર દબાણો દૂર કરવા અને તાકીદે કામગીરી પૂર્ણ કરવા અધિકારીશ્રીઓને સુચના આપી હતી. તેમજ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, નેશનલ હાઈવે ઓથોરિટી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ)/(પંચાયત) સહિતના સંબંધિત વિભાગોએ કરેલી કામગીરીની સમીક્ષા કરી હતી. આ સાથે જિલ્લામાં પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા માર્ગ સલામતી જાગૃતિની કામગીરી-ઝુંબેશની વિગતો પણ રજૂ કરવામાં આવી હતી. જેમાં જિલ્લામાં માર્ગ સલામતીને લગતા વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. ગોંડલ ચોકડીથી ગોંડલ હાઈવે રોડ, ગોંડલ ચોકડીથી ગ્રીનલેન્ડ ચોકડી રોડ, બેડી ચોકડીથી મોરબી રોડ, રાજકોટ-ભાવનગર હાઈવે રોડ, રાજકોટ-બામણબોર હાઈવે રોડ પર કરાયેલી સ્થળ મુલાકાત દરમિયાન હાઈ માસ્ક લાઈટ, ગેરકાયદેસર ગેપ ઈન મિડિયન દૂર કરવા, લેન ડ્રાઈવિંગ બોર્ડ મૂકવા, સ્ટોપ સાઈન, બોમ્પ, સ્પીડ લિમિટ સહિતના બોર્ડ મૂકવા, હાઈવે પર સતત પેટ્રોલિંગ કરવા સહિતની કામગીરી અને સુધારાત્મક પગલાંઓ લેવા કલેકટરશ્રીએ અધિકારીશ્રીઓને માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી. આ બેઠકમાં આર.ટી. અધિકારી કેતન ખપેડ, રાજકોટ ગ્રામ્ય ડી.વાય.એસ.પી. એસ.એસ. રઘુવંશી, ૧૦૮ના ચેતન ગાધે, સહીત એન.એચ. એ.આઈ., આર.એન્ડ બી. ગ્રામ્ય, નેશનલ ડિવિઝન સ્ટેટ હાઈવે, રૂડા, શિક્ષણ, આરોગ્ય, સહિતના રોડ સેફટી કમિટીના મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતાં.

## જમીન મહેસૂલ બીલ વિધાનસભામાં પસાર

# બિલમાં સુધારા થવાથી ખર્ચઘટનના પ્રશ્નો, લીટીગેશન અને વહીવટી ગૂંચવાણો ઘટશે

## રાજયમાં બિનખેતી કરાવ્યા વિનાની જમીન પર મંજૂરી વિના બાંધકામ-મિલકતના હક્કો આપી, વિશેષ આર્થિક લાભ આપવાના હેતુથી બિલમાં સુધારો કરાયોઃ બલવંતસિંહ રાજપૂત

ગાંધીનગર, તા. ૨૮

વિધાનસભા ગૃહ ખાતે મંત્રી બલવંતસિંહ રાજપૂતે ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૨૫ બિલ રજૂ કર્યું હતું. આ સુધારા વિધેયક રજૂ કરતાં મંત્રી રાજપૂતે જણાવ્યું કે રાજ્યના શહેરોની આસપાસના વિસ્તારોમાં વસતા નાગરિકો સરકારના જુદા જુદા કાયદા હેઠળ શરતભંગ થતો હોવાથી ચોક્કસ અવેજ ચૂકવીને મકાન કે સોસાયટીઓમાં વસવાટ કરી રહ્યા છે. આવાં બાંધકામોને નિયમિત કરવા માટે પરિવર્તનીય વિસ્તાર તરીકે જાહેર કરી તેને વિનિયમિત કરી આપવા અને તેને કાયદેસરતા આપવાના ઉમદા હેતુ સાથે આ સુધારો કરવામાં આવનાર છે.

જે-તે સમયે કાયદાની અજ્ઞાનતાના કારણે જરૂરી હોય તેવી કાયદાકીય મંજૂરી લીધા વિના રહેણાકનાં બાંધકામો કરવામાં આવ્યાં હતાં. જેનુ યોગ્ય અવેજ આપીને મકાનો ખરીદવામાં આવ્યાં અને રહેણાકના હેતુ માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. આથી આવા મકાનોમાં રહેતા નાગરિકોના રહેઠાણને કાયદેસરતા આપવાની જરૂરિયાત હતી. આવા વિસ્તારોને પરિવર્તનીય તરીકે જાહેર કરી વિનિયમિત કરવા અમલમાં આવ્યો છે. આ અધિનિયમના પ્રકરણ-૯(ક)ની કલમ-૧૨૫(છ)(૧)ની જોગવાઇઓમાં વખતોવખત બદલાયેલા સંજોગો, વર્તમાન પરિસ્થિતિ તેમજ આ કાયદાનો વધુ સારી રીતે અમલ થાય, તે માટે તેમજ પારદર્શી અને લોકાભિમુખ વહીવટને વધુ સુદઢ બનાવવાના હેતુથી રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

આ કાયદા મુજબ ગણોત ધારાની કલમ-૪૩, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ-૧૯૫૮ની કલમ-૫૭ તથા જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૫ અને કલમ-૬૮ વાળી જમીનો ઉપર સરકારની પૂર્વમંજૂરી વગર ગેરકાયદે થયેલા બાંધકામવાળી મિલકતોને પૂરક સેટલમેન્ટ તરીકે મહેસૂલી રેકર્ડ પર લાવવા તથા આ મિલકતોના હિતધારકોને તેમની મિલકત કે જે લાંબા સમયગાળાની હોય (૨૦૦૫ પહેલાંની) તેવી મિલકતના હક્કો આપી શકાય તેવા આશયથી આ કાયદો ૨૦૧૭માં લાવવામાં આવ્યો હતો. હાલ આ કાયદાનો લાભ ગણોત ધારા-૧૯૪૮ની કલમ-૪૩, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ-૧૯૫૮ની કલમ-૫૭ તથા જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૬૫ અને કલમ-૬૮ વાળી જમીનોમાં આવેલી મિલકતોને જ લાભ મળે છે, પરંતુ આ બિલનો લાભ વધુ ને વધુ લોકો સુધી પહોંચાડી શકાય અને તેમનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકાય તેવા આશયથી કાયદામાં સુધારા માટે આ બિલ રજૂ કરવામાં આવ્યું છે.

અત્યાર સુધી કુલ ૨૩,૦૦૦થી પણ વધુ મિલ્કતો આ સુધારા અધિનિયમથી નિયમિત કરી શકાય છે તેમજ અંદાજે રૂ. ૩૮૧ કરોડ જેટલી માંડવાળથી અને અન્ય સરકારી ફીની વસૂલાત થઇ શકે તેમ હોવાનું મંત્રીએ ઉમેર્યું હતું. આ કાયદામાં સમય પ્રમાણે કેટલાક સુધારા લાવવા જરૂરી જણાતા ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ના પ્રકરણ-૯(ક)ની કલમ-૧૨૫(છ)(૧)ની જોગવાઈને વધુ અસરકારક બનાવવાના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા સૂચિત સુધારા બિલ ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૨૫ રજૂ કરવામાં આવ્યું છે.

જ્યારે ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ-૧૯૪૮ની કલમ-૮૪(ગ) કારણ કે ગણોતધારાની કલમ ૪૩ના શરતભંગ બદલ થતી પરિણામ સ્વરૂપની કાર્યવાહી છે. આ જ પ્રકારે, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ-૧૯૫૮ની કલમ-૧૨૨ કારણ કે તે કલમ-૫૭ના શરતભંગ બદલ પરિણામસ્વરૂપે થતી કાર્યવાહી છે. વધુમાં, તેમણે ઉમેર્યું કે જેમણે સરકારી જમીન પચાવી હોય, સરકારી ખરાબાની જમીન હોય કે સ્થાનિક સત્તા મંડળની જમીન પચાવી લીધી હોય અને તેના પર મકાન બાંધીને રહેતા હોય તેવા લોકોને આ વિધેયકથી થતા સુધારાનો લાભ મળવાપાત્ર નથી. એટલે કે સરકાર જે ઉદારતાથી આ વિધેયક લઇને આવી છે તે ઉદારતાનો ગેરલાભ લેવાનો કોઇનો પણ પ્રયત્ન ચલાવી લઇ શકાય નહીં તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. સરકારની આ ઉદારતા એવા લોકો માટે છે કે જેમણે પોતાની જમીન પર બાંધકામ કર્યુ છે, પણ જરૂરી પરવાનગીઓ લેવાનું કોઇને કોઇ કારણોસર ચૂકી ગયા છે. પોતાની જમીનના પ્લોટ પાડીને કોઇએ વેચ્યા, તેના પર પ્લોટ લઇને મકાન બનાવ્યુ. એ વ્યક્તિને ખ્યાલ નથી કે વેચનારે બિનખેતીની પરવાનગી લીધી નથી કે બીજી નિયમ અનુસારની પરવાનગીઓ લીધી નથી. અજાણતા શરત ભંગ થયો છે.

# છરીની અણીએ લુંટેલી કાર સાથે બેલડી દબોચાઈ

## પરાપીપળિયા વિસ્તારમાંથી બંનેને ઝડપી લેતી માલવિયાનગર પોલીસ



રાજકોટ મિરર તા.૨૮

મવડી મેઈન રોડપર બે શખ્શોએ છરી બતાવી મારી જાનથી મારી નાખવાની ધમકી આપી લુંટાયેલી થાર કારના ગુન્હાનો ભેદ ઉકેલી બે શખ્સોને કાર સાથે પકડી પાડી માલવિયાનગર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મળતી વિગતો મુજબ શહેરમાં ગત તા.૨૭/૦૩/૨૦૨૫ ના બપોરના એક વાગ્યાના આસપાસ રાજકોટ મવડી મેઇન રોડ મોમાઈ પાન પાસે ધ્રુવેનસિંહ જેઠવા અને તેના મિત્ર ધવલભાઈ મુકેશભાઈ સરધારાની કાળા કલરની થાર કાર નં જીજે ૦૩ એનએફ ૬૧૭૭ વાળી લઈને જતા હતા. ત્યારે બે અજાણ્યા શખ્શોએ સફેદ કલરની આઈ-૨૦ કારમા આવી ફરીયાદીની થાર કારની આડે ઉભી રાખી ધ્રુવેનસિંહ જેઠવાને નીચે ઉતારી ગાળો આપી છરી બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી થાર કાર નં. જીજે ૦૩ એનએફ ૬૧૭૭ વાળી કિંમત આશરે રૂ.૭,૦૦,૦૦૦/- ની લુટ કરી ભાગી જઈ ગુન્હો કરેલ હોય જે લુંટનો બનાવ બનવા પામેલ હતો જે બાબતે માલવીયાનગર પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાઈ હતી.તે અંતર્ગત પી.આઈ. જે.આર. દેસાઇના માર્ગદર્શન હેઠળ માલવીયાનગર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ પી.એસ.આઈ ડી.એસ.ગજેરા, કર્મચારીઓ આરોપીઓને શોધી કાઢવા તપાસમાં હતા. જે જગ્યાએ લુંટનો બનાવ બનેલ તે જગ્યાએ જઇ બનાવ બાબતે બાતમી મેળવી આ શખ્શો જે જગ્યાએ થાર કાર લઇ ભાગેલ હોય તે તમામ જગ્યાનો રૂટ બનાવી જે બાદ રૂટ વાળી જગ્યાની આસપાસની ખાનગી જગ્યાઓ પર લાગેલા સી.સી.ટી.વી કેમેરા તથા આઇ-વે પ્રોજેકટ અંર્તગત લગાવવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરા ચેક કરવાની તેમજ ટેકનીકલ રાહે હ્યુમન સોર્સથી માહિતી મેળવાની કામગીરી ચાલુ હતી. તે દરમ્યાન માલવીયાનગર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ ટીમના હેડ કોન્સ અજયભાઈ વિક્રમા, કોન્સ. ભાવેશભાઇ ગઢવી, મનીષભાઇ સોઢીયા, જયદિપસિંહ ભટ્ટી નાઓને સયુંકત રીતે ખાનગી રાહે બાતમી મળી હતી કે આજે બપોરના એક વાગ્યાની આસપાસ રાજકોટ મવડી મેઇન રોડ મોમાઈ પાન પાસે થાર જીજે ૦૩ એનએફ ૬૧૭૭ વાળી લુંટ કરીને બે અજાણ્યા શખ્શોએ લુંટ ચલાવી હતી તે થાર કાર લઇ હાલ કાંગશીયાળી મેઇન રોડ તપન હાઇટર્સ સામે ખુલ્લા મેદાનમાં ઉભી છે.જે આધારે હકિકત વાળી જગ્યા કાંગશીયાળી મેઇન રોડ તપન હાઇટર્સ સામે ખુલ્લા મેદાનમાં જઈ મવડી મેઇન રોડ શ્રીનાથજી સોસાયટી શેરી ન ૨ વિશ્વેશ્વર મંદિર સામે રહેતો મિત ઉર્ફે ભાજી રમેશભાઈ ખગ્રામ અને વિશ્વેશ્વર મંદિર પાછળ મારૂતીનંદનગર શેરી નંબર ૨ બ્લોક નં.૫૦ ‘‘પ્રિતેશ મકાનમાં રહેતો પ્રિતેશ ઉર્ફે દિકુ અલ્પેશભાઈ ગોટેચાને પકડી કાર સહીત રૂ.૭,૦૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહિ કરી અનડીટેકટ લુંટના ગુન્હો ડીટેઇક કરવામાં આવેલ છે તેમજ શખ્શો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહિ કરવામાં આવી હતી.આ ઉપરાંત મિત ઉર્ફે ભાજી ખગ્રામના આગાઉ માલવિયાનગર પોલીસમાથકમાં ૫ ગુન્હા,આજીડેમ પોલીસ મથકમાં ૨ ગુન્હા નોંધાયેલા છે અને પ્રિતેશ ઉર્ફે દિકુ ગોટેચાના માલવિયાપોલીસ મથકમાં ૯ ગુન્હા,રાજકોટ તાલુકા પોલીસ મથકમાં, પ્ર.નગર પોલીસ મથકમાં, કાલાવડ પોલીસ મથક, એ.ડીવીજન પોલીસ મથક અને ૨૦૨૩માં એ.ડીવીજન પોલીસ મથક અને માલવિયા પોલીસ મથક દ્વારા પાસાની દરખાસ્તો કરવામાં આવી હતી. આ કામગીરીમાં પી.આઈ. જે.આર.દેસાઇ, સર્વેલન્સ સ્ટાફના પી.એસ.આઈ ડી.એસ.ગજેરા, એ.એસ.આઇ હિરેનભાઈ પરમાર, હેડ.કોન્સ. અજયભાઇ વિક્રમા, જયદેવસિંહ પરમાર, દિનેશભાઈ બગડા, કોન્સ. ભાવેશભાઈ ગઢવી, મનીષભાઈ સોઢીયા, જયદિપસિંહ ભટ્ટી, મયુરદાન બાટી, અમરદિપસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.